વિશેષાંક

ISSN-0971-8397

# યોજના

નવેમ્બર - ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૩૦



## સ્વચ્છતાઃ વિચારથી વાસ્તવિક્તા

લોકોની ચળવળ
અરૂણ જેટલી

સ્વચ્છ ભારતના માર્ગ પર
નીતિન ગડકરી

સ્વચ્છતાઃ પરિવર્તનનું બળ
ધર્મેન્દ્ર પ્રધાન

ફોકસ લેખ
સ્વચ્છ અને સ્વસ્થ ગામડાઓ તરફ
નરેન્દ્ર સિંહ તોમર

ગુજરાતને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાની ઝુંબેશ
મોના ખંધાર

ખાસ લેખ
સ્વાસ્થ્યવર્ધક ક્રાંતિઃ વ્યાપક સ્તર પર અમલ
પરમેશ્વરન ઐયર

સ્વચ્છતાઃ શુદ્ધિકરણની પ્રક્રિયા
સુદર્શન ઐયંગર

સ્વરાજની સીડી
ડી જહોન ચેલ્લાદુરાઈ

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદ




**પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ આયોજિત મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદના ઉદ્‌ઘાટનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રકાશનનું અનાવરણ કર્યું હતું. પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી, મકાન અને શહેરી બાબતોના મંત્રાલય (I/C)ના રાજ્ય કક્ષાના મંત્રી હરદીપ સિંહ પુરી, પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી રમેશ ચંદપ્પા જિગાજિનાગી તસવીરમાં જોવા મળે છે.**

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઊજવણીની શરૂઆતના ભાગરૂપે પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં સ્વચ્છતા અંગે ચાર દિવસની મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગાનુયોગ આ સ્વચ્છ ભારત મિશનની શરૂઆતનું ચોથું વર્ષ છે. આ પરિષદમાં ૬૮ દેશોમાંથી ૧૬૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ હાજર હતા. ૩૫૦ મહાનુભાવોમાંથી ૫૩ સ્વચ્છતા અંગેના આંતરરાષ્ટ્રીય મંત્રીઓ હતા.

આ મહાસંમેલનનું ઉદ્‌ઘાટન ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમના ઉદ્‌ઘાટન સંબોધનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે ખુલ્લામાં શૌચથી મુક્ત ભારત એક એવી સૌથી શ્રેષ્ઠ ભેટ છે, જે આપણે મહાત્મા ગાંધીને તેમની ૧૫૦મી જન્મ જયંતિએ આપી શકીએ તેમ છીએ.

આ પરિષદમાં ઉદ્‌ઘાટન સત્ર બાદ શ્રેણીબદ્ધ સમાંતર તકનિકી સત્રોનું આયોજન કરાયું હતું, જેમાં શૌચ-સ્વચ્છતા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દાઓમાં બધા લોકો માટે કામગીરી અને ટેકનોલોજી તથા નવીનતા તરીકે વ્યૂહાત્મક ભાગીદારી, શહેરી શૌચાલય અને મળ નિકાલના સંચાલન, મહિલાઓ અને સમાવિષ્ટતા અને ODF કોમ્યુનિટિઝના શૌચાલયની સમાવેશક ટકાઉ ક્ષમતા વગેરેનો સમાવેશ કરાયો હતો.

મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદના બીજા દિવસે સ્વચ્છતા મંત્રીઓ સહિત ૧૧૬ વિદેશી પ્રતિનિધિઓએ 'ગાંધી ટ્રેલ' પર મહાત્મા ગાંધીના જીવન અને કાર્યો સંબંધિત કેટલાક પસંદગીના સ્થળોની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિઓએ સૌપ્રથમ પુંસરી ગામની મુલાકાત લીધી હતી, જે સ્વચ્છ ભારત મિશન (SBM)ની સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે. ૫,૧૦૦ લોકોની વસ્તી ધરાવતા ગામના પ્રત્યેક ઘરમાં પાણીની સુવિધા સાથે કાર્યાત્મક શૌચાલય છે. આ ગામને ખુલ્લામાં શૌચ મુક્ત જાહેર કરાયું હોવાથી એક પણ બાળકે શાળા છોડી હોય તેવી ઘટના અહીં જોવા મળી નથી. પ્રતિનિધિ મંડળે ભારતમાં ઉપયોગમાં લેવાતી ટ્વીન પીટ ટોયલેટ ટેક્નોલોજી જોવામાં રસ પડ્યો હતો. આ પદ્ધતિ ઓછી ખર્ચાળ, ઈકો-ફ્રેન્ડલી અને ટોયલેટની વપરાશમાં સરળ ટેક્નોલોજી છે તથા ગ્રામીણ ભારતના મોટાભાગના વિસ્તારો માટે તે યોગ્ય છે.

મુલાકાતીઓએ સ્થાનિક સ્વાસ્થ્ય સુવિધાઓ જોઈ અને એ બાબતની પણ નોંધ લીધી કે અહીં નવજાત અને માતાનો મૃત્યુદર શૂન્ય છે. તેમણે શાળાઓ, આંગણવાડીની મુલાકાત લીધી અને પોતાના ઘરોમાં શૌચાલય બંધાવનારા ગ્રામવાસીઓ સાથે શૌચાલય અંગે વાતચીત પણ કરી હતી. તેમણે ત્રણ છોડ વાવ્યા હતા અને ગામમાં SLWM કામના ભાગરૂપે માઈક્રો કોમ્પોસ્ટ પીટ અને ડ્રેનેજની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળે મહાત્મા મંદિરમાં દાંડી કુટિરની મુલાકાત લીધી હતી અને અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીને અંજલી અર્પણ કરી હતી.

વેબસાઈટ : mgisc.gov.in, ટ્વીટર : @SwachhBharat, ફેસબુક : facebook.com /sbmgramin
સોશિયલ મીડિયા ટેગ્સ : #SwachhBharat, #MGISC

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

નવેમ્બર-૨૦૧૮

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૬ અંક : ૮ સળંગ અંક : ૮૧૫ કિંમત: ₹ ૩૦

| | | |
|---|---|---|
| મુખ્ય તંત્રી | : | દીપિકા કચ્છલ |
| વરિષ્ઠ તંત્રી | : | નવલસંગ પરમાર |
| તંત્રી | : | જે. એસ. પટેલ |

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૩૦-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/C. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે
**"yojanagujarati@gmail.com"**
પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :

(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana

(2) http://yojana.gov.in/

(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps, flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર.
C/o પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, બીજો માળ, અખંડાનંદ હોલ, ભદ્ર, મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક, વિક્ટોરીયા ગાર્ડનની સામે, અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯.
E-mail : yojanagujarati@gmail.com

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૨ થી સાંજના ૪ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ પર મળશે.
કુલ પાના : ૬૮

## વિષયસૂચિ

**મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદ** ............ ૨

**લોકોની ચળવળ**
અરૂણ જેટલી ............ ૫

**સ્વચ્છ ભારતના માર્ગ પર**
નીતિન ગડકરી ............ ૮

**સ્વચ્છતા : પરિવર્તનુ બળ**
ધર્મેન્દ્ર પ્રધાન ............ ૧૧

**સ્વચ્છ અને સ્વસ્થ ગામડાઓ તરફ**
નરેન્દ્ર સિંહ તોમર ............ ૧૫

**સ્વાસ્થ્યવર્ધક ક્રાંતિ : વ્યાપક સ્તર પર અમલ**
પરમેશ્વરન ઐયર ............ ૨૦

**આરોગ્યને સુધારવા માટે પ્રોત્સાહન**
પ્રીતિ સુદાન ............ ૨૪

**મહિલાઓ અને બાળકો માટે સ્વચ્છ અને સલામત વાતાવરણનું નિર્માણ**
રાકેશ શ્રીવાસ્તવ ............ ૨૮

**ગુજરાતને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાની ઝુંબેશ**
મોના ખંધાર ............ ૩૨

**સ્વચ્છતાઃ સૌ કોઈની જવાબદારી અને ફરજ**
અક્ષય રાઉત ............ ૩૯

**સ્વચ્છતા : શુદ્ધિકરણની પ્રક્રિયા**
સુદર્શન ઐયંગર ............ ૪૫

**સ્વરાજની સીડી**
ડી જહોન ચેલ્લાદુરાઈ ............ ૫૦

**કેન્દ્રીય વિદ્યાલય સંગઠનની સ્વચ્છતા યાત્રા**
સંતોષ કુમાર મલ ............ ૫૪

**ભારતીય રેલ્વેમાં સ્વચ્છતામાં સુધારા**
આલોક કુમાર તિવારી ............ ૫૯

**'સ્વચ્છતા હી સેવા' (સ્વચ્છતા જ સેવા)** ............ ૬૪

**મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદના સમાપન સમારંભને પ્રધાનમંત્રીનું સંબોધન** ............ ૬૭

ISSN-0971-8397

## તંત્રીલેખ

## યોજના

# સ્વચ્છતા જીવન જીવવાનો એક માર્ગ, જીવનપથ



સ્વચ્છતા અથવા સફાઈ માટેનો આગ્રહ દરેક વ્યક્તિના જીવનને સ્પર્શી જતો હોય છે. સવારે દાંત ઉપર બ્રશ કરવાથી માંડીને સ્નાન કરવાની ક્રિયા તથા દરેક વખતે ભોજન લેતાં પહેલાં અને પછી હાથ ધોવા એ આપણાં રોજબરોજના જીવનનો આવશ્યક ભાગ બની ગયો છે. સ્વચ્છ વ્યક્તિ એટલે એવી વ્યક્તિ નહી કે જે ગંદકીથી દૂર ભાગે છે, પરંતુ એવી વ્યક્તિ કે જે વાતાવરણને શુદ્ધ કરવા માટે સમય કાઢે અને પ્રયાસ પણ કરે છે. મોટા ભાગના લોકો પોતાના ઘરને સ્વચ્છ રાખે છે, પરંતુ આસપાસનુ વાતાવરણ ગંદુ કરવામાં સંકોચ રાખતા નથી. પોતાના ઘરનો કચરો ગલીમાં ફેંકવાથી માંડીને શેરીઓમાં થૂંકતા પણ રહે છે. અસ્વચ્છ માણસ પોતાની આસપાસનું વાતાવરણ એટલું બગાડી મૂકે છે કે તેની કોઈ સીમા નથી.

સ્વચ્છ હિંદુસ્તાન માટેની હાકલ કરવામાં રાષ્ટ્રપિતાએ કંઈક આવો જ અનુરોધ કર્યો હતો. ''સ્વચ્છતા એ પ્રભુતાની નિકટ છે'' એવી મહાત્મા ગાંધીની વાત એ માત્ર એક વિચાર જ નહી, પણ જીવન જીવવાનો માર્ગ છે. ગાંધીજીએ સ્વચ્છતાનો માત્ર બોધ આપ્યો ન હતો, પણ જાતે સ્વચ્છતાનું પાલન પણ કર્યું હતું. તેમના સ્વચ્છતાના અભિગમમાં માત્ર શરીરની શુદ્ધિ જ નહી, આત્માની શુદ્ધિનો પણ સમાવેશ થતો હતો. તેમણે એવું ભારત ઈચ્છ્યું હતું કે જે ખુલ્લામાં શૌચ જવાથી મુક્ત તો હોય જ, સાથે સાથે શરીર અને આત્મા પણ શુદ્ધ હોય.

છેલ્લાં થોડાંક વર્ષમાં ભારતે સતત આર્થિક વિકાસ હાંસલ કર્યો છે, પરંતુ આરોગ્યપ્રદ વાતાવરણ અને સ્વચ્છતાની નબળી સ્થિતિને કારણે હજુ પણ મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે. અપૂરતી સ્વચ્છતાને કારણે તથા આરોગ્ય અને સ્વચ્છતા અંગે નબળી સ્થિતિને કારણે નબળા આરોગ્ય, મૃત્યુ, શિક્ષણનો અભાવ અને એકંદર ઉત્પાદકતામાં નુકસાન થવાને કારણે દેશના આર્થિક વિકાસ અને લોક કલ્યાણ બાબતે ગંભીર સમસ્યાઓ ઉભી થાય છે. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર ભારત જીડીપીમાં આ કારણથી ૬.૪% ની ખોટ ભોગવે છે. આ બાબતને ધ્યાનમાં લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તા.૧૫ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કર્યો હતો અને મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીનું વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૯ સુધીમાં તેમને યોગ્ય શ્રધ્ધાંજલિ તરીકે સ્વચ્છ ભારતનાં નિર્માણ તથા દેશને ખુલ્લામાં હાજતથી મુક્ત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો.

પીવાનાં પાણી અને સ્વચ્છતા મંત્રાલય આ કાર્યક્રમના અમલીકરણની મુખ્ય એજન્સી છે. આ મિશનના ઘટકો હવે દરેક વ્યક્તિની કામગીરી બની ગયા છે. રાજકીય ઈચ્છાશક્તિ, જાહેર નીતિ અને લોકોની સામેલગીરીને કારણે સ્વચ્છ ભારત અભિયાન લોકોની ચળવળ બની ગયું છે. ગ્રામ પંચાયતો દ્વારા સ્વચ્છતા પખવાડા, રેલીઓ અને જાગૃતિ ઝુંબેશ, મોટા પાયે ટોયલેટનું નિર્માણ, ઘન કચરાની નિકાલ વ્યવસ્થા, સ્વચ્છ સર્વેક્ષણ દ્વારા મોનિટરીગ તથા કચરામુક્ત શહેરોને સ્ટાર રેટીગ આપવાને કારણે ક્રમશઃ વર્તણુંકમાં પરિવર્તન આવી રહ્યું છે.

વિદ્યાર્થીઓ, સ્વચ્છતાગ્રહિઓ, સરપંચો, જીલ્લા કલેક્ટરો, નાગરિક સમાજ અને સમાચાર માધ્યમોએ 'સ્વચ્છતા હી સેવા' નો સંદેશો જનસમુદાય સુધી પહોંચાડયો છે. ટોયલેટનો ઉપયોગ લોકપ્રિય બનાવવા માટે સ્વચ્છતાના એમ્બેસેડર જેવા અમિતાભ બચ્ચન અને સચિન તેંદુલકરને ઝુંબેશમાં સામેલ કરાયા છે.

આરોગ્ય, મહિલા અને બાળકો જેવા મુખ્ય મંત્રાલયો પોતાના ક્ષેત્રમાં આવતા ચોક્કસ મુદ્દાઓ હલ કરવા માટે પ્રયાસો કરી રહ્યાં છે. ગ્રામીણ વિસ્તારોમાં 'કાયા કલ્પ' અને 'વિશ્વાસ' જેવી પહેલ દ્વારા આરોગ્ય, પાણી અને સ્વચ્છતા ઝુંબેશનો કાર્યક્રમ સમાન પ્રકારે હાથ ધરાયો છે. 'બાળ સ્વચ્છતા મિશન', ટોયલેટસનું બાંધકામ, આંગણવાડીઓ અને બાળ સંભાળની સંસ્થાઓમાં પીવાના શુધ્ધ પાણીની જોગવાઈઓ દ્વારા આ મિશનને આગળ ધપાવવામાં બળ પ્રાપ્ત થયું છે.

કોઈપણ પ્રકારનું પરિવર્તન લાવવા માટે યુવાનો મુખ્ય સંદેશાવાહક તરીકેની ફરજ બજાવતા હોય છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલયે તેની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સ્વચ્છતાની સંસ્કૃતિના વિકાસ માટે જાતે આ મુદ્દો ઉઠાવ્યો છે. સમાન પ્રકારે રેલવે, પેટ્રોલિયમ, આવાસ અને શહેરી બાબતો જેવા મંત્રાલયોએ ટ્રેઈનોના નેટવર્ક, રેલવે સ્ટેશન્સ, પેટ્રોલ પંપ્સ, સ્માર્ટ સીટીઝ અને ગામો મારફતે પાણી પુરવઠા, સલામત રીતે નિકાલ અને દૂષિત પાણીના શુધ્ધિકરણ તથા માળખાકીય સુવિધાઓની માવજત બાબતે મિશન મોડમાં આવીને કાર્યવાહિ હાથ ધરી છે. અને આ મિશન 'સ્વચ્છતા' એક જીવન પથ તરીકેના માર્ગે આગળ ધપી રહ્યું છે.

# લોકોની ચળવળ

**અરૂણ જેટલી**



> જ્યારે ભારતના પ્રધાનમંત્રીએ ૨૦૧૪ના સ્વતંત્રતા દિન પ્રસંગે તેમના પ્રવચનમાં સ્વચ્છતા ઝુંબેશની જાહેરાત કરી ત્યારે કેટલાક લોકો એવુ માનતા હતા કે આ યોજના તસવીરો પડાવવાની તક બની રહેશે અને તેમા ખૂબ ઓછી પ્રગતિ થશે. ભારતની આઝાદીના ઈતિહાસમાં આ એક એવી યોજના છે કે જેને ભારતના લોકોએ સરકાર પાસેથી છીનવી લીધી છે. અને તેનું 'લોકોની ચળવળ'માં રૂપાંતર કરી દીધુ છે.

આ પહેલાં ભૂતકાળમાં સરકારી યોજનાઓ બાબતે સામાન્યપણે અવિશ્વાસ રહેતો હતો. આ માટેનું મુખ્ય કારણ એ રહેતુ હતું કે લાભ લક્ષિતો સુધી પહોંચતા ન હતા અથવા તો નિર્ધારિત લક્ષ્યાંકો ક્યારેય હાંસલ થતા ન હતા. આમ છતાં કેટલીક યોજનાઓ અનોંખી હોય છે. એવી દલીલ કરી શકાય કે સ્વચ્છ ભારત અભિયાન એ એક અત્યંત સફળ યોજના રહી છે.

**સ્વચ્છ ભારત અભિયાન**

ભારતના વડાપ્રધાને વર્ષ ૨૦૧૪ના સ્વાતંત્ર્ય દિને જ્યારે સ્વચ્છતા ઝૂંબેશની જાહેરાત કરી ત્યારે કેટલાક લોકો માનતા હતા કે તેમાં ખૂબ ઓછી પ્રગતિ થશે અને આ યોજના ફોટો પડાવવાની તક બની રહેશે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં આ એક એવી યોજના છે કે જેને ભારતના લોકોએ સરકાર પાસેથી છીનવી લીધી છે અને તેનુ 'લોકોની ચળવળ' માં રૂપાંતર કર્યું છે. જ્યારે આ યોજનાની જાહેરાત કરવામાં આવી ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાનો વ્યાપ માત્ર ૩૯% હતો.

વડાપ્રધાને એવા લક્ષ્યાંકની જાહેરાત કરી હતી કે જ્યારે આપણે વર્ષ ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવી રહ્યાં હોઈએ ત્યાં સુધીમાં ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત થઈ જવુ જોઈએ. આ પ્રતિકાત્મકતા ખૂબ જ યોગ્ય હતી, કારણ કે ગાંધીજીએ સ્વચ્છતા પર ખૂબ જ ભાર મૂક્યો હતો. આપણે આ યોજનાનાં લગભગ ચાર વર્ષ પૂરાં કરી ચુક્યા છીએ ત્યારે ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતાનો વ્યાપ ૩૯% થી વધીને ૯૨% ની અદ્‌ભુત સ્થિતિએ પહોંચ્યો છે. આટલો લક્ષ્યાંક હાંસલ કરવાનુ આસાન ન હતું. આ બાબતે લોકોની વર્તણૂકમાં ફેરફાર કરવો જરૂરી બનતો હતો. ગ્રામીણ વિસ્તારના ઘણાં લોકો શરૂઆતમાં ટોયલેટનો ઉપયોગ કરતાં ખંચકાતા હતા.

પરંતુ આ 'લોકોની ચળવળ' હાલમાં 'મહિલાઓની ચળવળ' માં રૂપાંતર પામી છે અને ગ્રામ વિસ્તારની મહિલાઓ એમાં મહત્વની ભૂમિકા નિભાવી રહી છે. આપણે જાણીએ છીએ કે મહિલાઓના ગૌરવ માટે ટોયલેટનું એકાંત જરૂરી હતું. આમ છતાં ભારતની મહિલાઓએ માત્ર આ કાર્યક્રમના લાભાર્થી તરીકેની તેમની ભૂમિકા કરતાં એક પગલું આગળ વધીને તેના આગેવાન તરીકે આગળ આવી છે.

દાખલા તરીકે ટોયલેટના બાંધકામનું

> પ્રધાનમંત્રીએ એક લક્ષ્યાંકની જાહેરાત કરી કે વર્ષ ૨૦૧૯માં આપણે જ્યારે મહાત્માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવતા હોઈશુ ત્યારે ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત બનશે. આ પ્રતિકાત્મકતા યોગ્ય હતી કારણ કે ગાંધીજી સ્વચ્છતા ઉપર ખૂબ જ ભાર મુકતા હતા.




કાર્ય એ અત્યાર સુધી હંમેશાં પુરૂષોનુ કાર્યક્ષેત્ર ગણવામાં આવતું હતું. ઘણાં રાજ્યોમાં હજારો ગ્રામ્ય મહિલાઓને કડિયા કામની તાલીમ આપવામાં આવી છે. સ્વ સહાય જૂથોની મદદ વડે તે એક મુખ્ય બળ બનીને રાજ્યને ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કરવાની કામગીરીમાં પ્રેરક બળ બનીને આગળ વધી રહી છે. ટોયલેટના બાંધકામ દ્વારા મહિલાઓ રોજી- રોટી કમાતી થઈ છે અને પરિવારની આવકમાં ઉમેરો કર્યો છે.

ટોયલેટનો ઉપયોગ કરવાથી ઊભી થતી સ્વચ્છતા, રોગચાળો રોકવાની આરોગ્યલક્ષી યોજના બની રહી છે. વિશ્વના નિષ્ણાંતોનું એવું માનવું છે કે આપણે વર્ષ ૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચથી મુક્ત બનીશુ, ત્યાં સુધીમાં સ્વચ્છ ભારત મિશનને કારણે દેશમાં ત્રણ લાખથી વધુ જીવ બચાવી શકાશે. ભારતના કેટલાક ભાગોમાં ટોયલેટને 'ઈજ્જત ઘર' તરીકે ઓળખવામાં આવે છે. નેશનલ એજન્ડામાં ટોયલેટના બાંધકામની બાબત સૌ પ્રથમ વાર કેન્દ્ર સ્થાને છે. આ બાબત ચર્ચા માટે લોકપ્રિય વિષય બની છે. આ યોજનાને સફળ બનાવવા માટે ભારત સરકારે જરૂરી તમામ ભંડોળ પૂરુ પાડ્યું છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકો અને ખાસ કરીને મહિલાઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે આ યોજના દૂરગામી પુરવાર થશે.

ગ્રામીણ માર્ગો, ગ્રામીણ વીજળીકરણ, ગ્રામીણ આવાસ યોજનાની સાથે ટોયલેટ અને રાંધણ ગેસનું જોડાણ તથા વાજબી ભાવથી પૂરા પાડવામાં આવતા અનાજને કારણે ભારતના ગ્રામીણ વિસ્તારમાં વસતા ગરીબોના જીવનની ગુણવત્તાએ એક હરણફાળ ભરી છે.

વધુમાં આયુષ્યમાન ભારત યોજનામાં પરિવાર દીઠ રૂ.૫ લાખ સુધીની રકમની હોસ્પિટલમાં દાખલ થતાં ખર્ચ માટે જોગવાઈ કરાઈ છે. આ યોજના સંપૂર્ણપણે અમલમાં આવી ચૂકી છે. આ બાબતો ભારતના ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકોના જીવનની ગુણવત્તા બદલી નાંખશે.

**રકમમાં સુધારો**

કેન્દ્ર સરકારે આંગણવાડી કાર્યકરોને અને આશા વર્કર્સને અપાતા વળતરની રકમમાં વધારો કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આંગણવાડી વર્કર્સ રાષ્ટ્રીય પોષણ અભિયાનમાં મહત્વની કામગીરી બજાવે છે. હાલમાં ૧૨.૯ લાખ આંગણવાડી વર્કર્સ અને ૧૧.૬ લાખ આંગણવાડી હેલ્પર્સ કામ કરી રહ્યા છે. આ બધા લાભ ૨૪.૫ લાખ આંગણવાડી વર્કર્સને ઉપલબ્ધ થશે.

દર મહિને આંગણવાડી વર્કર્સને અપાતું મહેનતાણું રૂ.૩,૦૦૦થી વધારીને રૂ.૪૫૦૦ કરવામાં આવ્યું છે. લઘુ આંગણવાડી વર્કર્સને મળતું મહેનતાણું રૂ.૨૨૫૦થી વધારીને રૂ.૩૫૦૦ કરવામાં આવ્યું છે. આંગણવાડી હેલ્પર્સનુ મહેનતાણું રૂ.૧૫૦૦થી વધારીને રૂ.૨૨૫૦ કરવામાં આવ્યું છે.

આ કાર્યકરોને તેમના પરફોર્મન્સના રિયલ ટાઈમ મોનિટરીંગને આધારે અનુક્રમે દર મહિને રૂ.૫૦૦ અને રૂ.૨૫૦ નું પ્રોત્સાહન પણ આપવામાં આવશે. સરકારે આ અગાઉ સગર્ભા અને બાળકોને દૂધ પીવડાવતી મહિલાઓ તથા અતિશય કુપોષણ ધરાવતા બાળકોના ખર્ચનાં ધોરણોમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આંગણવાડી વર્કર્સ અને તેમના હેલ્પર્સની લાંબા સમયની માંગ હતી કે તેમને વાજબી મહેનતાણું મળવું જોઈએ.

૨.૫ મિલિયન વર્કર્સની આ માંગણી સંતોષવાથી અગાઉની સરકારો દૂર રહી હતી અને નાણાકીય બાબતને ધ્યાનમાં લઈને શાહમૃગી નીતિ અપનાવી રહી હતી. બજેટ ઉપર બોજો પડતો હોવા છતાં સરકારે એક સાથે આ વર્કર્સના મહેનતાણામાં ૫૦% જેટલો વધારો કરી આપ્યો છે. આ બાબત આ વર્કર્સની ફરિયાદો હલ કરવામાં દૂરગામી પરિબળ બની રહેશે.

**સફળતાની ગાથા**

**પંજાબ સરકાર બે ભાષામાં ઓડીએફ સસ્ટીનેબિલીટી એપ્પ બહાર પાડશે :** પંજાબ સરકાર 'મારું ગામ, મારું ગૌરવ' ઝુંબેશ હેઠળ અનોખી ઓડીએફ સસ્ટીનેબિલીટી એપ્પ બહાર પાડનાર પ્રથમ રાજ્ય બની રહેશે. એમાં સ્વચ્છતા અંગેના તથા તેના સાતત્ય અંગેના તમામ માપદંડને આવરી લેવામાં આવ્યા છે.


**આ એપ્લીકેશનમાં નીચે દર્શાવ્યા મુજબનાં ફિચર્સ છે :**

- આ એપ્પ મારફતે ખુલ્લામાં હાજત બાબતે ઓનલાઈન ફરિયાદો સુપરત કરી શકાશે. રાજ્યને ખુલ્લામાં શૌચથી મુક્તિ અંગેનો દરજ્જો જાળવી રાખવામાં સહાય થશે.
- ત્યારબાદ ફરિયાદ કરનાર તેમની ફરિયાદ ક્યાં સુધી પહોંચી તેની પ્રગતિ જાણી શકશે.
- કોઈ પણ સમુદાયનો સભ્ય જો આ કાર્યક્રમની બહાર રહી ગયો હશે અને તેની પાસે કોઈ પણ કારણે ટોયલેટ નહી હોય તો આ એપ્પ મારફતે ટોયલેટ માટેનું અરજી પત્રક મેળવી શકશે.
- આ ઉપરાંત આ એપ્પમાં સોશિયલ મિડીયા કોર્નરનો તથા સ્વચ્છતા ગેલેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યાંથી આઈઈસી સામગ્રી અને ક્રિએટીવ બાબતો જોઈ શકાશે.

'મારું ગામ, મારું ગૌરવ' ઝુંબેશમાં ગામ લોકો માટે કેટલીક સ્પર્ધાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેના દ્વારા ખુલ્લામાં શૌચથી મુક્તિ અંગે જાગૃતિ, સવારની તપાસ, સ્વચ્છતા ઝુંબેશ, મહિલા મહોલ્લા શોષ ખાડા અંગે જાગૃતિ અને ઘન કચરાને અલગ પાડવાની બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉચ્ચ પર્ફોર્મન્સ દાખવનાર ગ્રુપને જિલ્લા, બ્લોક અને રાજ્યના સ્તરે ઈનામો પણ આપવામાં આવશે.

લેખક ભારત સરકારના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના પ્રધાન છે.

**Email:** fmo@nic.in



# સ્વચ્છ ભારતના માર્ગ પર

**નીતિન ગડકરી**



**સ્વચ્છ ભારત અભિયાનમાં કેન્દ્ર તેમજ રાજ્યોની સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનો જેવી અનેકવિધ સંસ્થાઓ, તેમજ સૌથી મહત્વનો, દેશના લોકોનો ટેકો, સુંદર સાથ અને સંકલન મળી રહેતાં આ અભિયાનના વિધાયક પરિણામો આવ્યાં છે. નાગરિકો સ્વચ્છ ભારતની કલ્પનાથી ક્રમશઃ પ્રેરિત થતા જાય છે અને આ સ્વપ્નને સાકાર કરવા માટે પ્રયાસો કરવા કટિબદ્ધ થયા છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બીજી ઓક્ટોબર ૨૦૧૪ના રોજ જયારે સ્વચ્છ ભારત માટે દેશવાસીઓને ઐતિહાસિક હાકલ કરી ત્યારે આ ભગીરથ કાર્ય કેટલું વિકટ છે એની એમને ખબર હતી. દેશમાં ગંદકી અને કચરાના નિકાલ માટેનું આંતરમાળખું ખૂબ જ અપૂરતું હતું અને લાખો લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરતા હતાં. કચરાનો અસરકારક નિકાલ કરવાનું વ્યવસ્થાપન જાણે કે એક અસંગત બાબત હતી અને સ્વચ્છતાની જાળવણી નહિવત અગ્રતાક્રમ ધરાવતી હતી કે પછી એને કોઈ અગ્રતાક્રમ નહોતો અપાયો.

દેશના ૧૨૫ કરોડો લોકો માટે ગંદકી અને કચરાના નિકાલ માટેનું આંતરમાળખું ઉભું કરવું એ જો એક મોટો પડકાર હતો તો લોકોમાં સ્વચ્છતાની જાળવણી માટેની ભાવના જાગૃત કરવી અને એમની વર્તણૂકમાં ફેરફાર લાવવાનું કામ તો એથી પણ વધુ મુશ્કેલ હતું. પરંતુ એક સ્વચ્છ અને સ્વસ્થ આરોગ્યપ્રદ ભારતનું મહાત્મા ગાંધીનું સ્વપ્ન સાકાર કરવું એ સરકાર માટે એક મોટી પ્રતિબદ્ધતા છે. આ સ્વપ્ન પ્રધાનમંત્રીની એક નૂતન ભારત માટેની કલ્પનાનો એક આંતરિક હિસ્સો છે.

આથી, સરકારે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન આ દિશામાં સતત પરિશ્રમ કર્યો છે અને શૌચાલયો, કચરાના વ્યવસ્થાપન માટેની સગવડો, ગંદકી અને કચરાના નિકાલ માટેનું આંતરમાળખું ઉભું કરવા તેમજ સ્વચ્છતાને એક જીવન પ્રણાલિના રૂપમાં અપનાવવા લોકોને પ્રેરિત કરવા જાગૃતિ - જાણકારીની સતત ઝુંબેશો ચલાવવા અવિરત પ્રયાસો કર્યા છે.

મારે માટે, જળ સંસાધનો, નદી વિકાસ અને ગંગા શુદ્ધિકરણના કેન્દ્રીય મંત્રી તરીકે સ્વચ્છતાનો એક મોટો પડકાર, ગંગા નદીને સ્વચ્છ સાફ સુથરી કરવાનો છે, કે જેથી એને એની અવિરલતા અને નિર્મળતા પુનઃ આપી શકાય, એનો જળપ્રવાહ નિર્મળ કરી શકાય.

આ એક એવી સમસ્યા છે, જે વીતેલાં વર્ષોમાં એને ઉકેલવાના ભૂતકાળની સરકારોના ઘણા કાર્યક્રમો છતાં માત્ર વધુ ગૂંચવાઈ છે, વધુ વણસી છે. ગંગાના પ્રદૂષણના અનેકાનેક કારણો છે. આ નદીના કાંઠે વસેલા ૯૭ નગરોમાં નિષ્પન્ન ૨૯૫૩ મિલિયન લિટર ગંદકી - મળમૂત્ર એને સ્વચ્છ કરવાની કોઈપણ પ્રક્રિયા વગર દરરોજ ગંગામાં ઠલવાય છે. આ નગરોમાં ગંદકી - મળમૂત્ર ઉપર પ્રક્રિયા માટેનું આંતરમાળખું ખૂબ જ અપૂરતું છે અને ઘણા કિસ્સામાં તો યોગ્ય જાળવણીના અભાવને કારણે આ અંગેની સગવડો તદ્દન વેરવિખેર હાલતમાં છે.

આગામી દિવસોમાં આ નગરોમાં વસ્તી જેમ વધશે એમ ગંદકી, કચરાનું પ્રમાણ વધતાં હાલની સમસ્યા વધુ જટિલ બનશે.

આ ઉપરાંત ઉદ્યોગોમાંથી બહાર ઠલવાતા, પ્રક્રિયા વગરના પ્રદૂષિત પ્રવાહીનો જથ્થો, ગંગા કાંઠા ઉપર વસેલા નગરો અને ગામડાંનો ઘન કચરો, કૃષિવિષયક કચરો, ખુલ્લામાં કુદરતી હાજતે જવાની ગંદકી, નદીમાં ઠલવાતું પ્રદૂષિત ઉપનદીઓ અને નાળાનું પ્રદૂષણ વગેરે પ્રદૂષણના જથ્થા - પ્રમાણમાં વધારો કરે છે.

નદીની સર્વગ્રાહી સફાઈ માટે ઉપર જણાવેલા વિવિધ સાધનોમાંથી ઠલવાતો કચરો - પ્રદૂષણોને નિયમિત એકધારા અટકાવી શકે એવું વ્યાપક આંતર માળખું, અનેકવિધ સીસ્ટમ તથા કાર્યપદ્ધતિની આવશ્યકતા રહે છે. આ માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને ખાનગી એમ અનેક સંસ્થાઓ - એજન્સીઓ વચ્ચે સંકલિત તથા સંગઠિત પ્રયાસોની જરૂર રહે છે તેમજ નદીકાંઠે વસતા લોકોનો સહકાર - સહયોગ આવશ્યક છે.

ગંગા નદીને સ્વચ્છ કરવા માટેના અગાઉના પ્રયાસોના કોઈ ખાસ પરિણામો નથી આવ્યાં. પણ હાલની સરકારે ૨૦૧૫માં આરંભેલા નમામી ગંગે કાર્યક્રમે આ દિશામાં સારી પ્રગતિ કરી છે. કેન્દ્રમાં સૌ પ્રથમવાર ૨૦૧૪માં ગંગાના શુદ્ધિકરણ માટે એક અલગ મંત્રાલયની રચના કરવામાં આવી છે અને એના દ્વારા નમામી ગંગે પ્રોજેક્ટને સરકારના એક મુખ્ય કાર્યક્રમ તરીકે રૂા. ૨૦,૦૦૦ કરોડના ખર્ચ સાથે ૨૦૧૫માં બહાલી આપવામાં આવી હતી.

નમામી ગંગે કાર્યક્રમનો અમલ કરવાની જવાબદારી ધરાવતા સ્વચ્છ ગંગા માટેનાં રાષ્ટ્રીય મિશને, ૧૯૮૬ના પર્યાવરણ રક્ષણના કાયદા હેઠળ ૨૦૧૬માં એક સત્તાતંત્ર એટલે કે ''ઓથોરિટી'' ઘોષિત કરવામાં આવી હતી અને એને વધુ સત્તાઓ આપવામાં આવી હતી. આ પછી ૨૦૧૭માં રાજ્ય તથા જિલ્લા સ્તરની ગંગા સમિતિઓની સ્થાપના કરવામાં આવી હતી.

નમામી ગંગે કાર્યક્રમ માટે ૨૦૧૫-૨૦૨૦ના ગાળા માટે થયેલી રૂા. ૨૦,૦૦૦ કરોડની ફાળવણી ગંગા નદીની સ્વચ્છતાના આજ સુધીના ઈતિહાસમાં સૌથી મોટી છે. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂા. ૨૨,૨૩૮ કરોડના ૨૪૦ પ્રોજેક્ટ મંજૂર કરવામા આવ્યા છે. આ પ્રોજેક્ટોમાં ગંદકી - મળમૂત્રના નિકાલ માટેનું આંતરમાળખું, ઘાટ, સ્મશાનગૃહો, રિવર ફ્રન્ટ વિકાસ, નદીની સપાટીની સ્વચ્છતા, સંસ્થાઓનો વિકાસ, પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિના વૈવિધ્યનું જતન વનીકરણ તથા ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય અને સ્વચ્છતાની સગવડોનો સમાવેશ થાય છે.

આમાંના ૬૪ પ્રોજેક્ટ પૂરા થઈ ગયા છે અને બાકીના એના અમલના વિવિધ તબક્કામાં છે. ગંદકી અને મળમૂત્ર સ્વચ્છ કરવાની પ્રક્રિયા માટે ગંગાના મુખ્ય પ્રવાહની સમાંતર વસેલા ૯૭ નગરોની પસંદગી કરવામાં આવી છે જયાં રોજનો ૩૬૦૩ MLD (મિલિયન લિટર) (૨૦૩૫ વર્ષ માટે અંદાજીત) ગંદકી અને મળમૂત્ર નિષ્પન્ન થતો હશે. આ નગરોની ગંદકી અને મળમૂત્ર સ્વચ્છ કરવાની હાલની શક્તિ માત્ર દૈનિક ૧૬૫૧ MLD (મિલિયન લિટર)ની છે, જે આ માટેના સૂચિત પ્રોજેક્ટ હેઠળ વધારવામાં આવશે. નદીના મુખ્ય પ્રવાહની સમાંતર વસેલા ૯૭ નગરોમાં સૌથી વધુ પ્રદૂષણ સર્જતા દસ નગરોને - હરિદ્વાર, કાનપુર, અલ્હાબાદ, ફરૂખાબાદ, વારાણસી, પટણા, ભાગલપુર, કોલકાત્તા, હાવડા અને બાલ્લીને - સૂચિત પ્રોજેક્ટો હેઠળ (STPs હેઠળ) ખૂબ જ વ્યાપક ધોરણે આવરી લેવામાં આવ્યા છે.

આપણે ગંદકી - મળમૂત્ર ઉપર પ્રક્રિયા માટેના STP પ્રોજેક્ટોના ક્ષેત્રે કેટલાક નવીન મોડેલ જેવા કે, "Hybrid Annuity Mode" અને "One-City One-Operator"નો વિચાર દાખલ કર્યો છે. એની હેઠળ તમામ નવા અને જૂના STPs ને ખાનગી ક્ષેત્રના એક જ ઓપરેટર હેઠળ મૂકવામાં આવશે કે જેથી એનું વ્યવસ્થિત સંચાલન તેમજ જાળવણી સુનિશ્ચિત કરી શકાય. મથુરામાં આકાર લઈ રહેલો STPs પ્રોજેક્ટ એક અજોડ પ્રોજેક્ટ છે. એને એક શહેર એક ઓપરેટર ના વિચાર હેઠળ HAM મોડ ઉપર એવોર્ડ અર્પણ થયો છે. આ જ ખાનગી ઓપરેટર દૈનિક ૩૦ MLD (મિલિયન લિટર)ની શક્તિનો એક નવો STP ઉભો કરશે અને હાલમાં દૈનિક ૩૮ MLD (મિલિયન લિટર)ની શક્તિ ધરાવતા ૩ જુના STPને અપગ્રેડ કરશે અને તમામ STP ની જાળવણી તેમજ સંચાલન માટે જવાબદાર રહેશે.

મથુરા ખાતેની IOCL રિફાઈનરી નકામા પાણીનો ફરી ઉપયોગ કરશે અને આ પાણીની લિટરના રૂા. ૮.૭૦ ના ભાવે ખરીદી કરશે. આના પરિણામે, હાલમાં IOCL દ્વારા યમુના નદીનું રોજનું જે ૨ કરોડ લીટર પાણી વપરાય છે એની બચત થશે અને પાણીના આ મોટા જથ્થાનો અન્યત્ર ઉપયોગ થઈ શકશે.

વધુમાં ૧૬ પ્રોજેક્ટ ગંગા નદીની શાખાઓ કે ઉપનદીઓ ઉપર જેમ કે યમુના (હરિયાણામાં સોનેપત અને પાનીપત, દિલ્હી તથા ઉત્તર પ્રદેશમાં મથુરા અને વૃંદાવન) રામગંગા (ઉત્તરપ્રદેશમાં મોરાદાબાદ), સરયૂ(ઉત્તર પ્રદેશમાં અયોધ્યા) અને કોસી (બિહારમાં નૌગાચીઆ) ઉપર હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ રૂા. ૩૦૨૮ કરોડના ખર્ચે દૈનિક ૧૩૫૩ MLD (મિલિયન લિટર) ગંદકી મળમૂત્ર ઉપર પ્રક્રિયા માટેની શક્તિ ઉભી કરવા હાથ ધરાયા છે. ગંગા નદીની અન્ય શાખાઓ ઉપર લગભગ ૬૮ નગરોમાં આવા વધુ પ્રોજેક્ટ ટૂંક સમયમાં કામ કરતા થશે.

આ ૧૦૦% કેન્દ્રીય ફંડથી સંચાલિત કાર્યક્રમની મુખ્ય વિશેષતા એ છે કે એ એક

સર્વગ્રાહી અને સંગઠિત કાર્યક્રમ છે, જેમાં કેન્દ્રીય અને રાજયોની એજન્સીઓ વચ્ચે સહકાર, સહયોગપૂર્ણ પગલાંને વ્યાપક અવકાશ છે અને એમાં ગંગા તથા એની શાખાઓને એક સમાન છત્ર હેઠળ રાખવામાં આવી છે. એના અમલ માટે પાંચ વર્ષનું બજેટ અલગ ફાળવાયું છે અને પ્રોજેક્ટની એકધારી જાળવણીને સુનિશ્ચિત કરવા માટે પ્રોજેક્ટના ખર્ચમાં જ ૧૫ વર્ષના ગાળા માટેના સંચાલન અને જાળવણીના ખર્ચનો સમાવેશ કરાયો છે.

ઘણી ખાનગી કંપનીઓ પણ, ગંગાના શુદ્ધિકરણ ઉપરાંત ઘાટ અને સ્મશાનગૃહોના નવેસરથી બાંધકામ અથવા નદી કાંઠે વનીકરણના કામો કંપનીની સામાજિક જવાબદારીની પ્રવૃત્તિઓ હેઠળ હાથ ધરી રહી છે. સમાજના ઘણા લોકો નદીના ઘાટોની સ્વચ્છતા, વનીકરણ અને એના જેવી અન્ય કામગીરી હાથ ધરવા વ્યક્તિગત ધોરણે આગળ આવી રહ્યાં છે. 'ગંગા પ્રહરી' તરીકે જાણીતા આવા લોકો અન્ય લોકોને પણ નદી અને નદીકાંઠાને સ્વચ્છ રાખવામાં સહાયભૂત બનવા પ્રેરી રહ્યાં છે,

ગંગાના શુદ્ધિકરણ માટે અત્યાર સુધી થયેલી પ્રવૃત્તિઓ તેમજ જે પ્રવૃત્તિઓ હજી ચાલુ છે એ જોતાં આપણે એવો દાવો કરી શકીએ એમ છીએ કે ગંગા નદી માર્ચ ૨૦૧૯ સુધીમાં ૭૦ થી ૮૦% અને ૨૦૨૦ ના અંત સુધીમાં સંપૂર્ણ સ્વચ્છ થઈ જશે.

સ્વચ્છતા મારા બે અન્ય મંત્રાલયો - માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો અને વહાણવટુ માં પણ એક મહત્વનો અગ્રતાક્રમ ધરાવે છે. અમે જળમાર્ગોના ઉપયોગને પરિવહનના એક વધુ સસ્તા અને પર્યાવરણ તરફ વધુ મૈત્રીપૂર્ણ પ્રકાર તરીકે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. દેશમાં ૧૧૧ જળ માર્ગોને રાષ્ટ્રીય જળમાર્ગ ઘોષિત કરવામા આવ્યા છે, અને એને પરિવહન માટે વિકસાવવામાં આવશે. ગંગા અને બ્રહ્મપુત્રાના જળમાર્ગો સહિત આમાંથી ૧૦ જળમાર્ગોને વિકસાવવા માટેનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત અમારા મંત્રાલયો ઈથેનોલ, મિથેનોલ, બાયો ડીઝલ, બાયોસીએનજી અને વીજળી જેવા વધુ સ્વચ્છ બળતણોનો દેશમાં પરિવહન ક્ષેત્રે પેટ્રોલ અને ડીઝલના વિકલ્પ તરીકે ઉપયોગ થાય એ માટે એને પ્રોત્સાહન આપી રહ્યાં છે.

ધી નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ ધોરીમાર્ગો ઉપરના ટોલ પ્લાઝાની બંને તરફના ધોરીમાર્ગો ઉપર પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ ટોઈલેટ ઉભા કરવાની કામગીરી હાથ ધરી છે અને એની હેઠળ દેશભરમાં આવા તમામ ૩૭૨ ટોલ પ્લાઝાને માર્ચ ૨૦૧૯ સુધીમાં આવરી લેવામાં આવશે. આ સ્થળોએ કચરાપેટીઓ તેમજ જ્યાં ત્યાં કચરો ન ફેંકવાની અપીલ સાથે સ્વચ્છતાના સંદેશાના વિશાળ પોસ્ટર વગેરે ગોઠવાઈ રહ્યા છે. માર્ગ બાંધકામ દરમિયાન નકામી સામગ્રી, કચરો વગેરે ઓછા પ્રમાણમાં નિષ્પન્ન થાય એ માટે તેમજ ધોરી માર્ગના બાંધકામ દરમ્યાન નકામો કચરો, જેમ કે ફલાય એશ, પ્લાસ્ટિક, ઓઈલ સ્લેગ અને મ્યુનિસિપલ કચરાનો ઉપયોગ કરવા કેન્દ્રીય માર્ગ મંત્રાલય પ્રયત્નશીલ છે.

વહાણવટા મંત્રાલય અને એની હેઠળનાં તમામ સંગઠનોએ બાવીસ મુદ્દાના એક એજન્ડા - કાર્યસૂચિનો અમલ શરૂ કર્યો છે. આમાં રૂમ અને ટોઈલેટનું નવીનીકરણ, જહાજના ધક્કા અને શેડની સફાઈ, તમામ નકામી સામગ્રીની તેમજ કોઈના પણ દાવા વગરના માલ સામાનની હરાજી અને નિકાલ તથા બગીચાઓ વગેરેની સફાઈ અને સુશોભનનો સમાવેશ થાય છે. કર્મચારીઓને સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવા માટે નિયમિત તાલીમ આપવામાં આવી રહી છે.

કેન્દ્રીય વહાણવટા મંત્રાલયે દેશમાં ટકાઉ તેમજ પર્યાવરણ પરત્વે મૈત્રીપૂર્ણ એવા લાંબાગાળાના બંદરો વિકસાવવા "ગ્રીન પોર્ટ્સ" ઉભા કરવા ઉપર એનું ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. તાજેતરમાં વિશાખાપટ્ટનમ પોર્ટ ટ્રસ્ટને ઈન્ડિયન ફેડરેશન ઓફ ગ્રીન એનર્જી દ્વારા ભારતમાં સેવા ક્ષેત્રે પુનઃ પ્રાપ્ય ઉર્જાના અસાધારણ વપરાશકારની શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યું છે. આ બંદર દર વર્ષે ૧.૨ MU (મેગા યુનિટ) વીજળીનો વપરાશ કરે છે અને એના દ્વારા વપરાતી બધી જ વીજળી ગ્રીન એનર્જી (હરિયાળી ઉર્જા) માંથી મેળવવામાં આવે છે.

અમારા ઉપર મુજબના તમામ પ્રયાસોએ નિર્ણાયક પરિણામો દર્શાવ્યા છે, જે અમારા કાર્યના પ્રત્યેક તબક્કે એની સાથે સંકળાયેલી અનેકવિધ એજન્સીઓ, કેન્દ્ર તેમજ રાજયોની એજન્સીઓ તથા સેવાભાવી બિન સરકારી સંગઠનોના ખૂબ જ સારા સંકલન અને ટેકાને આભારી છે અને સૌથી મહત્વની બાબત આપણા દેશના લોકો, જે સ્વચ્છ ભારત ની કલ્પનાથી ધીમે ધીમે પ્રેરાતા જાય છે અને આ સ્વપ્નને સાકાર કરવા કામ કરવા તૈયાર છે, એમના ઉત્કૃષ્ટ સહકારે પણ ઘણી મહત્વની ભૂમિકા ભજવી છે.

આપણે ૨૦૧૪માં શરૂ કરેલું ભારતને સ્વચ્છ બનાવવાનું મિશન એક મુશ્કેલ મિશન હતું. પણ આજે એના ચાર વર્ષ પછી, આપણે એક દેશ તરીકે, એવો દાવો કરવામાં સામૂહિક ગૌરવ લઈ શકીએ એમ છીએ કે, આપણે આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને એનાં વિધાયક પરિણામો આવી રહ્યાં છે.

લેખક ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરિમાર્ગો તથા વહાણવટા અને જળસ્રોતો, નદી વિકાસ અને ગંગા શુધ્ધિકરણ મંત્રાલયના પ્રધાન છે.
**E-mail:** nitin.gadkari@nic.in

# સ્વચ્છતા : પરિવર્તનુ બળ

ધર્મેન્દ્ર પ્રધાન




ભારતમાં વર્ષ ૨૦૧૪માં સ્વચ્છતા હેઠળ આવરી લેવામાં આવેલો વિસ્તાર ૩૮% હતો, જે વર્ષ ૨૦૧૮માં વધીને ૯૦% થયો છે. ૯ કરોડથી વધારે શૌચાલયોનું નિર્માણ થયું છે અને ૪.૫ લાખથી વધારે ગામડાઓને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત (ODF) જાહેર કરવામાં આવ્યાં છે. આટલાં ટૂંકા ગાળામાં અગાઉ ક્યારેય ૧ અબજથી વધારે લોકોએ એક સામાન્ય ઉદ્દેશને પાર પાડવા ખભેખભો મિલાવીને કામ કર્યું નથી. દેશભરમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળે છે.

"ભલે ૧૦૦ મહાત્મા ગાંધી કે ૧,૦૦૦ નરેન્દ્ર મોદી કે તમામ મુખ્યમંત્રીઓ અને સરકારો ભેગા થઈને કામ કરે, તો પણ સ્વચ્છતાનું સ્વપ્ન સાકાર ન થઈ શકે, પણ જો ૧૨૫ કરોડ ભારતીયો એકછત હેઠળ આવે, તો સ્વપ્ન સરળતાથી પૂર્ણ થઈ શકશે." – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.

જ્યારે પ્રધાનમંત્રીએ ૨ ઓક્ટોબર, ૨૦૧૪નાં રોજ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું હતું, ત્યારે તેમણે ઇતિહાસમાં સૌથી મોટાં સામાજિક અભિયાનોમાંનું એક અભિયાન હાથ ધર્યું હતું. આટલાં ટૂંકા ગાળામાં સામાન્ય સામાજિક ઉદ્દેશને પાર પાડવા અગાઉ ક્યારેય ૧ અબજથી વધારે લોકોએ ખભેખભો મિલાવીને કામ કર્યું નથી.

આ અભિયાન શરૂ થયાને ચાર વર્ષ પૂર્ણ થઈ ગયા છે અને સ્વચ્છ ભારત અભિયાન દેશમાં સામાજિક ક્ષેત્રે પરિવહનનું મહત્ત્વપૂર્ણ અને અસરકારક માધ્યમ બની ગયું છે. જ્યારે આપણે હજુ સાર્વત્રિક સ્વચ્છતાનો ઉદ્દેશ પાર પાડી શક્યાં નથી, ત્યારે દેશભરમાં સ્વચ્છતાનાં મુદ્દે અભૂતપૂર્વ સુધારો જોવા મળ્યો છે. ભારતમાં વર્ષ ૨૦૧૪માં ૩૮% વિસ્તારોને સ્વચ્છતા અને સાફસફાઈ હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં, જે વર્ષ ૨૦૧૮માં વધીને ૯૦% થઈ ગયા છે.

૯ કરોડથી વધારે શૌચાલયોનું નિર્માણ થયું છે અને ૪.૫ લાખથી વધારે ગામડાઓને ઓપન ડિફેકેશન ફ્રી (ઓડીએફ – ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત) જાહેર કરવામાં આવ્યાં છે. અત્યારે લાખો લોકો શૌચાલયો, પીવાનાં સ્વચ્છ પાણી અને સ્વચ્છ પર્યાવરણ મારફતે સ્વચ્છતાની સુવિધા મેળવે છે, જે વધારે સારાં સ્વાસ્થ્ય તરફ દોરી જાય છે.

તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી ઓક્ટોબર, ૨૦૧૯ વચ્ચે સ્વચ્છ ભારત અભિયાનને કારણે ૩૦૦,૦૦૦થી વધારે મૃત્યુ ટાળી શકાશે. વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, સ્વચ્છતા વ્યક્તિગત નિર્માણથી ભારતમાં વર્તણૂંકમાં પરિવર્તન માટે પ્રેરક બન્યું છે.

હું મારી વ્યક્તિગત ક્ષમતા સાથે તથા કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી (એમઓપીએન્ડએનજી) અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રી (એમઓએસડીએન્ડઇ) તરીકે સ્વચ્છ ભારત અભિયાનનાં ઉદ્દેશો પાર પાડવા સંપૂર્ણપણે કટિબદ્ધ છું.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય આ અભિયાનને સંપૂર્ણ સાથસહકાર આપે છે તથા સ્વચ્છ અને સ્વસ્થ ભારતનાં સ્વપ્નને સાકાર કરવા માટે

તમામ સંસાધનોનો ઉપયોગ કરે છે. નીતિમાં સીમાચિહ્નરૂપ ફેરફારો અને નક્કર પહેલોએ સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ ભારતનો પાયો નાંખ્યો છે.

સ્વસ્થ ભારત અભિયાન માટે આંતર-મંત્રીમંડળીય કાર્યયોજના સ્વચ્છતા કાર્યયોજના હેઠળ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ભારત સરકારનાં તમામ મંત્રાલયો વચ્ચે ચોથું સૌથી વધારે બજેટ ફાળવ્યું હતું. મંત્રાલયે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૩૩૫.૬૮ કરોડનું બજેટ ફાળવ્યું હતું અને રૂ. ૪૦૨ કરોડનાં ખર્ચ સાથે ૧૨૦% સફળતા મેળવી હતી.

ભારતમાં સૌથી મોટાં નિગમોમાં સામેલ ઓઇલ અને ગેસનાં કેન્દ્ર સરકારનાં જાહેર ક્ષેત્રના સાહસો (સીપીએસઇ) અને તેમનાં સંયુક્ત સાહસો (જેવી)એ તેમનાં વ્યવસાયની મુખ્ય ઓફર અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) સાથે સંલગ્ન વિવિધ પાસાં ધરાવતાં પ્રોજેક્ટ હાથ ધર્યા છે, જેનો ઉદ્દેશ પૂરક સાફસફાઈ માટે માળખાનું નિર્માણ કરવાની સાથે સ્વચ્છ ભારત અભિયાનનાં લક્ષ્યાંકો પૂર્ણ કરવા આ સામાજિક અભિયાનમાં ઉત્સાહભેર સહભાગી થવાનો છે.

ઓક્ટોબર, ૨૦૧૪થી અમારા પ્રયાસમાં અમે કેટલી પ્રગતિ કરી એ વિશે તમને જાણકારી આપતા મને આનંદ થાય છે. સ્વચ્છ અને સ્વસ્થ ભારતનાં સ્વપ્નને સાકાર કરવા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયનાં પુરુષો અને મહિલાઓની ટીમ ઇચ્છાશક્તિ, નવીનતા અને ખંતનો સ્ત્રોત બની ગઈ છે.


સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (OMC) દેશમાં સૌથી મોટાં રિટેલ નેટવર્કમાંનાં એક નેટવર્કની રચના કરે છે. દરરોજ અનેક ભારતીયો આ પંપો પર તેમનાં વાહનોમાં ઇંધણ પુરાવે છે અને એટલે પેટ્રોલ પમ્પ પર સાફસફાઈની સુવિધાઓનો હજારો નિયમિત મુસાફરોને લાભ થશે.

એટલે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ અમલ થયેલી યોજનાએ તમામ ઓઇલ માર્કેટિંગ કંપનીઓનાં પેટ્રોલ પમ્પો પર સ્વચ્છ શૌચાલયો, પીવાનું ચોખ્ખું પાણી અને કચરાનાં નિકાલની સુવિધાઓ યુદ્ધનાં ધોરણે પ્રદાન કરવાની યોજના શરૂ કરવામાં આવી હતી. આ લેખ લખતા સમયે ઓઇલ માર્કેટિંગ કંપનીઓનાં ૫૬,૬૦૧ પેટ્રોલ પમ્પમાંથી ૫૫,૭૮૪ પમ્પ શૌચાલયોની સુવિધા ધરાવે છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસનાં મંત્રાલયની મહિલાઓનાં સન્માન અને સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતાને ટેકો આપીને સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધીમાં રાષ્ટ્રીય રાજમાર્ગો અને પ્રાદેશિક રાજમાર્ગો પર સ્થિત પેટ્રોલ પમ્પોમાંથી આશરે ૯૦%માં પુરુષો અને મહિલાઓ માટે અલગ શૌચાલયોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. "Swachhta@petrolpump" એપ ભારતભરમાં રિયલ ટાઇમ આધારે શૌચાલયો પર નજર રાખવા, રિપોર્ટ કરવા અને સ્વચ્છતા સુનિશ્ચિત કરવા ઉપભોક્તાઓને મોખરે કરે છે.

દરેક ઓઇલ માર્કેટિંગ કંપની (OMC)નાં પેટ્રોલ પમ્પોમાં પુરુષો અને મહિલાઓ માટે અલગ શૌચાલયો ઉપયોગકર્તાઓને અનુકૂળ બનાવવા અને તેની જાળવણી સારી રીતે થાય એ અત્યારે ચાલતી કામગીરી છે અને અમે આ કામગીરી પાર પાડવા કટિબદ્ધ છીએ.

એકવીસમી સદીની શરૂઆતથી ભારતની મહિલાઓ રસોડામાં ચૂલા પર રાંધતી હતી અને નિઃસહાય હતી. લાકડું/




કોલસો/છાણને સળગાવીને ચૂલા પર રાંધવાથી ધુમાડો પેદા થાય છે, જે મહિલાઓનાં શ્વાસમાં જાય છે, જેનાં પરિણામે ઘરમાં પ્રદૂષણ ફેલાય છે તેમજ જંગલમાં મોટાં પાયે વૃક્ષોનો નાશ થવાથી મહિલાઓ અને બાળકોનાં સ્વાસ્થ્ય પર માઠી અસર પણ થાય છે તથા તેઓ શ્વાસોચ્છ્વાસની સમસ્યાનો ભોગ બને છે.

આ ચૂલા પર રાંધવાથી મહિલાઓને આજીવિકા મેળવવાની તક ગુમાવવી પડે છે અને તેઓ સમાંતર સામાજિક દરજ્જો મેળવી શકતી નથી. પ્રધાનમંત્રી ભારતમાં આવી લાખો વંચિત મહિલાઓ અને કુટુંબોની મુશ્કેલીઓ સાથે સંવેદના ધરાવતાં હતાં, જેઓ LPG જેવા સ્વચ્છ રાંધણ ઇંધણની સુવિધા મેળવવા સક્ષમ નહોતાં. આ કારણે પ્રધાનમંત્રીએ બ્લૂ ફ્લેમ ક્રાંતિ એટલે ઉજ્જવલા યોજના શરૂ કરી.

૦૧.૦૫.૨૦૧૬નાં રોજ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) શરૂ થઈ પછી અત્યાર સુધી ભારતમાં વંચિત અને SC/ST (અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ) સમુદાયોની મહિલાઓને ૫.૫૧ કરોડ LPG કનેક્શન આપવામાં આવ્યાં છે. આ કુટુંબોનાં જીવનમાં થયેલા પરિવર્તનથી પ્રોત્સાહન મેળવીને પ્રધાનમંત્રીએ હવે વર્ષ ૨૦૨૦ સુધીમાં PMUYનો લક્ષ્યાંક ૮ કરોડ LPG કનેક્શનનો નિર્ધારિત કર્યો છે.

પર્યાવરણ પર એની અસરનું આકલન

કરવા વિચાર કરો કે, ભારતને આઝાદી મળી પછી વર્ષ ૨૦૧૪ સુધી LPGની પહોંચ આશરે ૫૪% હતી, જ્યારે આ લખાય છે, ત્યાં સુધી LPGની પહોંચ ૮૮% થઈ હતી.

જેમ ભારતમાં આર્થિક વિકાસને વેગ મળ્યો છે, તેમ પેટ્રોલિયમ ઉત્પાદનોનો વપરાશ વધ્યો છે, જેની સીધી અસર વાતાવરણમાં પ્રદૂષણ પર થાય છે. પેરિસમાં COP૨૧માં ભારતની આબોહવામાં ફેરફાર પ્રત્યેની કટિબદ્ધતાઓને અનુરૂપ કેન્દ્ર સરકારે કેટલાંક નીતિગત પહેલો અને પ્રક્રિયાઓ હાથ ધરી છે, જેથી વાહનમાંથી ઉત્સર્જન ઘટે અને ઈંધણની કાર્યદક્ષતા વધે.

ભારત ઈંધણની ગુણવત્તા અને વાહનનાં ઉત્સર્જનનાં ધારાધોરણો ભારત સ્ટેજ (BS) માટે નિયમનકારી માર્ગદર્શનને અનુસરે છે તેમજ એપ્રિલ, ૨૦૧૭માં દેશભરમાં તમામ પેટ્રોલ પમ્પો પર BS IV નિયમોનો અમલ સફળતાપૂર્વક કર્યો હતો.

ઉપરાંત સરકારે BS IVમાંથી BS VIમાં સીધી હરણફાળ ભરવાનો સાહસિક નિર્ણય કર્યો છે. BS IVની સરખામણીમાં BS VI પ્રમાણભૂત ઈંધણ અતિ ઓછું પ્રદૂષણ ફેલાવે છે તેમજ Euro VI જેવા આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને સમકક્ષ છે. BS VIને એપ્રિલ, ૨૦૧૮માં દિલ્હીમાં પેટ્રોલ પમ્પો પર સક્રિયપણે શરૂ કરવામાં આવ્યું છે અને એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં ભારતભરમાં એનો અમલ શરૂ થઈ જશે.

ઝડપી આર્થિક વૃદ્ધિ સાથે ભારતનાં આબોહવાનાં સંતુલિત પડકારનાં સંબંધમાં જૈવઈંધણો અતિ ઉપયોગી છે. જ્યારે આપણે કૃષિ અર્થતંત્રથી આગળ પ્રગતિ કરવા અગ્રેસર છીએ, ત્યારે આજીવિકા માટે લાખો-કરોડો લોકો કૃષિ પર નિર્ભર છે અને આજીવિકા માટે ખેતરોમાં કામ કરે છે. ઉત્તર ભારતમાં મોટા ભાગનાં ખેડૂતો દ્વારા




શિયાળામાં કૃષિ કચરાને બાળવાને કારણે આકાશમાં તીવ્ર ધુમ્મસથી પરિચિત હશે.

કૃષિ કચરાનાં દહનથી ઊભી થતી પર્યાવરણનાં પ્રદૂષણની સમસ્યા અને ભારતીય ખેડૂતો માટે વધારાની આવક પેદા કરવી એમ આ બંને સમસ્યાઓનું સમાધાન કરવાનાં ઉદ્દેશ સાથે ભારત સરકારે વર્ષ ૨૦૧૮માં સીમાચિહ્નરૂપ રાષ્ટ્રીય જૈવઈંધણ નીતિને મંજૂરી આપી હતી.

આ માટે સરકારે ૧૨ સેકન્ડ જનરેશન બાયો-રિફાઇનરીઓ સ્થાપિત કરવાની યોજના બનાવી છે, જે કૃષિ કચરામાંથી બાયો-ઈથેનોલ પેદા કરવાની ક્ષમતા ધરાવશે. અત્યાર સુધી અમે પેટ્રોલમાં ૪% ઈથેનોલનું મિશ્રણ કરવામાં સફળતા મેળવી છે, જેનાથી ગ્રીન હાઉસ ગેસનાં ઉત્સર્જનમાં ૭.૮ મિલિયન એમટીનો ઘટાડો થયો છે અને ઈંધણની આયાતમાંથી ડોલર ૧૫૨૦ મિલિયન વિદેશી આયાત બચાવવામાં મદદ મળી છે તેમજ અમારો લક્ષ્યાંક પેટ્રોલમાં ૧૦% ઈથેનોલનું મિશ્રણ કરવાનો છે.

બાયોડીઝલ માટેનાં સંભવિત સ્ત્રોત તરીકે ઘરગથ્થુ તેલનો ઉપયોગ કરવામાં રોજગારીનું સારું એવું સર્જન થશે, જે ઈંધણનાં ઉત્પાદનમાં વધારો કરવાની સાથે ખાદ્ય ઉદ્યોગમાં ઉપયોગમાં આવેલા ઘરગથ્થું તેલનું ડાયવર્ઝન પણ અટકાવશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે વર્ષ ૨૦૧૪થી એનાં સૌર અને પવન ઊર્જા પ્રોજેક્ટની ક્ષમતાનું ઝડપથી વિસ્તરણ કરવા પણ અભિયાન હાથ ધર્યું છે.

કેન્દ્ર સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસોની પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા વર્ષ ૨૦૧૦-૧૪ વચ્ચે ૨૯૯.૬૦ મેગાવોટ હતી, જ્યારે વર્ષ ૨૦૧૪-૧૮ વચ્ચે ૩૬૯.૮૦ મેગાવોટ થઈ. કેન્દ્ર સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસોની સૌર ઊર્જાનાં સ્થાપિત પ્રોજેક્ટની ક્ષમતા વર્ષ ૨૦૧૦-૧૪માં ૧૫.૬૩ મેગાવોટથી વધીને વર્ષ ૨૦૧૪-૧૮માં ૭૦.૮૭ મેગાવોટ થઈ હતી.

ભારતમાં સૌથી વધુ નફો કરવાની ક્ષમતા ધરાવતા કોર્પોરેશનમાં સામેલ કેન્દ્ર સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસો તથા સ્વચ્છ ભારત અભિયાન સાથે સંબંધિત વિવિધ કામગીરીઓ પર તેમનાં સીએસઆર ભંડોળનો ૩૩% હિસ્સો ખર્ચ કરવાની કટિબદ્ધતાને પરિણામે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે, જે હજારો લોકો પર કાયમી અસર કરે છે.

પેટા-પ્રોજેક્ટ સ્વચ્છ વિદ્યાલય અભિયાન હેઠળ કેન્દ્ર સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસોએ દેશભરમાં ૨૧,૭૫૦થી વધારે શાળા શૌચાલયોનું નિર્માણ કર્યું છે, જેમાંથી ૯૫% શૌચાલયો ગ્રામીણ વિસ્તારોમાં છે, જેનો ઉપયોગ ૫ લાખથી વધારે કન્યાઓ કરે છે. આ શાળાઓમાં અભ્યાસ અધવચ્ચેથી પડતો મૂકવાનાં દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે સ્વચ્છતા શિક્ષણ અને સશક્તિકરણ માટેનાં

દ્વાર ખોલી શકે છે એ દર્શાવે છે.

જયારે ભારતનો ઈતિહાસ એનાં સ્મારકોની ભવ્યતામાં જળવાયેલો છે, ત્યારે આપણે આ ઐતિહાસિક સ્થળો પર મોટી સંખ્યામાં પ્રવાસીઓએ ફેંકેલો કચરો જોઈએ છીએ. આ સ્થળોની મુલાકાત દર વર્ષે હજારો, લાખો પ્રવાસીઓ મુલાકાત લે છે એટલે સ્વચ્છતાનો સંદેશ ફેલાવવો પ્રસ્તુત છે.

૧૦ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક અને યાત્રાધામનાં સ્થળો પર સ્વચ્છતા જાળવવાની અને મેઈન્ટેનન્સ કરવાની જવાબદારી કેન્દ્ર સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસોએ લીધી છે. આ સ્થળો આખા દેશમાં ફેલાયેલા છે — તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ, તિરુપતિ; કામાખ્યા મંદિર, ગૌહાટી; તાજ મહેલ, આગ્રા; વૈષ્ણોદેવી, કટારા, જમ્મુ; મીનાક્ષી મંદિર, મદુરાઈ; સુવર્ણ મંદિર, અમૃતસર; ગંગોત્રી; યમુનોત્રી; ગયા અને કાલાડી.

ભારત સરકારનાં ઓઇલ અને ગેસનાં જાહેર સાહસોએ કેટલાંક નવા પ્રોજેક્ટ હાથ ધર્યા છે, જેમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને તમિલનાડુનાં તંજાવુરમાં બેન્ડિકૂટ રોબોટિક મેનહોલ ક્લીનર સ્થાપિત કર્યું છે, જેણે માનવીય સફાઈ કાર્યનું સ્થાન લીધું છે. ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)એ ગુજરાત અને રાજસ્થાનમાં વિવિધ સ્થળો પર ઉપયોગ થયેલી સેનિટરી પેડનાં નિકાલ માટે પર્યાવરણને અનુકૂળ ઇન્સિનેરેટર્સ (કચરા-ભઠ્ઠી) સ્થાપિત કર્યા છે, જેનાથી હજારો ગ્રામીણ મહિલાઓને લાભ થયો છે.

ઓએનજીસીએ અસમ, ઝારખંડ અને ત્રિપુરામાં ૩ વોટર એટીએમ અને સોલર આરઓ વોટર પ્યુરિફાયર્સ પણ પ્રદાન કર્યા હતાં, જેનો ઉપયોગ એક લાખથી વધારે લોકો કરે છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે તમિલનાડુમાં અવાડી અને પૂનમાલ્લીમાં દરરોજ ૧૭૪ મેટ્રિક ટન ખાતર પેદા કરવા ૩૩ માઇક્રો કમ્પોસ્ટિંગ સેન્ટર સ્થાપિત કર્યા છે. હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે ચાર રાજ્યોમાં ૫૦,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ માટે ૩૦૦ શાળાઓમાં હાથ ધોવાની સુવિધા પ્રદાન કરવા માટે ટાટા ટ્રસ્ટ સાથે જોડાણ કર્યું છે.

કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકાસ મંત્રાલયે પીવાનાં પાણી અને સફાઈ મંત્રાલય સાથ જુલાઈ, ૨૦૧૮માં ટ્વિન-પિટ શૌચાલયોનું નિર્માણ કરવામાં ૫૦,૦૦૦ કડિયાઓને તાલીમ આપવા માટે સમજૂતીકરાર (MoU) કર્યા હતાં. સ્કિલ ઇન્ડિયાએ કચરાનું વ્યવસ્થાપન કરવા એગ્રિ-રેસિડ્યુ એગ્રીગેટર અને વેસ્ટ મેનેજમેન્ટ મેનેજર જેવી કૌશલ્યલક્ષી ભૂમિકાઓ માટે નવી રોજગારી વિકસાવી છે.

આપણા પ્રધાનમંત્રીનું સ્વપ્ન છે કે, સ્વચ્છતા ભારત સરકારનો કાર્યક્રમ બનીને ન રહેવો જોઈએ અને આ ભારતીયોની આદત બની જવી જોઈએ. સ્વચ્છતા પખવાડા અને સ્વચ્છતા હી સેવા સ્વચ્છ ભારત અભિયાનનો મુખ્ય સંદેશ આપવાની અને ઉજવણી કરવાની તક પ્રદાન કરે છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકાસ મંત્રાલયે આ તક ઝડપીને જાહેર ક્ષેત્રોમાં શ્રમદાન મારફતે સ્વચ્છતામાં હજારો લોકોને સામેલ કર્યા છે તથા વોકેથોન અને સાયકલોથોન રેલીઓ યોજી છે. મને તમને એ જણાવતાં એ ગર્વ થાય છે કે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયને સ્વચ્છ ભારત રાષ્ટ્રીય પુરસ્કારો ૨૦૧૭માં સ્વચ્છ ભારત આંતર-મંત્રાલય પુરસ્કાર એનાયત થયો હતો. હકીકતમાં સ્વચ્છ ભારત અભિયાન મોટા પાયે લોકોની ભાગીદારીથી 'જન આંદોલન' બની ગયું છે તથા તેનાથી સમાજમાં જવાબદારની ભાવના જન્મી છે. જોકે આપણે લાંબી મજલ કાપવાની છે.

આગામી વર્ષે બીજી ઓક્ટોબર, ૨૦૧૯નાં રોજ આપણે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરીશું. ૧૦૦% ઓડીએફ ઇન્ડિયાનો લક્ષ્યાંક હાંસલ કરવો રાષ્ટ્રપિતાને ઉચિત શ્રદ્ધાંજલિ રહેશે.

હું પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકાસ મંત્રાલય અને મારી અંગત ક્ષમતા સાથે સ્વચ્છ ભારત અભિયાન પ્રત્યે સંપૂર્ણ અને અથાકપણે કામ કરવા કટિબદ્ધ છું, જેથી સ્વચ્છ, હરિયાળા, સ્વસ્થ, સ્થાયી અને સામાજિક રીતે સર્વસમાવેશક ભારતનું નિર્માણ થઈ શકે. હું તમને આ અભિયાનમાં સામેલ થવા અને બાપુનાં સ્વચ્છ અને સ્વસ્થ ભારતનું સ્વપ્ન સાકાર કરવા વિનંતી કરું છું.

"જ્યાં સુધી તમે તમારા હાથમાં સાવરણો અને બાલટી ન લો, ત્યાં સુધી તમે તમારાં નગરો અને શહેરોને સ્વચ્છ ન બનાવી શકો." — મહાત્મા ગાંધી.

લેખક ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના પ્રધાન છે.
Email: min.png@nic.in



ગામડાઓમાં મોટાપાયે વિકાસ માટે સરકાર પોતાના તરફથી શક્ય હોય તેવા તમામ પ્રયાસો કરી રહી છે અને આ પ્રયાસોમાં સ્વચ્છતા સૌથી મહત્વપૂર્ણ ઘટક છે. જો ગામડાઓ સ્વચ્છ નહીં હોય તો ગામડાઓનો વિકાસ અધુરો રહેશે.

# સ્વચ્છ અને સ્વસ્થ ગામડાઓ તરફ

**નરેન્દ્ર સિંહ તોમર**

આપણો દેશ ગામડાઓમાં જીવે છે અને ગામડાઓનો વિકાસ થશે ત્યારે જ દેશનો સમાવેશક અને સાકલ્યવાદી વિકાસ શક્ય બનશે. વડાપ્રધાનના નેતૃત્વમાં સરકાર ગ્રામ્ય વિસ્તારોના સાર્વત્રિક વિકાસ માટે કટિબદ્ધ છે. જોકે, ગ્રામીણ ભારત સ્વચ્છ નહી થાય ત્યાં સુધી ગામડાઓના વિકાસનું સ્વપ્ન અપૂર્ણ જ રહેવાની સંભાવના છે. સરકાર ગામડાઓનો વ્યાપક સ્તર પર વિકાસ કરવાનો દરેક પ્રયાસ કરી રહી છે અને આ પ્રયાસોમાં સ્વચ્છતા સૌથી મહત્વની બાબત છે. દેશના ગામડાઓ સ્વચ્છ નહી હોય તો ગામડાઓનો વિકાસ અપૂર્ણ જ રહેશે.

ગામડાઓના વિકાસ માટે અનેક નવીન પ્રયાસો કરવામાં આવ્યા છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે અથવા પરિવર્તન આવવાની પ્રક્રિયા ચાલી રહી છે. ગ્રામીણ લોકોના જીવનમાં ગુણવત્તાપૂર્ણ પરિવર્તન લાવવામાં મહત્વની ભૂમિકા ભજવનારી પહેલમાં સ્વચ્છ ભારત મિશન સૌથી મહત્વની છે.

સ્વચ્છ ભારત મિશન વડાપ્રધાન દ્વારા ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. આ મિશનનો આશય માનવ જીવનને સ્વચ્છ, સ્વસ્થ અને સન્માનપૂર્ણ બનાવવાનો છે. સ્વચ્છતા માત્ર જીવનદાયક જ નથી પરંતુ માનવ વિકાસની આધારશીલા પણ છે. કોઈપણ સમાજ અથવા સમુદાય સ્વચ્છ ન હોય ત્યાં સુધી તે સફળ થઈ શકે નહી. શિક્ષણ, સ્વાસ્થ્ય, ગરીબી નાબૂદી, માનવ વિકાસ સંબંધિત લક્ષ્યાંકોને સ્વચ્છતાની ગેરહાજરીમાં હાંસલ કરી શકાય નહી.

સ્વચ્છતા રાષ્ટ્રના આર્થિક વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપે છે. વડાપ્રધાને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સ્વતંત્રતા દિને રાષ્ટ્રને તેમના સૌપ્રથમ સંબોધનમાં સ્વચ્છ ભારત માટે દેશવાસીઓને આગ્રહભરી હાકલ કરી હતી. તેમણે સ્વચ્છતાને રાષ્ટ્રીય અગ્રતા આપી હતી. નવી દિલ્હીમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરતી વખતે વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતના નાગરિક તરીકે આપણી સામાજિક ફરજ છે કે વર્ષ ૨૦૧૯માં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે સ્વચ્છ ભારતનું તેમનું સ્વપ્ન પૂર્ણ કરવું જોઈએ. આજે સમગ્ર રાષ્ટ્ર તેમની આ હાકલ સાથે એક સ્વરે જોડાયું છે. સમાજના વિવિધ ભાગના લોકોએ તેમની સ્વચ્છતાની આ ચળવળને તુરંત ઉપાડી લીધી છે અને લોકો પૂર્ણ ઉત્સાહથી આ અભિયાનમાં જોડાયેલા રહ્યા છે.

દરરોજ કરોડો ભારતીયો સ્વચ્છ ભારતની પહેલ સાથે જોડાઈ રહ્યાં છે. આજે દેશમાં ૨૨ રાજ્યો, ૪૬૮ જિલ્લા અને ૪,૬૮,૦૦૦ થી વધુ ગામડા ખુલ્લામાં શૌચથી મુક્ત (ODF) થયા છે. ૨જી




ઓક્ટોબર ૨૦૧૪થી દેશમાં ૮.૫૯ લાખ ઘરોમાં શૌચાલયો બન્યા છે. ૨જી ઓક્ટોબર ૨૦૧૪ સુધી શૌચાલય કવરેજ ૩૮.૭૦% હતું અને હાલમાં તે વધીને ૯૩.૯૦% થઈ ગયું છે.

સફાઈ અને સ્વચ્છતાના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં કોઈપણ જગ્યાએ આટલા વ્યાપક સ્તરે પ્રગતિ જોવા મળી નથી. ભારતના આ અસાધારણ પ્રયાસોએ વિશ્વ સમક્ષ એક રાષ્ટ્ર કેવી રીતે ઉત્સાહિત થઈ શકે છે અને સામાજિક મુદ્દાઓ બાબતે પ્રેરિત થઈ શકે છે તેનું એક અજોડ ઉદાહરણ રજૂ કર્યું છે. આજે, ભારતના આ કાર્યક્રમમાંથી પ્રેરણા લઈને વિશ્વના અનેક દેશોએ આ પદ્ધતિ પર આયોજન શરૂ કરીને તેમની શૌચાલયની સ્થિતિમાં સુધારણાનું કામ શરૂ કર્યું છે.

**આપણા ગામડાઓના નસીબનું પરિવર્તનઃ**

સ્વચ્છ ભારતે આજે ગામડાઓનો ચહેરો અને નસીબ બદલી નાંખ્યા છે. કેટલાક અભ્યાસો દર્શાવે છે કે ખુલ્લામાં શૌચથી મુક્ત ગામડાના પ્રત્યેક ઘરોમાં રૂ. ૫૦,૦૦૦ની બચત થઈ છે. આ પરિવારો આ પહેલાં પરિવારના સભ્યોની વિવિધ બીમારીઓની સારવાર પાછળ આ રકમનો ખર્ચ કરી રહ્યા હતા. હવે તેમને આ રકમની બચત થઈ રહી છે. ગ્રામીણ પરિવારો હવે આ બચતનો ઉપયોગ નવી સુવિધાઓ મેળવવા, બાળકોને વધુ સારું શિક્ષણ આપવા અને તેમના જીવનધોરણમાં સુધારો કરવા માટે કરી રહ્યા છે.

લોકોનો સ્વાસ્થ્ય સંબંધિત ખર્ચ હવે ઘટ્યો છે અને વધુ દિવસો માટે કામ કરવા સક્ષમ બન્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન - WHO)ના એક અભ્યાસ મુજબ સ્વચ્છ ભારત મિશનના અમલ સાથે પ્રત્યેક વર્ષે આપણે ગ્રામીણ વિસ્તારોમાં સફળતાપૂર્વક મોટી સંખ્યામાં બાળકોને જીવલેણ બીમારીનો ભોગ બનતા અટકાવી શક્યા છીએ અને પરિસ્થિતિમાં વધુ સુધારો થઈ રહ્યો છે.

**અજોડ પહેલોઃ**

સ્વચ્છ ભારતે ગામોમાં કેટલીક અજોડ પહેલોનું પણ નેતૃત્વ કર્યું છે, જે અગાઉ ક્યારેય જોવા મળી નહોતી. મહિલાઓ સંબંધિત સ્વ સહાય જૂથો (SHG)એ સ્વચ્છતા ચળવળમાં અસાધારણ યોગદાન આપ્યું છે. તેમણે સ્વચ્છતા સંબંધિત કામોમાં તેમની બચતનું રોકાણ કર્યું છે અને આ રીતે તેમણે પર્યાવરણ અને તેમની આજુબાજુના વિસ્તારોને સ્વચ્છ અને સુંદર બનાવવામાં ઘણી જ મહત્વની ભૂમિકા ભજવી છે. સ્વ સહાય જૂથો (SHG)ની મહિલા સભ્યોએ નાણાકીય કટોકટીમાં જોડાયેલા અનેક પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડી છે. સ્વ સહાય જૂથો (SHG)એ પારસ્પરિક સહકારના અનેક પ્રયાસો દ્વારા સામાજિક સદ્ભાવોને મજબૂત કરવામાં પણ મદદ કરી છે.

આપણી પંચાયતના પ્રતિનિધિઓએ પણ સ્વચ્છ ભારત મિશનમાં પ્રશંસાપાત્ર રસ દાખવ્યો છે. તેઓ તેમની પંચાયતોને ODF બનાવવા માટે અસરકારક યોજનાઓ લઈને આગળ આવ્યા, ઉત્સાપૂર્વક અને અસરકારક રીતે તેનો અમલ કર્યો તેમજ તેને જાળવી રાખવા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું. પંચાયતોએ માત્ર આ કાર્યક્રમ સાથે જનતાને જોડવાના અને ગ્રામીણ પંચાયતોને ODFના સહકાર સાથે જોડવાના જ પ્રયત્નો નથી કર્યા પરંતુ તેમણે ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન સંબંધિત પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણ સંબંધિત સ્વચ્છતાને પ્રોત્સાહન પણ આપ્યું છે.

સ્વચ્છ ભારત મિશને હવે એક જાહેર ચળવળનું સ્વરૂપ બનાવ્યું છે અને તેને આગળ લઈ જવાના આશય સાથે ગ્રામીણ વિકાસ મંત્રાલયે તેની મહત્વાકાંક્ષી યોજના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી કાયદો - મનરેગા (MGNREGA) દ્વારા અનેક પગલાં પણ લીધા છે. આ પગલાઓમાં ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા તરફ ગ્રામ પંચાયતોમાં જાગૃતિ વધારવાના પ્રોત્સાહન કાર્યક્રમોનો અને ગામોને આજીવિકા નિર્માણ



સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પ્રોત્સાહિત અને પ્રશિક્ષણ આપવાનો સમાવેશ થાય છે.

મંત્રાલય પ્રત્યેક પરિવારોમાં શૌચાલય અને પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટેના ખાડા, ઘન કચરો વ્યવસ્થાન (વર્મી / NADEP ખાતર માટેના ખાડા), ઘટન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન સંબંધિત કામ (ડ્રેનેજ ચેનલ, લિક્વિડ બાયો-કંમ્પોસ્ટ, રિચાર્જ પિટ), શાળાઓ અને આંગણવાડીઓમાં શૌચાલયો, પાણીને ભૂગર્ભમાં ઉતારવાની નહેરો, વિલેજ ડ્રેઈન્સ, પાણી સ્થિરીકરણ તળાવોના બાંધકામ અને જળ સંચયના કામોમાં કાર્યરત છે. આ બધા જ કામ વપરાશમાં લેવાયેલા ગંદા પાણીના ઉપયોગ માટે કરવામાં આવી રહ્યા છે. પ્રત્યેક ગ્રામ પંચાયતોને સ્વચ્છ પંચાયત બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

**ગંદા પાણીનું વ્યવસ્થાપનઃ**

સમગ્ર વિશ્વ માટે આજે ગંદા પાણીનું વ્યવસ્થાપન કરવું એક મોટો પડકાર છે. ગ્રામીણ વિસ્તાર હોય કે શહેરી ગંદા પાણીના વ્યવસ્થાપન માટે આયોજન અને માળખાગત સુવિધાઓની અછતના કારણે નાગરિકોનું જીવન અસ્વચ્છ બની રહ્યું છે. તેના કારણે બીમારીઓ અને રોગચાળો ફેલાઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં અમને એ જણાવતા આનંદ થાય છે કે તેલંગાણામાં ગંદા પાણીના વ્યવસ્થાપન માટે પરિવાર અને સામાજિક સ્તરે મનરેગા (MGNREGA) દ્વારા ગંદા પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે ખાડા બનાવવામાં આવી રહ્યાં છે.

આ જ રીતે મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ગંદા પાણીને ભૂગર્ભમાં ઉતારવા ખાડા બનાવવા માટે મનરેગા (MGNREGA) ફંડ્સનો ઉપયોગ થઈ રહ્યો છે, જેણે ગામડાઓમાં મચ્છરોનો ઉપદ્રવ દૂર કરવામાં મદદ કરી છે. આ યોજનાઓનો ૩૦ જેટલા ગામડાઓમાં અમલ કરવામાં આવ્યો



હતો. આ પગલાઓથી તેમને ખાતરી થઈ છે કે ગંદા પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે ખાડાઓનું નિર્માણ કરીને, મચ્છરના સંવર્ધનને નિયંત્રિત કરી શકાયા છે, આથી ગામના લોકો શાંતિથી ઊંઘી શકે છે અને મચ્છર દ્વારા ફેલાતા રોગોથી તેઓ સુરક્ષિત રહી શકે છે.

મિઝોરમના અઈઝાવલ જિલ્લામાં ત્લેનગુઅમ આર જી બ્લોકની બંધાયેલી લિંગપુઈ પાણીની ટાંકીનો પ્રોજેક્ટ મનરેગા (MGNREGA) યોજના હેઠળનો એક નવતર પ્રયોગ હતો. આ પાણીની ટાંકીનો આકાર વિમાન સમાન છે. રસપ્રદ વાત એ છે કે ટાંકીના અમુક-અમુક જગ્યાએ જાહેર નળીઓ મૂકવામાં આવી છે, જેમાંથી લોકોને પીવાનું સુરક્ષિત પાણી પૂરું પાડવામાં આવે છે. ટાંકીના વિસ્તારમાં બનાવવામાં આવેલ શૌચાલયનો ઉપયોગ પણ ચૂકવણીને આધારે થાય છે. આ સુવિધા અને અદ્યતન ગોઠવણ સાથે વોટર ટેન્ક બહુહેતુક સંપત્તિ બની ગઈ છે. તે ગ્રામ પંચાયત માટે કમાણીનું એક સાધન પણ બન્યું છે.

હરિયાણા સરકારે પણ મનરેગા યોજના હેઠળ પાણીના સંચય અને ઉપયોગ માટે ગ્રામીણ વિસ્તારોમાં પાંચ તળાવની વ્યવસ્થા ઉભી કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પાણીના સુવ્યવસ્થિત નિકાલ અને ગામના વાતાવરણને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો જ છે, જેથી ગ્રામજનોને ઉચ્ચ ગુણવત્તા યુક્ત જીવન મળી શકે. કેરળના થ્રિસુર જિલ્લાના માટીલાકમ બ્લોકની અરિયદ ગ્રામ પંચાયતે બાંધકામ માટે જરૂરી માલ-સામાનના ઉત્પાદનની શરૂઆત કરી હતી. મનરેગા હેઠળ વ્યક્તિગત ઘરોના શૌચાલયો બનાવવા માટે આ ગ્રામપંચાયતમાંથી સિમેન્ટ કોન્ક્રીટ મોકલવામાં આવે છે. મનરેગા યોજના હેઠળ કચરામાંથી જૈવિક ખાતાર બનાવાના પ્લાન્ટની પણ રચના કરવામાં આવી છે.

**વ્યક્તિગત સ્વચ્છતા :**

કેન્દ્ર સરકારની મનરેગા યોજના હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં ફંડ ગ્રામીણ ક્ષેત્રની સ્વચ્છતા માટે ફાળવવામાં આવે છે અને આ મૂડીરોકાણનું ધાર્યા પ્રમાણેનું ફળ પ્રાપ્ત થયું છે. આ સ્કીમ અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં વ્યક્તિગત ટોઈલેટ બનાવા માટે કુલ રૂ. ૯૨,૪૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગત વર્ષે આ આંકડો ૧૩,૯૩૫ લાખની

આસપાસ રહ્યો હતો. સોકેજ ખાડાના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના ૨૯૩૮ લાખની સામે ગત વર્ષે કુલ રૂ. ૧૫,૫૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન વર્મી અથવા NADEPમાં ખાતર ખાળકૂવાની રચના થકી ઘન કચરાના નિકાલ માટે રૂ. ૧૬૭૬ લાખ ખર્ચાયા હતા, જે ગત વર્ષે વધીને રૂ. ૫૪૮૫૩ લાખના સ્તરે પહોંચ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ડ્રેનેજ ચેનલો, પ્રવાહી બાયો ખાતર, ખાળકૂવાના રીચાર્જ, સ્કૂલ અને આંગણવાડીના ટોઇલેટ, સોકેજ ચેનલો, વિલેજ ડ્રેઇન્સ અને સંગ્રહીત સ્ટેબિલાઈઝેશન તળાવો દ્વારા ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે રૂ. ૪૯૫૧૨ લાખ વપરાયાં હતા. આની સરખામણીએ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં આ બધા કામ માટે રૂ. ૮૫,૨૨૧ લાખ ખર્ચવામાં આવ્યા હતા. પાણી સંરક્ષણ પાછળ પણ ૨૦૧૪-૧૫માં ૪૭૧૨૩૦ લાખ ફાળવાયા હતા.

જોક આ રકમની તુલનામાં ૨૦૧૭-૧૮નું ભંડોળ રૂ. ૬૯૨૨૧૬ લાખ રૂપિયા હતું. સ્વચ્છતા સંબંધિત બધા જ કામો માટે વર્ષ પ્રમાણે જોઈએ તો ૨૦૧૪-૧૫માં રૂ. ૬૧૭૭૯૨ લાખ, ૨૦૧૫-૧૬માં રૂ. ૬૯૮૩૫૭ લાખ, ૨૦૧૭-૧૮માં રૂ. ૯૮૭૮૨૨ લાખનો ખર્ચો થયો હતો. ચાલુ નાણાંકીય વર્ષ સાથે સરખાવવામાં આવે તો આજદિન સુધી આ પ્રકારની યોજનાઓ પાછળ રૂ. ૫૯૩૦૭૦ લાખ રૂપિયા વપરાયાં છે. આ રીતે મનરેગા (MGNREGA) યોજના હેઠળ જ ગ્રામીણ વિસ્તારના સ્વચ્છતના વિવિધ કામો પાછળ નોંધપાત્ર પ્રમાણમાં પૈસા ખર્ચાયા છે અથવા ખર્ચવામાં આવે છે.

**વાસ્તવિક સિદ્ધિઓ :**

જો આ પૈસાની અને મનરેગાની વાસ્તવિક સિદ્ધિઓ પર નજર નાખીએ તો મનરેગા ફંડ થકી ૨૦૧૪-૧૫માં ગ્રામીણ સ્વચ્છતા મિશન હેઠળ ૧૩.૮૮ લાખ વ્યકતિગત ટોઈલેટ બનાવામાં આવ્યાં હતા. ૨૦૧૫-૧૬ દરમિયાન ૭ લાખ, ૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષમાં ૭.૫ લાખ અને ૨૦૧૭-૧૮માં મનરેગા ફંડમાંથી ૯ લાખ શૌચાલય બનાવામાં આવ્યાં છે.

૨૦૧૬-૧૭માં સોકેજ ખાડાના બાંધકામમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. ૨૦૧૫-૧૬ના ૩૭,૦૦૦ ખાડાની સામે ૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષમાં ૪૨૧૫૫૩ ખાડા બનાવ્યા છે. ૨૦૧૭-૧૮ના વર્ષમાં આ આંકડો ૨૧૯૦૦૦ને પણ પાર નીકળ્યો હતો. વર્મી અથવા NADEP ખાતર કૂવાના બાંધકામમાં પણ ઉછાળો નોંધાયો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ૩૭,૦૦૦ જેટલા સોકેજ ખાડાઓની સામે ૨૦૧૬-૧૭માં આ આંકડો ૪૨૧૫૫૩ થયો અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૧૯૦૦૦ સોકેજ ખાડા બનાવામાં આવ્યાં હતા. વર્મી/NADEP ખાતર ખાડાઓ દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના કાર્યમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ૨૦૧૪-૧૫ માં ૫૦૦૦ ખાતર ખાડાની સામે ૨૦૧૬-૧૭માં ૧૮૨૦૦૦ અને ૨૦૧૭-૧૮ માં ૨૫૪૦૦૦ ખાતર ખાડાની રચના થઈ હતી.

ડ્રેનેજ ચેનલો, પ્રવાહી બાયો ખાતર, રિચાર્જપિટ, સ્કૂલ અને આંગણવાડી ટોઇલેટ, સોકેજ ચેનલ, ગ્રામીણ ડ્રેઇન્સ અને સ્ટેબિલાઇઝેશન તળાવ જેવા કાર્યો દ્વારા સોલિડ અને લિક્વિડ કચરાના વ્યવસ્થાપનમાં પણ નોંધપાત્ર પ્રગતિ થયેલ દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં આ પ્રકારના ૮૨૫૬૪ કામો પૂર્ણ કરવામાં આવ્યાં હતા. જોકે ૨૦૧૬-૧૭માં આ આંકડો ૩૮૨૭૨૫ના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો અને ફરી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ઘટીને ૧૮૩૦૦૦ના લેવલે પહોંચ્યો હતો.

પાણી સંરક્ષણ કાર્યો માટે પણ મનરેગા ફંડ્સનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં આવે છે અને તેમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૧૪ -૧૫માં પાણી સંરક્ષણ સંબંધિત આંતરમાળખાકીય વિકાસના ૨૭૬૦૦૦ કામ પાર પાડવામાં આવ્યા હતા. ત્યારબાદના ત્રણ વર્ષોમાં આ અંક ૨૭૭૦૦૦ થી ૬૦૦૦૦૦ના લેવલે પહોંચ્યો હતો. જોકે ફરી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પાણીના સંરક્ષણ સંબંધિત ૩૮૪૦૦૦ કામ જ પાર પાડી શકાયા હતા.

**પડકારોનો સામનોઃ**

ઉપરોક્ત બધી જ હકીકતો અને માહિતી સ્પષ્ટ રીતે સૂચવે છે કે સરકાર ગ્રામીણ ક્ષેત્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને દરેક ગામને દરેક બાબતે સ્વચ્છ અને સુરક્ષિત બનાવા કટિબદ્ધ છે. કોઈ પણ દેશના આધારસ્તંભ ગણાતા ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે સાચા અર્થમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય કાર્યરત બન્યું છે. મંત્રાલય એકંદર સ્વચ્છતાને પ્રાધાન્ય આપીને ગ્રામીણ વિકાસ માટે એકરૂપ અને અથાક પ્રયત્નો કરી રહ્યું છે. આ એક મહત્વનું પાસું છે જેને અવગણી શકાય નહિ.

MGNREGA યોજના ભારત જેવા વિશાળ દેશની કાયાપલટ કરનાર અને દેશના મૂળને સંચય કરવાની આ યોજનાનું સંચાલન મિનિસ્ટરી ઓફ રૂરલ ડેવલપમેન્ટ કરે છે. મંત્રાલય આ યોજનાને સમજી છે, તેના ગ્રાઉન્ડ લેવલના મહત્વને સમજયાં છે અને આ યોજના હેઠળ સામે આવેલ અનેક ઉદાહરણો સૂચવે છે કે ગ્રામીણ અને મધ્યમ શ્રેણીના લોકો દેશની સ્વચ્છતા, શાન અંગે સભાન બન્યાં છે. નાગરિકો જાગૃત બનીને ફરી ભારતને એક ઉચ્ચ રાજ્ય બનાવામાં કામે વગળ્યાં છે. તેઓ ગ્રામીણ ભારતને સ્વચ્છ બનાવવાનું નિરાકરણ કરે છે.

ગ્રામ પંચાયતો હવે માત્ર વ્યક્તિગત

ઘરના શૌચાલય દ્વારા સ્વચ્છતા તરફ આગળ નથી વધી રહ્યાં પરંતુ, વર્મીકોમ્પોસ્ટિંગનો પણ બહોળો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્મીકોમ્પોસ્ટિંગ થકી કચરો સાફ કરવા માટે પણ મોટા પાયે પગલાઓ લેવામાં આવી રહ્યાં છે.

ડ્રેનેજ ચેનલ, પ્રવાહી બાયો ખાતર, ખાડાઓને ફરી સુશોષ્પિકરણ, શાળા અને આંગણવાડીના ટોઈલેટ, સોકેજ ચેનલ્સ, વિલેજ ડ્રેઈન્સ અને તળાવની સ્થિતિ જાળવીને મનરેગાને વધુ મજબૂત, સક્ષમ અને કાર્યક્ષમ બનાવવામાં ગ્રામ પંચાયતો મહત્વની અનન્ય ભૂમિકા ભજવી રહ્યાં છે. જોકે ભારત દેશ તેની વિવિધતા માટે જ પ્રખ્યાત છે અને ભારતના ગામોની વિવિધતાને આધારે સેનીટેશન માટે કોઈ એક મોડલ અપનાવું મુશ્કેલ છે.

એક અંદાજ તેના પરથી જ આવશે કે દેશમાં કુલ ૨૩૮૬૧૭ ગ્રામ પંચાયતો છે, તેની સર્વસમાન સમસ્યા, સુવિધા ન હોય અને તેના માટે એક મોડલ નિષ્કર્ષ/નિરાકરણ ન હોય. હા એ વાત જરૂરી છે કે આપણે એવા પગલાં જ લેવા જોઈએ જે ગ્રામીણ વિકાસમાં જરૂરી હોય, સરળતાથી અનુસરી શકાય, વધુ ટેક્નિકલ જ્ઞાનની જરૂર ન હોય અને સૌથી મહત્વનું આર્થિક રીતે પરવડે તેવું હોવું જોઈએ.

ગ્રામીણ ભારતને સ્વચ્છ બનાવવા અને તેના અસરકારક અમલીકરણ માટે વર્તમાન સરકાર દ્વારા લેવામાં આવી રહેલ પગલાં રચનાત્મક લાગી રહ્યાં છે અને તેની જમીની પરિણામો જોવા પણ મળી રહ્યાં છે.

ખરેખર ગ્રામીણ વિકાસની આ નવીન પહેલને કારણે દેશના રૂરલ ક્ષેત્રના લોકોને સ્વચ્છ અને સુરક્ષિત તથા સમતુલાવાળું જીવન પૂરું પાડવામાં મહત્વનો સપોર્ટ મળી રહ્યો છે. આપણા વડાપ્રધાને ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮થી ૨જી ઓક્ટોબર, ૨૦૧૮ને 'Swachhata Hi Sewa' (સ્વચ્છતા હી સેવા) નામ આપી દેશને વધુ એક ઉંચા લેવલે લઈ જવા આહ્વાન કર્યું હતુ.

આ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોનો ઉત્સાહ ખૂબ પ્રશંસાપાત્ર છે. આ સંદર્ભમાં, હું મારા દેશના પ્રિય ગ્રામજનોને વિનંતી કરું છું આ નવતર પ્રયોગને માત્ર ઓક્ટોબર સુધી મર્યાદિત ન રાખતા પરંતુ, તેને તમારા દૈનિક જીવનનો એક અભિન્ન અંગ બનાવો, તેને આદત બનાવો અને ગામ, શેરીઓ, અન્ય વિસ્તારોની સ્વચ્છતા, પર્યાવરણને સુધારવામાં મહત્વનો ફાળો આપો. ખરા અર્થમાં New Indiaની રચનામાં આપણા સૌ તરફથી આ અનન્ય ફાળો રહેશે.

લેખક ભારત સરકારના ગ્રામ વિકાસ, પંચાયતી રાજ અને ખાણ મંત્રાલયના પ્રધાન છે.
E-mail: ns.tomar@sansad.nic.in

## Our New Address

Editor, Yojana Office, Publications Division
Min. of I&B, Govt of India

C/O Press Information Bureau, 2nd Floor,
Akhandanand Hall, Bhadra, Mother Teresa Road,
Near CNI Church, Opp. Victoria Garden.
Ahmedabad-380001. Gujarat.

E-mail: yojanagujarati@gmail.com
Phone: 079 - 26588669.

(for subscription queries:
Monday to Friday: 2 PM to 4 PM)

For new subscription, please ask for subscription form and guidelines via e-mail.

**યોજના વાંચો,**
**યોજના વંચાવો,**
**યોજના વસાવો**

# સ્વાસ્થ્યવર્ધક ક્રાંતિ : વ્યાપક સ્તર પર અમલ

પરમેશ્વરન ઐયર




> આજે, ભારત ૯૫ % કરતા પણ વધારે ગ્રામ્ય સ્વચ્છતા વ્યાપ ધરાવે છે. અસામાન્ય રીતે ૮૭ મિલિયન ઘરોમાં શૌચાયલનું નિર્માણ કર્યા બાદ, દેશમાં ૫.૧ લાખ ગામ, ૫૨૯ જિલ્લા અને ૨૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્ત બન્યા છે. સ્વચ્છતા માટેનું સ્વચ્છ ભારત મોડલ ભારતને સ્વચ્છતા ક્રાંતિ તરફ દોરી ગયું છે, જેની અસર સમગ્ર વિશ્વમાં વર્તાઇ રહી છે.

એક દેશ તરીકે, ભારત ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે અતુલ વૈવિધ્યતા રજૂ કરે છે. ૧.૩ અબજ લોકોની વસ્તીમાં, લગભગ ૭૦ % લોકો ૭૦૦ જિલ્લાના ૬,૦૦,૦૦૦ ગામોમાં વસે છે.

જોકે, ૨૦૧૪ સુધી, દેશમાં ૬૦૦ મિલિયન લોકો (વિશ્વના ખુલ્લામાં કુદરતી હાજતે જનારા લોકોની સંખ્યાના ૬૦% લોકો) ખુલ્લામાં કુદરતી હાજતે જવા માટે મજબૂર હતાં. તમે કલ્પના કરો કે તેના કારણે રોગચાળા અને બિમારીઓનો ભય,ઉત્પાદક સમયનું નુકસાન, હિંસા, ખાસ કરીને મહિલાઓ અને બાળકો પ્રત્યે હિંસાનો ખતરો અને પાયાના માનવીય સન્માનની સ્થિતી કેવી હશે.

જોકે, ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ બધું જ પરિવર્તિત થઇ ગયુ હતું, જ્યારે ભારતના પ્રધાનમંત્રી તરીકે પોતાના પહેલા સ્વતંત્રતા ભાષણ દરમિયાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાથી ભારતને ઐતિહાસિક યાત્રાના પંથે મૂક્યું હતું, આ યાત્રા ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્તિની (ODF), સ્વચ્છ ભારતની હતી.

આ પહેલા ક્યારેય કોઇ પ્રધાનમંત્રીએ સ્વચ્છતા અને શૌચાલયને રાષ્ટ્રીય વિકાસના એજન્ડામાં સૌથી આગળ નહોતો મૂક્યો. વિશ્વની સ્વચ્છતા અંગે સૌથી મોટી ચિંતાના સંકટ, જ્યાં લગભગ ૬૦૦ મિલિયન લોકો ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે, ત્યાં હવે છેલ્લા ચાર વર્ષમાં ચાલેલી સ્વચ્છતા ક્રાંતિને કારણે ૫૦૦ મિલિયન જેટલા લોકો પાસે શૌચાલયની સુવિધા છે.

આજે, ભારતનો ગ્રામીણ સ્વચ્છતા વ્યાપ ૯૫ % કરતાં પણ વધારે છે- આ એવી ટકાવારી છે જેની કલ્પના આજથી ચાર વર્ષ પહેલા આપણે દૂર-દૂર સુધી પણ નહોતી કરી શકતા. દેશમાં અસાધારણ રીતે ૮૭ મિલિયન શૌચાલયોના નિર્માણ બાદ, ૫.૧ લાખ ગામ, ૫૨૯ જિલ્લા અને ૨૫ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશો હવે ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્ત બન્યા છે.

વધુમાં, તાજેતરમાં જ વિશ્વ બેન્ક દ્વારા સમર્થન પ્રાપ્ત એક વ્યાપક સ્તરના ઘરેલુ સર્વેક્ષણનાં નિષ્કર્ષોમાં જાણવા મળ્યું હતું કે સર્વેક્ષણ હેઠળ આવરી લેવામાં આવેલા ૯૩% પરિવારો, જેમને ત્યાં શૌચાલય હતા, તેઓ તેનો ઉપયોગ કરતા હતા, જે બાબત સ્વચ્છ ભારત મિશનની કેન્દ્રીય બાબત હોય એવા વ્યેવહારમાં પરિવર્તન આવ્યું હોવાની વાતને સમર્થન આપતી હતી.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન, સ્વચ્છ ભારત મિશન તમામ ક્ષેત્ર અને વર્ગના લોકો માટે એક ઘરેલુ નામ બની ગયું હતું.વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોર્પોરેટ્સ, સિવિલ સોસાયટી અને સરકાર સૌ કોઇ આ દેશને સ્વચ્છ અને હરિત બનાવવાની દિશામાં પોતાનું પ્રદાન કરી રહ્યાં છે. એટલી જ મહત્વપૂર્ણ હકીકત આ પણ છે કે આ અભિયાન દેશને સમાવેશી વિકાસ તરફ દોરી

ગયું છે, જે સમાજના તમામ વર્ગના લોકોને તેમની વય, જાતિ, લિંગ, ધર્મ અને શારીરિક ક્ષમતા પર ફાયદો પહોંચાડી રહ્યું છે.

તો હવે પ્રશ્ન આ છે કે ભારતમાં, ખુલ્લામાં કુદરતી હાજત જનારા લોકોમાં સૌથી વધુ પ્રદાન કરનારા દેશમાંથી વિશ્વમાં સૌથી મોટું વર્તન-વ્યવહાર પરિવર્તનનું સૌથી મોટું અભિયાન કેવી રીતે બની ગયું? આ વર્ષો દરમિયાન સ્વચ્છતાં અંગેના વૈશ્વિક નિષ્ણાતોએ વારંવાર આ વાત પર ભાર આપ્યો છે કે વર્તન-વ્યવહારમાં પરિવર્તન માટેની મહત્વપૂર્ણ રણનીતિ કમ્યુનિટી એપ્રોચ ટૂ સેનિટેશન – સ્વચ્છતા પ્રત્યે સામુદાયિક અભિગમ- (CAS) અને કમ્યુનિટી લેડ ટોટલ સેનિટેશન – સમુદાયના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા (CLTS) છે.

તેમ છતાં વર્ષ ૨૦૧૪માં, આ બાબત સ્પષ્ટ હતી કે ઉપર ઉલ્લેખિત કેટલાક સાધનો જરૂરી હતા, પણ જ્યારે સૌથી મોટો પડકાર સમસ્યાનું મોટું સ્વરૂપ હતું, ત્યારે તે સાધનો પૂરતાં નહોતા.

તેથી સ્વચ્છ ભારત મિશન (SBM)એ ચાર 'S' સ્કેલ, ઝડપ, કલંક, ટકાઉપણું (Scale, Speed, Stigmas Sustainability)ના પડકારોને પહોંચી વળવાની દિશામાં પોતાની રણનીતિને બદલાવી અને સુદ્રઢ કરવી પડી હતી.

**૧. સ્કેલઃ**

૬૦૦ મિલિયન લોકોના વર્તન-વ્યવહારમાં પરિવર્તનની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે SBMએ પોતે જે સ્તરે કામ કરવાનું છે તેનો સ્વીકાર કર્યો હતો. સમુદાય અને વ્યક્તિ વિશેષના વર્તન-વ્યવહારને પરિવર્તિત કરવાની ક્ષમતા ધરાવતી રાષ્ટ્રીય ટીમ સ્વચ્છ ભારત સાથે તેના પ્રત્યે પ્રતિભાવ આપ્યો હતો. આજે આ ટીમમાં ૧૨૦ મિલિયન જેટલા સ્કૂલના વિદ્યાર્થીઓ, ૧ મિલિયન કડિયા ( જે પૈકી ૧૦૦૦૦૦ મહિલા છે), ૫,૦૦,૦૦૦ સ્વચ્છાગ્રહીઓ, ૨,૫૦,૦૦૦ સરપંચ, ૭૦૦ જિલ્લા કલેક્ટર, ૪૦૦ જિલ્લા સ્વચ્છ ભારત પ્રેરક, ૨૦ નામાંકિત બ્રાન્ડ એમ્બેસેડર્સ સામેલ છે, અને આ તમામ લોકોનું નેતૃત્વ એકમાત્ર કમ્યુનિકેટર-ઇન-ચીફ એવા ભારતના વડાપ્રધાન કરી રહ્યાં છે.

**૨. સ્પીડ (ઝડપ):**

આ અભિયાનનો પ્રારંભ કરવા અને તેનો દેશભરમાં વિસ્તાર કરવા માટે એક પ્રકારની તાકીદ જરૂરિયાતની જરૂર હતી. અને આ અંગે પ્રધાનમંત્રીએ કરેલી જાહેરાતે અભિયાન અંગે ઉદાસીન વલણને ટાળવા માટે ઓક્ટોબર, ૨૦૧૯ના દિવસને મિશન માટે નક્કી કરી દીધો હતો અને ભારતના સ્વચ્છતાં અભિયાનને વેગ આપ્યો હતો.

ટીમની રચનામાં પણ ઝડપની જરૂર હતી, જે બાબત આ અભિયાનની નબળી કડી સમાન હતી. પ્રારંભથી જ ટીમની રચના કરીને SBMએ પહેલાથી જ સુનિશ્ચિત કરવાનું હતું કે ટીમનો દરેક સભ્ય આ અભિયાનમાં પોતાનો પૂરો વિશ્વાસ ધરાવે.

આ બાબત નેતૃત્વમાં વાસ્તવિક વર્તન-વ્યવહાર પરિવર્તન હતું, જે મિશનને આગળ લઇ ગયું હતું અને જેણે PM-CM-DM-VM મોડલને જન્મ આપ્યો હતો. પ્રધાનમંત્રીએ ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં ભારતને ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્ત (ODF) બનાવવાનું વિઝન આપ્યું હતું, તો મુખ્યમંત્રીઓએ રાજ્ય સ્તરે આ અભિયાનને નેતૃત્વ પૂરું પાડ્યું હતું અને જિલ્લા મેજિસ્ટ્રેટ્સે જિલ્લા સ્તરે સ્વચ્છતાને પ્રાધાન્યતા પ્રદાન કરીને SBM પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું અને એટલું જ નહીં તેમણે ગ્રામ્ય પ્રેરકો, સ્વચ્છાગ્રહીઓને આંતર-વ્યક્તિગત સંવાદ માટે પ્રેરિત કર્યા હતા અને ગ્રામ્ય સ્તરે વર્તન અને વ્યવહારમાં પરિવર્તનનું નેતૃત્વ કર્યુ હતું.

**૩. સ્ટિગ્મા અને મિથ (કલંક અને માન્યતા):**

વિભિન્ન સમુદાયોમાં પેઢીઓથી ઘર કરી ગયેલી કંલક કે ખોટી બાબતની લાગણી અને ખોટી માન્યતાઓનો સ્વીકાર કર્યા વિના એક મોટા જનસમૂહના વર્તન અને વ્યવહારમાં પરિવર્તન આણવાના હેતુંને પ્રાપ્ત કરવા SBMને ત્વરિત રીતે લાગુ કરી શકાય તેમ નહોતું. ગ્રામીણ ભારતમાં સ્વચ્છતા અને શૌચાયલો અંગે ધણા પ્રકારની ખોટી માન્યતાઓ અને ભ્રમણાઓ હતી. જેમ કે શૌચાલયોની જરૂર માત્ર મહિલાઓ અને બાળકો ને છે, અને ઘરની અંદર શૌચાલય હોવું અપવિત્ર અને અશુદ્ધ બાબત છે, અને શૌચાલયની સફાઇ કરવીએ આપણી ફરજ નથી અને ઘણી અન્ય બાબતો હતી.

આ બાબતોનો ઉકેલ લાવવાની સાથે જ, કેન્દ્રીય સ્તરે માસ મીડિયા અભિયાનનો પ્રારંભ કરાયો હતો, જેમને પોતાનો સંદેશ અને ભ્રમણા દૂર કરવાની બાબત સામેલ હતી. બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન અને અભિનેત્રી અનુષ્કા શર્મા સાથેનું દરવાજા બંધ અભિયાન શૌચાલય સુધી પહોંચ કરતા પણ આગળ વધ્યું હતું અને તેણે જનતાને શૈચાલયોનો ઉપયોગ માત્ર મહિલાઓ અને બાળકો જ નહી પણ પરિવારના બધા સભ્યો માટે જરૂરી હોવાનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ અક્ષય કુમાર અભિનીત ફિલ્મ ટૉઇલેટ –એક પ્રેમ કથા રીલીઝ થવાની સાથે જ લોકોનું ધ્યાન આ સમસ્યા, મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા અવરોધો અને અંતે સમુદાયમાં સ્વચ્છતાપૂર્ણ અને સુરક્ષિત શૌચાલયની સુવિધાની પ્રાપ્તિનું તાદશ ચિત્રણ જોવા મળ્યું હતું.

**૪. સસ્ટેઇનિબિલિટી (ટકાઉપણું):**

આજે જ્યારે સ્વચ્છતા ક્રાંતિ દેશમાં પોતાનો વેગ પકડી રહી છે ત્યારે, SBMએ તેની સાથે જ સમાંતર રીતે પાયાના સ્તરે પ્રગતિ અને જન આંદોલનને જાળવી રાખવા પર પોતાનું ધ્યાન કેન્દ્રીત રાખ્યું છે.



**સ્થિરતા (ટકાવી રાખવાની)ની રણનીતિના મુખ્ય પરિબળો :**

- **ODF – ક્વોલિટી (ODF-Q):** તેના અન્વયે સ્વચ્છતા મિશન અન્વયે નિર્માણ કરાયેલા દરેક શૌચાલયનું જીઓ-ટેગિંગ કરાય તે જરૂરી છે. તમામ ગામોમાં શૌચાલયોના નિર્માણની બેવડી ખરાઇ કરાય છે, જેમાં હિતગ્રાહી દ્વારા સ્વયં-જાહેરાત અને થર્ડ પાર્ટી ખરાઇ સામેલ છે. નબળી ગુણવત્તાના કેસમાં, રાજ્ય સરકાર દ્વારા ત્વરિત રીતે રિપોર્ટ માગીને કાર્યવાહી કરવામાં આવે છે.
- **ODF – સસ્ટેઇનેબિલિટી (ODF-S):** ODF પ્રાપ્તિ બાદ પણ વ્યવહાર પરિવર્તન અંગેનો સંદેશ જળવાઇ રહે તે બાબત સુનિશ્ચિત કરે છે. અભિયાનની સ્થિરતા માટે ઓપરેશન અને મેઇનટેનન્સ (O&M) પ્રક્રિયા મહત્વપૂર્ણ છે. SBM વધુમાં સુરક્ષિત અને સ્વચ્છતાપૂર્ણ શૌચાલય અને સ્વચ્છતા પ્રક્રિયા આગળ પણ અબાધિત રીતે જળવાઇ રહે તે માટે સંસ્થાગત તંત્ર અને નાણાકીય વળતરને સમર્થન આપે છે. તે ઉપરાંત, કેન્દ્રીય પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય SBM બાદ તે જળવાઇ રહે તે માટે એક દસ વર્ષની રણનીતિ પર હાલ કામ કરી રહ્યું છે.
- **ODF પ્લસ, (ODF+):** SBMએ શૌચાલયોથી પણ આગળ જાય છે અને તે ODF ગામડાઓમાં ઘન અને પ્રવાહી કચરાના નિયમનને પ્રાધાન્યતા પ્રદાન કરીને ગામડાઓને સ્વચ્છ બનાવવાની દિશામાં કાર્યરત છે. તેણે ODF ગામોમાં ગ્રામ્ય જળ પુરવઠાને પ્રાધાન્યતા આપી છે, જેના માટે તેણે રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ કાર્યક્રમ સાથે સમન્વય કર્યો છે.

છેલ્લા ચાર વર્ષ દરમિયાન MDWS સરકારના અન્ય મંત્રાલયો અને રાજ્યો સરકારો અને સ્થાનિક સંસ્થાનો, બિન સરકારી સંગઠનો, તેમજ અર્ધ-સરકારી એજન્સીઓ, કોર્પોરેટ સંસ્થા, NGO, ધાર્મિક સંગઠનો, મીડિયા અને અન્ય હિતધાહકો સાથે સતત મળીને કામ કરે છે, અને તેમ કરીને તે સ્વચ્છતાને માત્ર સ્વચ્છતા વિભાગ નહી પણ સૌ કોઇની વસ્તું બનાવે છે.

આ સંદર્ભમાં, વિશેષ સુવિધાઓ અને પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવામાં આવ્યાં છે. જે પૈકીના કેટલાક પ્રમુખ અને નવતર પગલા નીચે પ્રમાણે છે:

- **સ્વચ્છતા પખવાડા:** જ્યાં તમામ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો પખવાડિયા માટે સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ કરે છે.
- **સ્વચ્છ આઇકૉનિક પ્લેસિસ:** આ એક બહુ હિતગ્રાહી પગલું છે, જેનું ધ્યાન સમગ્ર દેશમાં આવેલા ૧૦૦ જેટલા મહત્વપૂર્ણ સ્થળોની તેમના વારસા, ધાર્મિક અને/અથવા સાંસ્કૃતિક મહત્વને જોતા તેમની સફાઇ પર કેન્દ્રીત છે.
- **સ્વચ્છતા એક્શન પ્લાન:** જ્યાં ૭૬ મંત્રાલયો/વિભાગોએ તેમની સ્વચ્છતા યોજના અને ગંગા નદીના કિનારાના ગામડાઓને ODF બનાવવા માટે રૂ. ૫૨૪૮ કરોડનું ભંડોળ ફાળવ્યું છે.
- **સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮:** આ તાજેતરમાં હાથ ધરાયેલું પગલુ છે, જેમાં એક સ્વતંત્ર સેનિટેશન સર્વેક્ષણ દેશના ૬૯૮ જિલ્લાઓના ૬૯૮૦ ગામોમાં હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન હવે વિશ્વનું સૌથી મોટું સ્વચ્છતા અભિયાન બની ગયું હોવાનું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. નિશ્ચિત રીતે જ, તે એક મોટા જનઆંદોલનમાં બદલાઇ ગયું છે જ્યારે તમામ સ્તરે જનતા અવિરતપણે વર્તન અને વ્યવહારને બદલીને લક્ષ્યાંકોની પ્રાપ્તિ કરી રહી છે.

અહી આ કહેવું તદ્દન બિન જરૂરી છે કે, આ અભિયાનમાં મહિલાઓનું પ્રદાન અપૂર્વ છે. કારણકે આ અભિયાને તેમના માટે જરૂરી એવું સન્માન અને સુરક્ષા તેમને પૂરા પાડ્યા છે અને સાથે જ તેમના પરિવારના આરોગ્ય અને ક્ષેમ-કુશળતાની ગેરેન્ટી પણ આપી છે. મહિલાઓએ પોતાના ખાલી સમયનો ઉપયોગ કરીને સ્વચ્છતા પ્રવૃતિઓ કરી હતી અને સાથે જ પોતાના પરિવારોની પણ દરકાર કરી છે.તેઓ સત્તાધીશો સામે ઊભાં રહી અને તેમણે મોટાભાગે પુરુષો દ્વારા અપનાવાતી ભૂમિકાઓને સ્વીકારીને તેમને સારી રીતે નિભાવી હતી, જેમ કે શૌચાલયનું નિર્માણ.

**ODFની આ યાત્રામાં અમારા માટે સૌથી મોટો પ્રેરણાસ્ત્રોત, વ્યવહાર માટે ઊભા થતાં લોકો, અને શૌચાલય અને સ્વચ્છતા સુધી પહોંચનો પોતાનો અધિકાર માગતા લોકોની કહાની છે. અહીં SBM ચેમ્પિયન્સના કેટલાક દૃષ્ટાંતો આપેલા છે:**

- જ્યારે મહિલાઓને કડિયા તરીકે કામની તાલીમ આપવામાં આવી હતી ત્યારે, સુનિતા દેવી ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાયા હતા અને તેઓ ટ્વીન પીટ (બે ખાડા ધરાવતું) શૌચાલય એકદમ યોગ્ય રીતે કેવી રીતે બનાવવું તે શીખ્યા હતા. તેમના કૌશલ્યને જોઇને જિલ્લા તંત્રે તેમને માસ્ટર ટ્રેઈનર બનાવ્યા હતા જેઓ ગામે ગામ ફરીને અન્ય રાની મિસ્ત્રીઓને તાલીમ આપવા લાગ્યા હતા. આજની તારીખે તેમણે ૧૯૦૦ કરતાં પણ વધારે રાની મિસ્ત્રીઓને તાલીમ આપી છે.
- પોતાના પરિવારની સાર-સંભાળની જવાબદારીને પોતાના લક્ષ્યના માર્ગમાં અવરોધક નહીં બનવા દેતા, રાજસ્થાનના બાંસવાડા જિલ્લાની કરજી પંચાયતના શંકરી માવીએ કડિયા અને શ્રમિક તરીકે કામ અપનાવીને પોતાનું શૌચાલય જાતે જ બનાવ્યું હતું. હાથમાં સાધનો સાથે, તેમણે આખો દિવસ અને આખી રાત કામ કર્યુ હતું અને કોઈની મદદ નહોતી લીધી. તેમના મોબાઇલની ફ્લેશ લાઇટ રાતના સમયે તેમની ટોર્ચ હતી અને દિવસ દરમિયાન તેઓ પોતાના ખેતરોમાં પાકની સંભાળ લેતા હતાં. આ રીતે તેમણે પોતાના નિયમિત કૃષિ કાર્યને પણ ન્યાય આપ્યો હતો અને સાથે જ ઘરમાં શૌચાલયનું નિર્માણ કરીને સ્વચ્છતાની જરૂરિયાત પણ પૂર્ણ કરી હતી.
- SBM-Gના સક્રિય અભિયાનકર્તા શમશાલ બેગમના લગ્ન થવાના હતાં. તેઓને જ્યારે સેલફોન દુકાનના માલિક તૌસિફ રેઝા અહમદ તરફથી લગ્નનો પ્રસ્તાવ મળ્યો હતો ત્યારે, તેઓ લગ્ન માટે ચોક્કસ શરતોએ રાજી થયાં હતા, જેમાં તેમના મુર્શિદાબાદ સ્થિત સાસરિયાના ઘરમાં યોગ્ય શૌચાલય હોવાની વાત સામેલ હતી.

પ્રોત્સાહનજનક વાત આ પણ છે કે, વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના એક રિપોર્ટ અનુસાર, SBM વર્ષ ૨૦૧૪ થી ઓક્ટોબર ૨૦૧૯ની વચ્ચે ડાયેરિયા અને પ્રોટીન-ઊર્જા કુપોષણને કારણે ૩,૦૦,૦૦૦ લોકોના મોતને નિવારી શકાશે. આ ઘટાડો દેશમાં ખુલ્લામાં કુદરતી હાજતે જતાં લોકોની સંખ્યામાં કમી અને શૌચાલયોની સંખ્યામાં વધારાને આભારી છે.

દરમિયાન, UNICEFના એક અભ્યાસના અંદાજ અનુસાર, ખુલ્લામાં કુદરતી હાજતે જતાં સમુદાયની અંદર, નોંધપાત્ર પ્રમાણમાં મેડિકલ ખર્ચને ટાળી શકાયો છે. સમયનો વ્યય પણ ઘટ્યો છે ને બિમારીને કારણે મૃત્યુને ટાળી શકાય છે.

અભિયાનની પડેલી અસર ઊપરાંત, આ અવિશ્વસનીય સાહસ, એક મોટા સ્તર પર વર્તન-વ્યવહાર પરિવર્તન કાર્યક્રમને કેવી રીતે અમલમાં મુકવાં તેના સંદર્ભમાં સર્વાંગી વિકાસ એજન્ડા માટે પદાર્થપાઠ શીખવે છે. ચાર "S" ને કેન્દ્રમાં રાખીને કામ કરવા ઉપરાંત, SBMએ ૪ મહત્વપૂર્ણ "P"ના રૂપમાં પદાર્થપાઠ શીખવા તરફ દોર્યા છે. જે નીચે પ્રમાણે છે :

**૧) પોલિટિકલ લીડરશિપ (રાજકીય નેતૃત્વ):** ટોચના નેતૃત્વ તરફથી રાજકીય ઈચ્છાશક્તિ અને નેતૃત્વ મહત્વપૂર્ણ છે.

**૨) પબ્લિક ફન્ડિંગ:** SBMને ભંડોળમાં અછતની સમસ્યાને નિવારવા માટે કેન્દ્ર અને રાજ્યોની સરકારો દ્વારા એક લાખ કરોડ રૂપિયા કરતા પણ વધારે રકમ આપવાની પ્રતિબદ્ધતા દાખવવામાં આવી છે.

**૩) પાર્ટનરશીપ (ભાગીદારી):** વિકાસ ભાગીદારો, NGO, ખાનગી સેક્ટર, સિવિલ સોસાયટી, મીડિયા વગેરે સાથે સતત જોડાણ.

**૪) પીપલ્સ પાર્ટિસિપેશન (જન ભાગીદારી):** સ્વચ્છતા એ સરકારી કાર્યક્રમ નથી, પણ એક જન આંદોલન છે.

પોતાના ઘરની અને આસપાસની સ્વચ્છતા અને સફાઈની માલિકી લઈને, ગ્રામીણ ભારત, સમયસર રીતે ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સુધીમાં સ્વચ્છ ભારતના નિર્માણના પ્રણને પૂર્ણ કરવા સજ્જ છે.

SBM શેષ વિશ્વ માટે પોતાના તમામ લોકો માટે સ્વચ્છતા અને શૌચાલય સુવિધામાં સુધારો કરવા સંયુક્ત રાષ્ટ્રના ૬ અભિયાનોમાં ટકાઉ વિકાસ લક્ષ્યાંકની પ્રાપ્તિ કરવાની દિશામાં આગળ વધવા અને વર્તન-વ્યવહાર પરિવર્તન કમ્યુનિકેશન તેના તમામ સ્વરૂપમાં પરિવર્તન માટેનું એકમાત્ર સાધન બની રહે તે સુનિશ્ચિત કરવાની દિશામાં કામ કરે છે.

૨૯ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર, ૨૦૧૮ દરમિયાન નવી દિલ્હી ખાતે યોજાયેલી મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સેનિટેશન કન્વેન્શન ખાતે વિશ્વભરના દેશોમાંથી આવેલા ૫૯ જેટલા વિદેશી સ્વચ્છતા મંત્રીઓએ આ બાબતનો સ્વીકાર કર્યો હતો.

સ્વચ્છતા માટેના સ્વચ્છ ભારત મોડલે ભારતને સ્વચ્છતાં ક્રાંતિ તરફ દોર્યુ છે, જેની અસરો સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. અથવા તો વર્તાઈ રહી છે.

લેખક ભારત સરકારના પેય જળ અને સ્વચ્છતા મંત્રાલયના સચિવ છે.
E-mail: param.iyer@gov.in

# આરોગ્યને સુધારવા માટે પ્રોત્સાહન

પ્રીતિ સુદાન

દરેક વ્યક્તિ સ્વચ્છ અને આનંદદાયક વાતાવરણમાં જીવવા અને કામ કરવાની ઈચ્છા ધરાવે છે. આ પ્રકારનાં વાતાવરણમાં બીમાર લોકો વધુ ઝડપથી સ્વસ્થ થઈ જાય છે અને ઈજામાં રાહત ઝડપથી મળે છે. પ્રાચીન સમયમાં સર્જિકલ પ્રક્રિયાઓ સવારે નદીકિનારે થતી હતી, જેથી સ્વચ્છ પાણી અને હવા તથા આસપાસનાં સ્વસ્થ વાતાવરણનો લાભ મળતો હતો.

સમયની સાથે આપણાં કુદરતી સંસાધનો મર્યાદિત થઈ ગયા છે, જે માટે શહેરીકરણ અને વસ્તીમાં વૃદ્ધિ જવાબદાર છે. કુદરતી સંસાધનો મર્યાદિત થવાથી માનવીય સ્વાસ્થ્ય અને દેશનાં અર્થતંત્ર પર માઠી અસર થઈ છે. 'લિક્સિલ ગ્રૂપ કોર્પોરેશન, વોટર, એર અને ઓક્સફર્ડ ઈકોનોમિક્સ'એ તેનાં રિપોર્ટમાં અંદાજ વ્યક્ત કર્યો કે, વર્ષ ૨૦૧૫માં સાફસફાઈની સુવિધાનાં અભાવથી વૈશ્વિક અર્થતંત્રને ૨૨૨.૯ અબજ ડોલરનું નુકસાન થયું હતું. આ વર્ષ ૨૦૧૦માં થયેલા ખર્ચ કરતાં ૧.૨ ગણું વધારે હતું, જે ફક્ત પાંચ વર્ષમાં ૪૦ અબજ ડોલરનો વધારો દર્શાવે છે[૧].

સાફસફાઈ અને સ્વચ્છતાનાં વધતા પડકારો ઝીલવા ભારત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે વિવિધ પ્રકારની વ્યૂહરચના અપનાવી છે. મંત્રાલયે સાફસફાઈ અને સ્વચ્છતામાં સંપૂર્ણ સુધારો કરવા માટે ઘણી પહેલો શરૂ કરી છે.

વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધી મંત્રાલયે નાગરિકોનાં આરોગ્ય અને સુખાકારીને સુધારવા એનાં પ્રયાસોનાં કેન્દ્રમાં સાફસફાઈ અને સ્વચ્છતા એમ બે પાસાંને રાખ્યા છે. આ પહેલો આરોગ્ય સુવિધાઓની તેમજ સમુદાયની અંદર સાફસફાઈ અને સ્વચ્છતા માટે પ્રયાસો કરે છે, જે માટે મંત્રાલયે પોતાનાં કાર્યક્રમો શરૂ કર્યા છે તેમજ અન્ય મંત્રાલયો સાથે પણ જોડાણ કર્યું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની કાયાકલ્પ પહેલ વર્ષ ૨૦૧૫માં શરૂ થઈ હતી. આ પહેલ અંતર્ગત દેશનાં તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્ર સરકારની સંસ્થાઓ અને સરકારી આરોગ્ય સંસ્થાઓમાં માળખાગત સાફસફાઈ અને સ્વચ્છતા, ઈન્ફેક્શન નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય સુવિધાઓનું મૂલ્યાંકન થાય છે અને વિવિધ માપદંડોને આધારે સ્કોર આપવામાં આવે છે તેમજ દર વર્ષે દરેક સ્તરે સૌથી વધુ સ્કોર ધરાવતી સુવિધાઓને કાયાકલ્પ એવોર્ડ એનાયત કરવામાં આવે છે, જેમાં પ્રમાણપત્રની સાથે ઈનામ સ્વરૂપે રોકડ રકમની ભેટ પણ ધરવામાં આવે છે. કાયાકલ્પ યોજનાને પરિણામે સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા, સાફસફાઈ અને ચેપી રોગનાં નિયંત્રણમાં તમામ સ્તરે નોંધપાત્ર સુધારો થયો છે. સાફસફાઈ અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમે સતત મૂલ્યાંકન અને સમીક્ષાની કામગીરી વિકસાવી છે.

કાયાકલ્પ યોજનાની સફળતાઓ દ્વારા પ્રોત્સાહિત થઈને ખાનગી ક્ષેત્ર આગળ આવ્યું

કાયાકલ્પ યોજના વર્ષ ૨૦૧૫માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે શરૂ કરી હતી. એનો ઉદ્દેશ દેશનાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્ર સરકારની સંસ્થાઓ અને સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સતત માળખાગત સુધારો કરવાનો, એમાં સાફસફાઈ અને સ્વચ્છતા જાળવવાનો તથા ઈન્ફેક્શન નિયંત્રણમાં સુધારો કરવાનો છે.
સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અને ઈન્ફેક્શન નિયંત્રણમાં નોંધપાત્ર સુધારો થયો છે. આ કાર્યક્રમથી સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા સંસ્થાનું સતત મૂલ્યાંકન અને કામગીરીની સમીક્ષાની કાર્યશૈલી ઊભી થઈ છે.

છે અને સરકારનાં પ્રયાસોમાં સામેલ થયું છે. નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઇડર્સ (NABH)એ કાયાકલ્પનાં માપદંડોને અનુરૂપ ખાનગી ક્ષેત્રની હોસ્પિટલોની કામગીરીનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય લીધો છે.

ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે શહેરી સમુદાયોમાં સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન હેઠળ ગ્રામીણ આરોગ્ય સાફસફાઈ અને પોષક દ્રવ્યોની સમિતિ (VHSNCs) અને રાષ્ટ્રીય શહેરી આરોગ્ય અભિયાન (NUHM) હેઠળ મહિલા આરોગ્ય સમિતિઓ (MAS)નો પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કર્યો છે.

ઘણાં રાજ્યોએ VHSNCs અને MASs અસરકારક બનાવવા માટે નવીન પદ્ધતિઓ અપનાવી છે. ASHAs શૌચાલયોનાં નિર્માણ અને પ્રયોગ માટે સમુદાયોને પ્રેરિત કરવા માટે VHSNCs સાથે કામ કરે છે. MASએ તાજેતરમાં શહેરી વિસ્તારોમાં મુખ્યત્વે ગરીબ અને નબળાં વર્ગોની ૧૨થી ૨૦ મહિલાઓનાં સામુદાયિક જૂથોના રચના કરી છે તથા તેઓ સાફસફાઈ જેવા અનેક મુદ્દા પર સમુદાયોને પ્રેરિત કરવા કામ કરે છે.

MoHFW અન્ય મંત્રાલયો સાથ સમન્વય સાધીને સાફસફાઈ સુધારવા માટે કામ કરે છે. આ પ્રકારની એક સહિયારી પહેલ MoHFW અને પેયજળ અને સફાઈ મંત્રાલય વચ્ચે છે, જેનાથી સ્વચ્છ ભારત અભિયાન (SBM) અને કાયાકલ્પ વચ્ચે સમન્વય સ્થાપિત થયો છે તેમજ ગ્રામ પંચાયતોને ભંડોળ આપવા અને સક્ષમ બનાવવામાં આવી છે, જેમાં કાયાકલ્પ જે તે વિસ્તારમાં સ્થિત PHCs અને CHCsને ઓપન ડિફેકેશન ફ્રી (ખુલ્લામાં મળોત્સર્જનથી મુક્ત) બનાવે છે.

વર્ષ ૨૦૧૭માં NHMએ સાફસફાઈ અને સ્વચ્છતાલક્ષી પહેલોને વધારવા અને મજબૂત કરવાનાં પ્રયાસોનાં ભાગરૂપે એક નવું અભિયાન VISHWAS—સ્વસ્થ પાણી અને સાફસફાઈ વચ્ચે સમન્વય સ્થાપિત કરવાની ગ્રામ આધારિત પહેલ શરૂ કરી છે. આ એક વર્ષ લાંબું અભિયાન છે, જેને સમુદાયમાં જાગૃતિ લાવવા તથા પાણી, સાફસફાઈ અને સ્વાસ્થ્ય પર કામગીરી કરવા માટે સ્થાનિક ચેમ્પિયન્સ વિકસાવવા VHSNCs દ્વારા હાથ ધરવામાં આવે છે.

આ સ્વચ્છ ભારત અભિયાન જેવા વિવિધ કાર્યક્રમો વચ્ચે સમન્વય ઊભો કરવા માટે પ્લેટફોર્મ તરીકે પણ કામ કરે છે. આ પહેલો હેઠળ અપનાવવામાં આવેલી મુખ્ય વ્યૂહરચનાઓ વિગતવાર નીચે મુજબ છે.

**A) આરોગ્ય સુવિધાઓ માટે કાયાકલ્પ પહેલ :**

આ કાર્યક્રમનો ઉદ્દેશ સરકારી આરોગ્ય સુવિધાઓમાં સાફસફાઈ અને સ્વચ્છતા સાથે સંબંધિત કામગીરીની સમીક્ષા અને નિયમિત મૂલ્યાંકન કરવાની કાર્યશૈલી સ્થાપિત કરવાનો છે. આનો ઉદ્દેશ સ્વચ્છતા વધારવા અને તેની સાથે સંબંધિત આરોગ્યલક્ષી સકારાત્મક પરિણામો મેળવવા તેમનાં જોડાણો સાથે સંબંધિત સ્થાયી પદ્ધતિઓ ઊભી કરવાનો અને વહેંચવાનો પણ છે.

આ યોજના હેઠળ આરોગ્ય સુવિધાઓ પોતાની રીતે મૂલ્યાંકન કરે છે, સુવિધાનો દેખાવ સુધારવા કામ કરે છે, બાયોમેડિકલ કચરાનાં નિકાલ સાથે સંબંધિત નિયમોનું પાલન કરે છે, ચેપી રોગોનાં નિયંત્રણની પદ્ધતિઓને મજબૂત કરે છે અને સ્થાનિક એનજીઓ/નાગરિક સમાજ સંસ્થાઓ સાથે જોડાણ કરે છે.

સુવિધાની અને એની હદની બહાર 'સ્વચ્છતા'નાં દરેક પાસાં માટે આ આકારણી માટેનાં પૂર્વનિર્ધારિત માપદંડ છે. પરિણામે આ સુવિધાઓ અને સંસ્થાઓ સુધારો દર્શાવે છે અને મૂલ્યાંકનમાંથી પસાર થાય છે, કાયાકલ્પનાં સ્કોરને માન્યતા આપવા બાહ્ય મૂલ્યાંકનને અનુસરે છે.

કાયાકલ્પ એવોર્ડ દ્વારા દરેક સ્તરે સંસ્થાઓ દ્વારા આરોગ્ય સંસ્થાઓનાં ઉત્કૃષ્ટ પ્રયાસોને બિરદાવવામાં આવે છે.

રાજ્ય સ્તરે ઉપરથી નીચે જિલ્લા હોસ્પિટલો (DHs), પેટાજિલ્લા હોસ્પિટલો (SDHs) અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHCs)ની પસંદગી થાય છે, ત્યારે જિલ્લા સ્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs)ની પસંદગી થાય છે.

નિર્ધારિત માપદંડોને આધારે વિજેતા સુવિધાઓને પ્રમાણપત્ર સાથે રોકડ ઇનામ મળે છે. ઉપરાંત કાયાકલ્પનાં માપદંડો હેઠળ ૭૦%થી વધારે સ્કોર ધરાવતી તમામ સંસ્થાઓને પ્રશંસાપત્ર અને રોકડ ઇનામ મળે છે, જેથી મોટી સંખ્યામાં સંસ્થાઓને પ્રેરણા મળે છે.

જ્યારે આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની સંસ્થાઓને રૂ. ૨.૫ કરોડ સુધીનું ઇનામ મળી શકે છે, ત્યારે જિલ્લા હોસ્પિટલને વિજેતા રૂ. ૫૦.૦૦ લાખ, CHC રૂ. ૧૫.૦૦ લાખ અને PHC રૂ. ૨.૦ લાખ મળે છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો અને DHs, CHCs/SDHs, PHCs અને શહેરી PHCs સહિત ૨૮,૦૦૦થી વધારે સુવિધાઓનું મૂલ્યાંકન થયું છે, જેમાંથી ૨૯૭૦ સંસ્થાઓ - ૧૧ કેન્દ્ર સરકારની સંસ્થાઓ, 289 DHs, 760 SDHs/ CHCs, 1729 PHCs અને ૧૮૧ શહેરી આરોગ્ય સુવિધાઓને એવોર્ડ આપવામાં આવ્યો છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન (NHM)નાં ભાગરૂપે કાયાકલ્પ પહેલનાં અમલને સાથસહકાર આપે છે તથા એવોર્ડ, તાલીમ, મૂલ્યાંકન, હોસ્પિટલમાં સુધારો અને ટેકનિકલ સહાય માટે ભંડોળ પ્રદાન કરવામાં આવે છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાયાકલ્પનાં વિવિધ પાંસા પર તાલીમ આપવામાં આવે છે.

સાત વિસ્તૃત થીમ પર સુવિધાઓનું મૂલ્યાંકન (અને ચોક્કસ માપદંડ અને તેમાંથી

દરેકની અંદર ચકાસણી) કરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે:

a) હોસ્પિટલ/સંસ્થાની જાળવી
b) સ્વચ્છતા અને આરોગ્ય રક્ષણ
c) કચરાનું વ્યવસ્થાપન
d) ઈન્ફેક્શનનું નિયંત્રણ
e) સપોર્ટ સેવાઓ
f) સ્વચ્છતાને પ્રોત્સાહન
g) પોતાનાં વિસ્તારની બહાર કાયાકલ્પ

કાયાકલ્પ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ સોશિયલ મીડિયા પર વહેંચવામાં આવે છે -https://www.facebook.com/pages/Kayakalp/586316831510706.

**કાયાકલ્પ કાર્યક્રમની અસર :**

- કાયાકલ્પ યોજના શરૂ થયા પછી સરકારી આરોગ્ય સુવિધાઓમાં સ્વચ્છતા, સાફસફાઈ અને ઈન્ફેક્શનનાં નિયંત્રણનાં સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- કાર્યક્રમથી સ્વચ્છતા અને સાફસફાઈને પ્રોત્સાહન આપવા કામગીરીનું સતત મૂલ્યાંકન અને સમીક્ષાની કાર્યશૈલી પણ વિકસી છે.
- આ આરોગ્ય વ્યવસ્થાઓનાં સુધારા માટે આંતરક્ષેત્રીય સંકલનને પ્રોત્સાહન આપવા તકો અને છૂટછાટો પ્રદાન પણ આપે છે.

**B) સ્વચ્છ સ્વસ્થ સર્વત્ર :**

સ્વચ્છ સ્વસ્થ સર્વત્ર સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને પેયજળ અને સાફસફાઈ મંત્રાલયની સહિયારી પહેલ છે, જેનો ઉદ્દેશ સાફસફાઈ વધારી અને સ્વસ્થ જીવનશૈલી પર જાગૃતિ વધારીને સ્વાસ્થ્યનાં વધારે સારાં પરિણામો મેળવવાનો છે.

એનાં બે ઉદ્દેશો બે પૂરક કાર્યક્રમો – સ્વચ્છ ભારત અભિયાન (એસબીએમ) અને કાયાકલ્પ વચ્ચે વધારે સમન્વય સ્થાપિત કરવાનો છે.

**સ્વચ્છ ભારત સર્વત્ર યોજનાનાં ત્રણ વિસ્તૃત ઉદ્દેશો છે :**

૧) કાયાકલ્પ એવોર્ડ ધરાવતા PHCs હોય એવી ગ્રામપંચાયતોને ઓપન ડિફેકેશન ફ્રી (ODF) બનવા સક્ષમ કરવી.
૨) NHM હેઠળ રૂ. ૧૦ લાખનાં ટેકા દ્વારા કાયાકલ્પ ધોરણો પૂર્ણ કરવા સ્વચ્છતાનાં ઊંચા સ્તરને હાંસલ કરવા ODF તાલુકાઓમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)ને મજબૂત કરવા.
૩) આ પ્રકારનાં CHCs અને PHCsમાંથી નિયુક્ત સંસ્થાઓની વોટર, સેનિટેશન અને હાઈજિન (WASH)માં તાલીમ આપી ક્ષમતાનું નિર્માણ કરવું.

આ પહેલ અંતર્ગત રૂ. ૧૦ લાખની મદદ અને ટેકનિકલ સહાયથી સ્વચ્છતાનાં ધારાધોરણોને જાળવી કાયાકલ્પ એવોર્ડ માટે કામ કરવા ODF બ્લોકમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHC) માટે ભંડોળ ફાળવવામાં આવે છે. ઉપરાંત CHCs સ્વચ્છતા અને સાફસફાઈ પર જાગૃતિ લાવવા માટે કામ કરશે એવી અપેક્ષા છે, જેથી પંચાયતો ODF હાંસલ કરવા સહિયારો પ્રયાસ કરે છે.

**C) ગ્રામીણ આરોગ્ય સાફસફાઈ અને પોષક દ્રવ્યની સમિતિઓ (VHSNCs) :**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે હંમેશા સાફસફાઈ અને સ્વચ્છતાલક્ષી પહેલોને પ્રોત્સાહન આપ્યું છે તથા તેમને સામુદાયિક સ્તરનાં આરોગ્ય પ્રોત્સાહન પહેલો સાથે જોડી છે. વર્ષ ૨૦૦૫માં શરૂઆતથી અત્યાર સુધી રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાને તમામ રાજ્યોમાં ગ્રામીણ આરોગ્ય સાફસફાઈ સમિતિ (VHSCs)ની રચના કરી છે, જે સાફસફાઈ સુધારવા અને આરોગ્યનાં ઈચ્છિત પરિણામો હાંસલ કરવા સમુદાયોને પ્રેરિત કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. આ સમિતિઓ 'આરોગ્ય પર સામુદાયિક કામગીરી માટે પ્લેટફોર્મ' તરીકે કામ કરે છે.

VHSCsની સ્થાપના ગ્રામીણ સ્તરે થઈ હતી તથા આરોગ્ય અને આરોગ્યનાં અન્ય સામાજિક પરિબળો પર કામ કરવા સમુદાયની પોતાની પહેલને ટેકો આપવા દર વર્ષે રૂ. ૧૦,૦૦૦નું સંયુક્ત ફંડ પ્રદાન કરવામાં આવતી હતી. VHSCsનું નામ પાછળથી બદલીને ગ્રામીણ આરોગ્ય સાફસફાઈ અને પોષણ દ્રવ્ય સમિતિઓ (VHSNCs) કરવામાં આવ્યું હતું, જેમાં પોષણ દ્રવ્યોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

સામુદાયિક આરોગ્ય કાર્યક્રમ ASHA સાથે VHSNCs રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન અને હાલનાં NRHMની વ્યૂહરચનાનું મુખ્ય પાસું હતું. વર્ષ ૨૦૧૩માં જાહેર થયેલી VHSNC માટે સંશોધિત માર્ગદર્શિકા મુજબ, સ્થાનિક ગ્રામ પંચાયતનાં સભ્ય VHSNCનાં અધ્યક્ષ હશે (અગાઉ ગ્રામ પંચાયત સરપંચ હતા), જેથી દરેક ગામમાં સમુદાય અને પંચાયતનાં સભ્યોની વધારે સક્રિય ભાગીદારી સુનિશ્ચિત થાય.

અત્યારે ૫.૨ લાખ VHSNCs કાર્યરત છે (લક્ષ્યાંકની સામે ૯૨% VHSNCs ની રચના થઈ હતી, જેમાંથી ૯૭% બેંક ખાતા ધરાવે છે). રાજ્યોએ એમની VHSNCને મજબૂત કરવા નવીન પદ્ધતિ અપનાવી છે. ઉદાહરણ તરીકે, છત્તીસગઢ ASHAની સક્રિય ભાગીદારીથી એની VHSNCને મજબૂત કરી છે તથા સ્વસ્થ ગ્રામ પંચાયત યોજનાના ભાગરૂપે VHSNCsને મજબૂત કરી છે અને સ્વસ્થ ગ્રામ પંચાયત યોજનાનો ભાગ બનાવી છે, જે અંતર્ગત દર વર્ષે ગ્રામ પંચાયતનું વાર્ષિક મૂલ્યાંકન થાય છે તથા આરોગ્ય અને સામાજિક પરિબળો સાથે સંબંધિત માપદંડો પર એવોર્ડ આપવામાં આવે છે.

રાજ્યની VHSNCsને વાટાઘાટનાં મુદ્દા અને આયોજનની કામગીરીઓમાં વધારે

અસરકારક બનાવવા તેમને સક્ષમ બનાવવા સ્થાનિક સ્તરીય સંઘ તરીકે સંકલિત પણ કરવામાં આવે છે. ઓડિશામાં દરેક ગ્રામપંચાયત ત્રણ મહિને એક વાર VHSNCsની એક બેઠકનું આયોજન કરે છે તથા તેમને ટેકો આપવા અને તેમની કામગીરી પર નજર રાખવા સક્રિય ભૂમિકા ભજવે છે. અન્ય રાજ્યોએ પણ તેમની VHSNCs અસરકારક બનાવવા પહેલ હાથ ધરી છે.

ASHAs પણ VHSNCsને સુવિધા આપવા મુખ્ય ભૂમિકા ભજવે છે તથા સામુદાયિક સ્તરે જાગૃતિ વધારવા માટે કામ કરવાની સાથે તેમનાં ગામડાઓમાં VHSNCsની પ્રવૃત્તિઓને ટેકો આપવાની સાથે શૌચાલયોનાં નિર્માણ અને ઉપયોગ માટે સમુદાયને પ્રેરિત પણ કરે છે.

MOHFW અને પેયજળ પુરવઠા મંત્રાલય દ્વારા સંયુક્ત સૂચના ASHAsને આ ભૂમિકા ભજવવા સક્ષમ બનાવે છે (શૌચાલય દીઠ રૂ. ૭૫નાં પ્રોત્સાહનની જોગવાઈ કરીને), જે વાસ્તવિક ધોરણે તેમનાં પ્રયાસોને મજબૂત કરે છે.

NHM હેઠળ MOHFW પોતાનાં વાર્ષિક કાર્યક્રમની મંજૂરીઓ દ્વારા VHSNCsની ક્ષમતા નિર્માણ માટે વિવિધ પ્રવૃત્તિઓને ટેકો આપે છે. VHSNCs હાથ ધરવા માટે પ્રાદેશિક સ્તરનાં ટ્રેનર્સને તાલીમ આપવા માટે નિયમિત સમયાંતરે રાષ્ટ્રીય સ્તરનાં તાલીમ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં ટ્રેનર્સની તાલીમ (TOTs) માટે રાષ્ટ્રીય સ્તરનાં રાઉન્ડ તાજેતરમાં યોજાયા હતાં.

**D) NUHM હેઠળ મહિલા આરોગ્ય સમિતિ (MAS) :**

રાષ્ટ્રીય શહેરી આરોગ્ય અભિયાન (NUHM) હેઠળ સાફસફાઈ અને સ્વચ્છતાલક્ષી પહેલો પર એક સમાન ભાર મૂકવામાં આવ્યો છે. VHSNCsની જેમ મહિલા આરોગ્ય સમિતિ (MAS) NUHM હેઠળ શહેરી વિસ્તારોમાં સ્થાપિત કરવામાં આવે છે. MAS શહેરી વિસ્તારમાં મુખ્યત્વે ગરીબ અને વંચિત વર્ગોનાં સમુદાયમાં ૧૨થી ૨૦ મહિલાઓનાં જૂથો છે.

NUHM હેઠળ MASનાં બંધારણ અને તાલીમ માટે પ્રક્રિયાઓને સક્રિયપણે સાથસહકાર આપવામાં આવે છે. દરેક MASને VHSNCsની જેમ એકત્ર ફંડ તરીકે વર્ષે રૂ. ૫૦૦૦ મળે છે. અત્યારે તમામ રાજ્યોમાં આશરે ૭૪૦૦૦ MAS કાર્યરત છે, પણ કાર્યક્રમમાં હજુ ફેરફાર થઈ રહ્યો છે. MAS પ્રમાણમાં તાજેતરમાં રચાયેલા સામુદાયિક જૂથ છે, તેઓ સમુદાયોને સાફસફાઈ અને સ્વચ્છતાનાં મુદ્દે પ્રેરિત કરવામાં સક્રિય ભૂમિકા ભજવે છે.

**E) વિશ્વાસ (VISHWAS - સમન્વય, સ્વાસ્થ્ય, પાણી અને સાફસફાઈની ગ્રામીણ આધારિત પહેલ) અભિયાન :**

વર્ષ ૨૦૧૭માં સાફસફાઈ અને સ્વચ્છતાની પહેલોને મજબૂત કરવાનાં પ્રયાસોનાં ભાગરૂપે NHMએ નવું અભિયાન VISHWAS – સમન્વય, સ્વાસ્થ્ય, પાણી અને સાફસફાઈની ગ્રામીણ આધારિત પહેલ શરૂ કર્યું હતું, જેથી સ્વચ્છ પાણી અને સાફસફાઈ વચ્ચે સમન્વય સ્થાપિત કરી શકાય, જે VHSNCs દ્વારા પોતાનાં વિસ્તારમાં હાથ ધરવામાં આવે છે.

VISHWAS હેઠળ દરેક VHSNC એનાં વિસ્તારમાં એક વર્ષ લાંબું અભિયાન હાથ ધરશે, જેમાં જાગૃતિ લાવવા અને સામાજિક ભાગીદારીને વેગ આપવા, જળની સાફસફાઈ અને આરોગ્ય પર કામગીરી કરવા સમુદાયોને પ્રેરિત કરવા તેમજ વિવિધ સરકારી કાર્યક્રમો વચ્ચે સમન્વય સ્થાપિત કરવા પ્લેટફોર્મ ઊભું કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

સ્વચ્છ ભારત અભિયાન (SBM)ની સાથે આ અભિયાન મહિને ૧૧ દિવસ અભિયાન હાથ ધરવામાં આવે છે, જેમાં દરેક દિવસમાં પસંદગીનાં વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

**વિશ્વાસ હેઠળ ૧૧ માસિક અભિયાન દિવસો :**

૧) સ્વચ્છતા અભિયાન માટે વાર્ષિક આયોજન દિવસ.
૨) ગ્રામીણ આરોગ્ય અને સાફસફાઈ દિવસ (ગ્રામીણ સ્વચ્છતાનાં ઘટકો તથા સ્વચ્છતા, સાફસફાઈ અને સ્વાસ્થ્ય વચ્ચે કડીઓ).
૩) ઓપન ડિફેકેશન ફ્રી (ઓડીએફ) ગ્રામીણ દિવસ.
૪) હેન્ડ વોશિંગ ડે.
૫) શાળા અને આંગણવાડી સ્વચ્છતા દિવસ.
૬) પ્રવાહી અને ઘન કચરાનાં વ્યવસ્થાપનનો દિવસ.
૭) વ્યક્તિગત અને ઘર સ્વચ્છતા દિવસ (સ્વચ્છ પાણી અને ખાદ્ય પદાર્થોનું સંચાલન, પીવાનાં પાણીની સારી રીતે જાળવણી).
૮) આરોગ્ય જાગૃતિ દિવસ/સ્વસ્થ જીવનશૈલી દિવસ.
૯) રોગવાહક નિયંત્રણ દિવસ.
૧૦) સ્વચ્છતા ચેમ્પિયન્સ દિવસની ઉજવણી.
૧૧) સાફસફાઈ અને સ્વચ્છતા પર ગ્રામ સભા.

End note:

1. http://www.indiaenvironmentportal.org.in/files/file/the_true_cost_of_poor_ sanitation_e.pdf

લેખિકા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ છે.

Email:

secyhfw@nic.in

## સ્વચ્છતાને વાસ્તવિક સ્વરૂપે અપનાવો

# મહિલાઓ અને બાળકો માટે સ્વચ્છ અને સલામત વાતાવરણનું નિર્માણ

રાકેશ શ્રીવાસ્તવ



પાણી, સફાઈ અને સ્વચ્છતા એ ત્રણ મહત્વના મુદ્દા છે જેને વૃદ્ધિ પામતા ક્ષેત્રમાં એક સાથે રજૂ કરવામાં આવે છે. મહિલા અને બાળવિકાસ મંત્રાલય તેની રાજ્યોની અને જીલ્લાની ટુકડીઓ સાથે મળીને માતા અને બાળકોનાં મૃત્યુનો દર ઘટાડવાનો અને દરેક વ્યક્તિને તંદુરસ્ત, સલામત અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો ધ્યેય હાંસલ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. વર્તણૂકલક્ષી ફેરફારો આગળ ધપાવવામાં મહિલાઓ સંસ્કૃતિ, પરંપરા અને ઈતિહાસમાં મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે.

“સમાજની આઝાદી કરતાં સ્વચ્છતા વધુ મહત્વની છે. સ્વચ્છતા એ આપણા જેવા સમુદાયનો સમાન આધ્યાત્મિક પ્રયાસ અને પાયાનો અધિકાર છે.”

**- મોહનદાસ કરમચંદ ગાંધી**

ઉપર રજૂ કરવામાં આવેલુ ગાંધીજીનું અવતરણ ગાંધીજી માનવજાતના અસ્તિત્વ માટે સ્વચ્છતાની આવશ્યકતાને કેટલુ મહત્વ આપતા હતાં તે દર્શાવે છે.

૧) સ્વચ્છતા સફાઈથી પણ વિશેષ મહત્વ ધરાવે છે. ‘સ્વચ્છતા’ નો અભિગમ એક ઘનિષ્ઠ બાબત છે, જેમાં માનવ કચરા, ઘન કચરા (જમીનમાં ઓગળી જાય તેવો અને ઓગળી શકે નહી તેવા) કચરાના અસરકારક મેનેજમેન્ટનો (એકત્રીકરણ, શુદ્ધિકરણ, નિકાલ/ પ્રાપ્તિ, ફેરઉપયોગ, રિસાયકલિંગ સહિતની બાબતો) ઉપરાંત દૂષિત પાણી, ગટરનો કચરો, ઔદ્યોગિક કચરો ફેંકી દેવા જેવી અને નકામી વસ્તુઓ ઉપરાંત જોખમી કચરો (હોસ્પિટલ, કેમિકલ, રેડિયોએક્ટીવ, પ્લાસ્ટિક અથવા અન્ય જોખમી કચરાનો) સમાવેશ થાય છે.

સમાજમાં સફાઈનાં ધોરણો એક બીજા સાથે સ્વચ્છતા અને જાહેર આરોગ્ય સાથે આંતર સંબંધ ધરાવે છે, જેમાં રોગોનું પ્રમાણ અને લાંબા આયુષ્ય તથા તેના આધારે સમાજમાં ઉત્પાદકતાના સ્તર સાથે સંબંધ ધરાવે છે.

સ્વચ્છતાનો અભાવ, કે જેમાં સફાઈના અભાવને કારણે ગંદકી, કચરો અને પ્રદૂષણ તો ફેલાય જ છે, પણ સાથે સાથે તેના ઘણાં આર્થિક પ્રત્યાઘાતો અને ગંભીર સામાજિક પ્રત્યાઘાતો પડતા હોવાના કારણે સામાજિક અને આર્થિક મોરચે પક્ષપાતની સ્થિતિ ઉભી થાય છે.

૨) મહાત્મા ગાંધીને તેમના જીવનમાં ઘણો વહેલો ખ્યાલ આવ્યો હતો કે દેશમાં પ્રવર્તતી સફાઈ અને સ્વચ્છતાની નબળી સ્થિતિ તથા ખાસ કરીને, મહદ્ અંશે ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતા શૌચાલયનો અભાવ ધ્યાન માંગી લે તેવી બાબત છે અને સ્વરાજ હાંસલ કરવા માટે જેટલું ધ્યાન અપાય છે તેટલું ધ્યાન આ સ્વચ્છતા બાબતે પણ આપવું જરૂરી ગણાવ્યું હતુ.

ભારતની આઝાદીની ચળવળની સાથે સાથે તેમના સમગ્ર જાહેર જીવન દરમિયાન સફાઈ, સ્વચ્છતા અને સ્વચ્છતા માટે તેમણે સતત લડત આપી હતી અને તમામ પ્રકારની સ્વચ્છતા- ટેકનિકલ, સામાજિક અને આર્થિક તથા વ્યક્તિગત, ઘરેલુ અને કોર્પોરેટ જેવા વિવિધ પાસાં આવરી લીધા હતા. જો કે આઝાદી પ્રાપ્ત થયા પછી સરકાર દ્વારા સ્વચ્છતા અંગે માત્ર છૂટુછવાયું ધ્યાન આપવામાં આવતું હતું.[૧]

૩) મહાત્મા ગાંધીના વિચારોને અનુસરીને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તા.૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા ઝુંબેશ ‘સ્વચ્છ ભારત અભિયાન’ [Clean India Mission]નો પ્રારંભ કર્યો છે.

આ ઝુંબેશનો ઉદ્દેશ તા. ૨ ઓક્ટોબર, ૨૦૧૯ કે જે દિવસે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ આવે છે ત્યાં સુધીમાં દરેક

ભારતીયને ટોયલેટ, ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થાઓ, ગ્રામ્ય સફાઈ અને પીવાના પાણીનો સલામત તથા પૂરતો પુરવઠો આપવાનો છે.

૪) પાણી, સફાઈ અને સ્વચ્છતા એ ત્રણ મહત્વના મુદ્દા છે જેને વૃદ્ધિ પામતા ક્ષેત્રમાં એક સાથે રજૂ કરવામાં આવે છે. જ્યારે આ દરેક બાબત અલગ કાર્યક્ષેત્ર માંગી લે છે. દરેક બાબત એક બીજા કરતાં સ્વતંત્ર હાજરી ધરાવે છે.

દા.ત. ટોયલેટના અભાવે પાણીનાં સ્રોતો દૂષિત થાય છે, શુદ્ધ પાણીના અભાવે આરોગ્યની પાયાની પ્રણાલિઓ અસંભવ બને છે. શુદ્ધ પાણી, ટોયલેટની પાયાની સુવિધા અને સારી આરોગ્યપ્રદ પ્રણાલિઓ, બાળકોનું જીવન ટકાવવા તથા તેમના વિકાસ માટે આવશ્યક બની રહે છે.

આજે ૨.૪ અબજ જેટલાં એવા લોકો છે કે જે સફાઈની સુધારેલી પ્રણાલિ અપનાવતા નથી અને ૬૬૩ મિલિયન લોકો એવા છે કે જેમને પાણીના યોગ્ય સ્રોતો ઉપલબ્ધ નથી. આ પાયાની જરૂરિયાતોના અભાવે કરોડો બાળકોના જીવ જોખમમાં મુકાય છે. પાંચથી ઓછી વય ધરાવતા બાળકોના આરોગ્ય માટે પાણી અને સ્વચ્છતાનો અભાવ તેમના મૃત્યુ માટેનું મહત્વનું કારણ બની રહે છે.

રોજે ૮૦૦ થી વધુ બાળકો, ખરાબ પાણી અને સ્વચ્છતા અને સફાઈના અભાવને કારણે અટકાવી શકાય તેવા રોગોથી મોતને ભેટે છે. આશરે ૫૬૪ મિલિયન લોકો કે જે ભારતની વસ્તીનો અંદાજે અડધો હિસ્સો છે તે ખૂલ્લામાં શૌચ કરે છે.

દક્ષિણ એશિયાની વસ્તીમાં ભારતની વસતિનો હિસ્સો આશરે ૯૦ ટકા જેટલો છે અને દુનિયાના ૧.૧ અબજ લોકો એટલે કે ૫૯ ટકા લોકો ખૂલ્લામાં હાજતે જાય છે.[૨]

૫) સ્વચ્છતાનો વ્યાપ આગળ વધારવા માટે મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય એ પાયાનુ મંત્રાલય છે. ભારત સરકારના સ્વચ્છ ભારત અભિયાન આગળ ધપાવવામાં આ મંત્રાલય ખૂબ જ સક્રિય કામગીરી કરી રહ્યું છે.

ખુલ્લામાં હાજતે જવાની પ્રથા દૂર કરવા માટે આ મંત્રાલય ઓપન ડિફેકેશન એલિમિનેશન પ્લાન (OEDP) હાથ ધરી રહ્યું છે. આ કામગીરીમાં મંત્રાલય માત્ર પારિવારિક ટોયલેટની વાત કરતુ નથી પરંતુ આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ પંચાયતોનાં મકાનો, બજારનાં સ્થળોએ ઘન તથા પ્રવાહી કચરાના નિકાલ વડે સલામત અને આરોગ્યપ્રદ વાતાવરણ માટે આગ્રહ રાખે છે.

દેશને વહેલામાં વહેલી તકે ખુલ્લામાં શૌચથી મુકત કરવાનો લક્ષ્યાંક રખાયો છે અને આ પડકાર સંભવિત તમામ સાધનો, માળખાગત સુવિધાઓ, વર્તણૂકમાં પરિવર્તન, અને વ્યાપક સામૂહિક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને હાંસલ કરવાનો છે.

૬) 'સ્વચ્છ ભારત મિશન' અને 'બાળ સ્વચ્છતા મિશન' અંતર્ગત તા.૧૪ થી ૧૯ નવેમ્બર, ૨૦૧૪ થી શરૂ કરીને આંગણવાડી કેન્દ્રોમાં સાર્વત્રિક સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવા માટે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નિર્દેશ આપવામાં આવ્યા છે કે સ્વચ્છ આંગણવાડીઓ, આસપાસનું વાતાવરણ શુદ્ધ રાખવુ, વગેરે તથા રમતનાં મેદાનો, સ્વયં સ્વચ્છતા (વ્યક્તિગત આરોગ્ય /બાળકનું આરોગ્ય) શુદ્ધ આહાર, પીવાનુ શુધ્ધ પાણી, સ્વચ્છ ટોયલેટ જેવા વિવિધ વિષયો ઉપર કાર્યક્રમ હાથ ધરવા જણાવાયું છે.

૭) બાળ સ્વચ્છતા મિશન અંગેના એક પુસ્તકનું વિમોચન તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો માટે કરવામાં આવ્યું છે, જેમાં સ્વચ્છતા અને સફાઈ અંગેના કાર્યક્રમો હાથ ધરવાના નિર્દેશો અપાયા છે તથા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના શુધ્ધ પાણીનાં ઉપયોગ અંગે જણાવવામાં આવ્યું છે.

૮) સમાંતરપણે ૨૦૧૬ સુધીમાં ગ્રામ વિકાસ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલયના સંયુક્ત પ્રયાસ દ્વારા ૪ લાખ આંગણવાડીના મકાનો તથા મનરેગા હેઠળ ટોયલેટ બાંધવાના આદેશો આપવામાં આવ્યા છે.

૯) વર્ષ ૨૦૧૬માં મંત્રાલયે જ્યાં ટોયલેટના બાંધકામની અને પીવાના પાણીની વ્યવસ્થા જરૂરી છે તેવા આંગણવાડી કેન્દ્રો ઓળખી કાઢવા માટે કામગીરી હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો. અંદાજે ૨૪ લાખ આંગણવાડીઓ હેઠળ ૩.૮૬ કરોડ મહિલાઓ અને કન્યા લાભાર્થીઓને આ ફ્લેગશીપ કાર્યક્રમ અંતર્ગત આવરી લઈને આંગણવાડીઓ અને તેની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવી હતી.

મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયે તા.૧ માર્ચ, ૨૦૧૭ થી ૧૫ માર્ચ, ૨૦૧૭ સુધી સ્વચ્છતા પખવાડિયું અમલી બનાવવા નિર્ણય લેવાયો હતો કે જેથી મહિલાઓ અને બાળકોમાં સ્વચ્છ ભારત અભિયાન અંગે જાગૃતિ ઉભી થાય અને સાર્વત્રિક સ્વચ્છતા, આરોગ્યપ્રદ સ્થિતિ અને વર્ષ ૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચથી મુક્તિ (ODF) નું ધ્યેય હાંસલ કરી શકાય.

પખવાડિયાના આ સમારંભ દરમ્યાન મંત્રાલયના તમામ સિનિયર અધિકારીઓ અને તેની સાથેની સંલગ્ન કચેરીઓ તેમજ આ વિભાગના રાજ્ય સરકારોના અધિકારીઓએ દેશના વિવિધ ભાગોમાં પ્રવાસ કરીને મંત્રાલય હેઠળના વિવિધ ક્ષેત્રોનો પ્રવાસ કરી અંદાજ મેળવ્યો હતો. ઓફિસરોએ આંગણવાડી કાર્યકરો, સુપરવાઈઝરો, ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓ અને ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ઓફિસરોને સ્વચ્છતા અંગે સંવેદનશીલ બનાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં હતા. મંત્રાલય હેઠળના આંગણવાડી કેન્દ્રો, બાળ સંભાળ સંસ્થાઓ, સ્વ-આધાર ગૃહો, વન સ્ટોપ સેન્ટર્સ, કામકાજી મહિલાઓની હોસ્ટેલો જેવા વિવિધ ફિલ્ડ યુનિટમાં સ્વચ્છતા સંબંધી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી, જેમાં સ્થાનિક સમુદાયને સામેલ કરીને આંગણવાડી કેન્દ્રોની દિવાલો ધોળવાની કામગીરી, ચિત્રો દોરવાની કામગીરી, આંગણવાડી કેન્દ્રોની દિવાલો ઉપર સ્થાનિક લોકો દ્વારા વિનામૂલ્યે લોગો મૂકવા દેવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ પ્રવૃત્તિમાં આંગણવાડી કેન્દ્રોની

અંદર તેમજ આસપાસમાં સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

મંત્રાલય દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને ટોયલેટની પ્રાપ્તિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી અને સ્વચ્છ ભારત મિશન હેઠળ બંધાયેલા ટોયલેટસ અંગે પણ સમીક્ષા કરાઈ હતી. કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) હેઠળ ખાનગી ક્ષેત્રને સ્વચ્છતા પ્રવૃત્તિમાં સામેલ કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા સંબંધી વિષયો પર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં બાળકો માટે સ્કેચ કોમ્પિટીશન દ્વારા તેમનામાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ અંગે નાનપણથી જ ટેવ નિર્માણ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યાં હતા.

૧૦) વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન આંગણવાડી કેન્દ્રોમાં ૭૦ હજાર ટોયલેટ બાંધવામાં આવ્યાં હતા અને ૨૦ હજાર આંગણવાડી કેન્દ્રોમાં પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળ સંભાળ કેન્દ્રોને સ્વચ્છ બનાવી તેમને ટોયલેટ પૂરાં પાડવામાં આવ્યાં હતા.

સમાન પ્રકારે વર્ષ ૨૦૧૮-૧૯માં વધુ ૭૦ હજાર ટોયલેટ અને પીવાના પાણી માટેની વધુ ૨૦ હજાર વ્યવસ્થા માટે બાંધકામ કરવામાં આવ્યું હતું. મંત્રાલય પાસે ઉપલબ્ધ વિગતો અનુસાર ૨૦૧૮ની સ્થિતિએ ૯,૨૯,૩૩૯ આંગણવાડી કેન્દ્રોમાં ટોયલેટની વ્યવસ્થા સ્થાપિત કરી શકાઈ હતી.

૧૧) સ્વચ્છ ભારત વિષયે કન્યાઓ માટે પણ કેટલીક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી, જેમાં આરોગ્યપ્રદ રસોઈ માટેની વર્તણુંક અને આ અંગેની પ્રણાલિ સ્થાપિત કરવા માટે નિદર્શન કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા. મંત્રાલય દ્વારા દેશભરમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો યોજવાનો લક્ષ્યાંક પૂરો કરવામાં આવ્યો હતો. જેમાં આરોગ્યપ્રદ સ્થિતિના મહત્વ અંગે દેશભરના બાળ સંભાળ કેન્દ્રોમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

૧૨) મંત્રાલયે તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ થી ૨ ઓક્ટોબર, ૨૦૧૮ સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધર્યું હતું અને સ્વચ્છતા પખવાડિયા દરમ્યાન જે પ્રવૃત્તિઓ યોજાઈ હતી તેમાં સમાન પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તથા ફીલ્ડમાં કાર્યરત સંસ્થાઓ માટે સફાઈ અને સ્વચ્છતા બાબતે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા, કે જેથી મહત્તમ સંખ્યામાં મહિલાઓ અને બાળકો સુધી પહોંચી શકાય. બાળ સંભાળ સંસ્થાઓ અને આંગણવાડીઓને ગ્રામ્ય ભારતમાં કેન્દ્રો તરીકે ગણીને માતાઓ અને બાળકો સાથે લગભગ દરરોજ પરામર્શ કરવામાં આવતો હતો અને આ રીતે તેમને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટેના મધ્યસ્થ કેન્દ્રો બનાવાયા હતા, કે જેથી સ્વચ્છતા અંગેનો સંદેશો વ્યાપક પ્રમાણમાં ફેલાવી શકાય.

આ રીતે માસિકના સમય દરમિયાન સ્વચ્છતાની જાળવણી અંગે અને આ ગાળા દરમિયાન સ્વચ્છતા જળવાય તે પ્રકારની પ્રોડ્કટસનું વિતરણ ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને કરવામાં આવ્યું હતું. આ મહિલાઓ ઘણાં લાંબા સમયથી માસિક સમય દરમિયાન બિન આરોગ્યપ્રદ સ્થિતિનો સામનો કરી રહી હતી. આ પ્રવૃત્તિની મહિલાઓ ઉપર શારીરિક તેમજ માનસિક અસર થઈ હતી.

મંત્રાલય દ્વારા મહિલાઓ માટે માસિકના સમય દરમ્યાન સ્વચ્છતાની જાળવણી માટે અલાયદી ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ની ઝુંબેશ હેઠળ આંગણવાડી કાર્યકરો અને આઈસીડીએસના કાર્યકરોને સામેલ કરીને ગ્રામ્ય સ્તરે શ્રમદાનના કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા. મંત્રાલયે "Sanitation as Everyone's Business" (સ્વચ્છતા સૌને લાગુ પડતી પ્રવૃત્તિ છે) અભિગમ હેઠળ વિવિધ કાર્યક્રમો હાથ ધરીને ભારતના દરેકે દરેક નાગરિક દ્વારા 'શ્રમદાન' પ્રદાન કરીને આ પ્રવૃત્તિ જાળવવામાં આવે અને તેમાં શ્રમિકોનું યોગદાન પ્રોત્સાહિત થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. શ્રમદાન એ માન. મંત્રીશ્રીથી શરૂ કરીને આંગણવાડીનાં કામદારો સહિત દરેક નાગરિક સ્વેચ્છાએ સ્વચ્છતા પ્રવૃત્તિ હાથ ધરે, પોતાના ઘરના લોકો તથા આસપાસની ઓફિસોના સાથી કાર્યકરોને તથા સામાન્ય જનતાને આમંત્રે અને સફાઈ કામગીરી માટે પ્રોત્સાહિત કરે તેવા ઉદ્દેશથી મંત્રાલય તરફથી હાથ ધરવામાં આવેલું આ એક નવતર કદમ છે.

૧૩) ખાસ કરીને બાળકો માટે સ્વચ્છતાના વિષયે કતપૂતલીના કાર્યક્રમો, વૉલ પેઈન્ટિંગ્સ અને શેરી નાટકો પણ યોજવામાં આવ્યાં હતાં. જેથી તેમના સુધી મનોરંજનની સાથે સાથે તેમનામાં સ્વચ્છતાનો સંદેશ પ્રસરે આ પ્રકારની પ્રવૃત્તિઓ બાળકોમાં આ વિષય અંગે રસ પ્રેરે અને બાળકોને યાદ રાખવામાં સરળતા રહે તેવો પણ ઉદ્દેશ છે.

૧૪) ખુલ્લામાં હાજતે જવાની પ્રવૃત્તિ બંધ થાય તે માટે સમાજમાં જેમના કહેવાથી અસર પડે છે તેવા આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, PRI, મિડીયા વગેરે ઓપિનિયન લીડર્સે એકઠા મળીને કામ કરવું જોઈએ, કારણ કે તે દેશનું લક્ષ્ય હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. દેશમાં અને રાજ્યોમાં અને વ્યક્તિગત સ્તરે સ્વચ્છતા અંગે જે કટોકટી ભરી સ્થિતિ છે તેને હલ કરવાની કામગીરી હાથ ધરી શકે તેવું મહત્વનું પરિબળ આંગણવાડી કેન્દ્રો છે.

મંત્રાલય રાજ્યો અને જિલ્લાઓની વિવિધ ટીમ સાથે મળીને જાહેરમાં શૌચની પ્રવૃત્તિ નાબૂદ કરવાના આયોજન (ODEP) ઉપર કામ કરી રહી છે. મંત્રાલયે જે આંગણવાડી કેન્દ્રોમાં પાકાં ટોયલેટ નથી તેવાં કેન્દ્રોને નજીકની શાળાઓમાં ભાડેથી વ્યવસ્થા કરીને નજીકની શાળાઓમાં ખસેડવા પ્રયત્નો કર્યા છે. આ રીતે આંગણવાડી કેન્દ્રોને સેનિટરી ટોયલેટસનો લાભ મળશે.

મંત્રાલયે બાળકો અને માતાઓમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ અંગે જાગૃતિ માટે અનેક પ્રયાસો કર્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ટેકનિક અપનાવીને હાથ ધોવા અંગે પોષણ માસ, સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અને સ્વચ્છતા પખવાડા દરમિયાન

નિર્દેશન કાર્યક્રમો આપવામાં આવ્યાં છે.

૧૫) ગરીબી અને કુપોષણને કારણે નાની વયનાં તથા અન્ય બાળકોમાં ઝાડા, ન્યુમોનિયા જેવા રોગો થવાની સંભાવનામાં વધારો થાય છે અને ખાસ કરીને ઓછું વજન ધરાવતાં બાળકોમાં મૃત્યુની સંભાવનામાં પણ વધારો થાય છે. વસ્તી વિષયક અને રોગચાળાલક્ષી જે અભ્યાસો થયા છે તેમાં એવું દસ્તાવેજીકરણ કરાયું છે કે પરિવારની નબળી આર્થિક હાલત, મહિલાઓમાં સાક્ષરતાનો નીચો દર, માતાને પોષણનું નબળી સ્થિતિ બાળ લગ્નો, મોટા કદના પરિવારો મહિલાઓમાં ઓછી આત્મનિર્ભરતા તથા આરોગ્યલક્ષી સેવાઓની અપૂરતી પ્રાપ્તિને કારણે માતાઓ તથા તેમનાં સંતાનો માટે અપ્રમાણસર ઊંચા જોખમની સ્થિતિ તરફ દોરી જાય છે.

માતા અને બાળકના આરોગ્ય અંગે વિવિધ રાજ્યો વચ્ચે વ્યાપક આર્થિક-સામાજિક અસમાનતાની સ્થિતિ અંગે પણ અભ્યાસોમાં દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. ખુલ્લામાં હાજતે જવાની પ્રવૃત્તિને કારણે ભારતમાં પાંચ વર્ષથી ઓછી વયનાં બાળકોમાં ઝાડા (ડાયેરીયા) ને કારણે સૌથી વધુ મોત શા માટે થાય છે એને આધારે વ્યાપક અભિપ્રાય બંધાયો છે. વારંવાર ઝાડા થવાને કારણે બાળક નબળું પડતુ જાય છે અને કુપોષણ, વિકાસ રૂંધાઈ જવાની તથા ન્યુમોનિયાની વધુ દયનીય હાલતનો ભોગ બને છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં કુપોષણની સ્થિતિ એ ખાસ કરીને સમાજના વંચિત સમુદાયોમાં ખૂબ જ સામાન્ય બાબત છે. મંત્રાલયે બાળકોમાં નબળા પોષણની સ્થિતિની સમસ્યા નિવારવા માટે પોષણ અભિયાન હાથ ધર્યું છે. પોષણયુક્ત સ્ત્રોતો પ્રાપ્ત કરવા સેન્દ્રિય પદાર્થોના નિર્માણ વડે તથા તેની હેરફેર માટેની વ્યવસ્થા ઉભી કરીને નબળા પોષણની સ્થિતિ નિવારવા પ્રયાસ કર્યો છે.

મંત્રાલય પોષણ અભિયાનનાં ધ્યેય હાંસલ થાય તે માટે યોજનાના અમલીકરણમાં ખૂબ જ સક્રિય છે. ભારતમાં બાળકોનો વિકાસ રુંધાવાની સ્થિતિ, ઓછા પોષણની સ્થિતિ તથા એનિમિયાનો કારણે બાળકોમાં ઓછા વજનની સ્થિતિ હલ કરવા માટે મંત્રાલય પ્રયત્નશીલ છે.

આ માટે ઉત્તમ પ્રકારની મોનિટરીંગની એક સરખી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યાં સમયસર પગલાં લેવાની જરૂર હોય ત્યાં સમયસર પગલાં લેવા માટે એલર્ટ આપવામાં આવે છે. અને રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોને સંબંધિત મંત્રાલયો મારફતે લક્ષ્યાંકો હાંસલ કરવાની કામગીરી માટે પ્રોત્સાહિત કરવામાં આવે, સુપરવિઝન કરવામાં આવે તથા માર્ગદર્શન આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

બાળક અને સગર્ભા માતા માટે પોષણનાં મહત્વ અંગે આશા વર્કર્સ, અને આંગણવાડી કાર્યકરો તથા ANM તરફથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

૧૬) પ્રધાનમંત્રી અને પીવાનાં પાણી તથા સ્વચ્છતા મંત્રાલયના નિર્દેશને અનુસરીને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પોતાના કાર્યક્ષેત્રમાં સ્વચ્છતાનો સમાવેશ કર્યો છે અને આ બાબતે તમામ પ્રયાસો હાથ ધરવા માટે સક્રિયતા દાખવી છે.

માતા અને બાળકનાં આરોગ્ય ઉપર સ્વચ્છતાની સીધી અસર થતી હોય છે. આ રીતે બાળકો અને માતાના મૃત્યુ દરની સમસ્યાઓ હલ કરવામાં સહાય થાય છે. આ રીતે મંત્રાલયે માતા અને બાળકોમાં સારા આરોગ્ય અને સ્વચ્છ વાતાવરણ અંગે સંવેદનશીલતા ઉભી કરવાની મહત્વની ભૂમિકા બજાવી છે અને એ રીતે સારા આરોગ્ય અને સ્વચ્છતાનો નાતો જોડવા પ્રયાસ કર્યો છે.

૧૭) મહિલાઓ સમાજમાં વર્તનલક્ષી ફેરફાર લાવવામાં સક્રિય કાર્યકર તરીકેની ભૂમિકા ભજવી શકે તેમ છે અને તે બાળકોની સામાજિકકરણની પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા ભજવે છે. મહિલાઓને સંસ્કૃતિ પ્રણાલી અને ઈતિહાસની વાહક ગણવામાં આવે છે.

મહિલાઓને બાળકોની વર્તણૂંકનું ઘડતર કરનાર તરીકે ઓળખવામાં આવે છે. તે બાળકના ઉછેરની સાથે સાથે સંસ્કૃતિનું પણ સર્જન કરે છે. આથી મંત્રાલયે સલામત અને આરોગ્યપ્રદ વાતાવરણ ઉભુ કરવા માટે માતા અને બાળક બંનેના આરોગ્યની ખાતરી રાખવામાં યોગદાન આપ્યું છે.

૧૮) ભારત અનોખી સાંસ્કૃતિક બહુવિધતાનાં દર્શન કરાવે છે, જેમાં વિવિધ પ્રકારની સંસ્કૃતિ અને વિચારધારા ધરાવતા લોકો શાંતિ અને સંવાદિતા સાથે જીવી રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિનાં દરેક હિસ્સામાં અલગ અલગ માન્યતાઓ અને ખ્યાલો જોવા મળતા હોય છે. મોટા ભાગની માન્યતાઓ કાં તો સ્ત્રીની વિરુદ્ધ જાય છે અથવા તો તેની તરફેણ કરે છે. આને કારણે મહિલાઓ અને બાળ કન્યાઓ તેનો ભોગ બનતી હોય છે.

આ રીતે ભારતમાં નીતિ વિષયક પગલાંનો અમલ કરવો તે સાચા અર્થમાં એક પડકારરૂપ બાબત બની જાય છે. આથી મંત્રાલય માટે દરેક વ્યક્તિ અને તેના માનસ સુધી પહોંચવાનો મોટો પડકાર બની રહે છે. મંત્રાલય પોતાની રાજ્યની અને જીલ્લાઓની ટીમ સાથે મળીને માતા અને બાળકના મૃત્યુનો દર ઘટે તેનો ધ્યેય હાંસલ કરવા માટે અને તેમને આરોગ્યપ્રદ, સલામત અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે ખૂબ જ ખંતપૂર્વક પ્રયાસ કરી રહ્યું છે.

References:

1) Dr. Y.P. Anand, 'Cleanliness Sanitation: Gandhian Movement and Swachha Bharat Abhiyan', Bombay Sarvodaya Mandal and Gandhi Research Foundation.

2) The Times of India, March 30, 2016.

લેખક ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ છે.

Email:

secy.wcd@nic.in

સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ

# ગુજરાતને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાની ઝુંબેશ

મોના ખંધાર

સ્વચ્છ ગુજરાત
સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ

મોટાપાયે વર્તનમાં પરિવર્તન માટે ગુજરાત સરકારએ સ્વચ્છ ભારત અભિયાન તમામ ૩૩ જિલ્લાઓમાં સફળતાપૂર્વક યોજવામાં આવ્યું. જેનાથી ગ્રામીણ સમાજમાં પ્રસંશનીય રીતે શૌચાલયને સ્વીકારી ગામને ખુલ્લામાં શૌચ મુક્ત કરવા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું થયું હતું. ગુજરાત રાજ્યને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.

**૧. પરિચયઃ સ્વચ્છતા અને ચીર સ્થાયી વિકાસ લક્ષ્યાંક**

પાણી અને સ્વચ્છતાની સેવાઓ માનવ સમાજ માટે પાયાની જરૂરિયાત છે. અને એટલે જ યુનાઈટેડ નેશનસ જનરલ એસેમ્બલીએ જુલાઈ-૨૦૧૦ માં આ સેવાઓ મૂળભૂત માનવ અધિકાર તરીકે જાહેર કરી અને તેના માટે સામાન્ય અને સ્વચ્છ, સુરક્ષિત, પહોચમાં હોય અને પોષાય તેવું પેય જળ મળી રહે અને જાહેર સ્વચ્છતા જળવાય તેવા પગલા લેવા માટે અનુરોધ કર્યો છે.

અસુરક્ષિત સ્વચ્છતા અને નબળું આરોગ્ય જાહેર આરોગ્યને સીધી અસર કરે છે. બાળકો સહિત કરોડો લોકો દર વર્ષે અપૂરતું અને દુષિત જળ અને અપુરતી આરોગ્ય સ્વચ્છતાને લગતા રોગોનાં કારણે મૃત્યુ પામે છે. વર્ષ-૧૯૯૦ થી સુરક્ષિત પેયજળ મેળવતા લોકોની વૈશ્વિક ટકાવારી ૫૪% થી વધી ને ૬૮% થયેલ છે. છતાં પણ વૈશ્વિક સ્તરે ૨.૩ અરબ લોકો પાસે હજુ પણ શૌચાલય ઉપલબ્ધ નથી (WHO-2018).

કેન્દ્ર અને રાજ્ય સરકારનાં પ્રયત્નોથી ગુજરાતમાં (NFHS-4) ગ્રામ્ય સ્વચ્છતાની પહોચ ૨૦૦૧માં ૨૨%થી વધી ને ૪૭% થયેલ હતી. આમ ૨૫% નો વધારો થયેલ હતો. છતાં પણ એના અનુસંધાને શૌચાલયના ઉપયોગમાં વધારો એક પડકાર રહ્યો હતો. વર્ષ ૨૦૧૧ નાં સેન્સસ મુજબ ગુજરાતમાં ૬૫% ઘરો ખાસ કરી ને ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રિયા કરતા હતા. મીલેનિયમ ડેવલપમેન્ટ ગોલ (૨૦૦૦-૨૦૧૫) આથી ઓક્ટોબર-૨૦૧૪ માં પ્રધાનમંત્રી દ્વારા પ્રેરીત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખુલ્લામાં શૌચમુક્ત ગુજરાતના લક્ષ્ય સાથે અભિયાન ગ્રામ્ય ગુજરાતમાં પણ શરૂ કરવામાં આવ્યું.


વૈશ્વિક સ્તરે સાતત્યપુર્ણ વિકાસ લક્ષ્યાંક (SDG) (૨૦૧૬-૨૦૩૦) નવા સંકલ્પ સાથે અમલી કરવામાં આવેલ જેમાં વિશ્વમાં તમામ ને સમાનતાના ધોરણે સુરક્ષિત પાણી અને સ્વછતા ઉપલબ્ધ થાય અને તેનો ઉપયોગ કરી શકે એ માટે કટિબદ્ધતા અને જવાબદારી સ્વીકારી હતી. ભારત સરકારે સમયબદ્ધ રણનીતિ સાથે ટોચ અગ્રતા સાથે ખુલ્લામાં શૌચમુક્ત સ્વચ્છ ભારતને ટોચ અગ્રતા આપી. રાજયોને આ કામગીરી પૂર્ણ કરવા ઓક્ટોબર-૨૦૧૯ સુધીની સમય મર્યાદા નક્કી કરી આપેલ છે.

**૨. ગુજરાતની સ્વચ્છતા સફર/ યાત્રા :**

કેન્દ્ર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ દ્વારા ગ્રામ્ય ગુજરાતના લોકોને

સુરક્ષિત પાણી અને સ્વચ્છતાની સેવા ઉપલબ્ધ કરાવવામાં સતત સુધારો થયો છે. વર્ષ-૨૦૧૧માં કેન્દ્ર સરકાર દ્વારા કુટુંબો પાસે સુધારેલ સ્વચ્છતાની સુવિધાઓ ન હતી તેમનો બેઝ લાઇન સર્વે કરાવવામાં આવ્યો. બી.એલ.એસ. ૨૦૧૨ દ્વારા ગ્રામ્ય સ્તરે સ્વચ્છતાની પરિસ્થિતિની માહિતી પૂરી પાડવામાં આવી. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મુક્ત અભિયાન ની શરૂઆત કરી. ભારત સરકાર દ્વારા, વડાપ્રધાન દ્વારા ૨ ઓક્ટોબર, ૨૦૧૪ માં પોતાના શ્રમદાન સાથે સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ અભિયાનની શરૂઆત કરવામાં આવી. ગ્રામીણ ગુજરાત વર્ષ - ૨૦૧૨ માં સ્વચ્છતા માટે ૪૦.૭૦ ટકાવારી ધરાવતું હતું (NSSO-2016) તેને બીજી ઓક્ટોબર ૨૦૧૭ (MDWS-2017) સુધીમાં ૧૦૦% સુધી પહોચવા માટે અનુકૂળ વાતાવરણ મળ્યું.

સ્વચ્છ ગુજરાતની મુખ્ય યાત્રાની શરૂઆત વર્ષ ૨૦૦૭માં ગુજરાત સરકારની નિર્મળ ગુજરાત યોજના સાથે થઇ. જેમાં બીપીએલ કુટુંબો ઉપરાંત એ.પી.એલ કુટુંબોને પણ પ્રોત્સાહક લાભ આપવામાં આવેલ. ત્યારબાદ રાજય સરકારે "મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિ" ફંડની રચના કરી. જેના દ્વારા એ.પી.એલ.કુટુંબોને રૂ.૪૦૦૦/- ની સહાય ગુણવાતાયુક્ત શૌચાલય બનાવવા માટે આપવામાં આવી. કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત તેમાં સ્વયમ પ્રેરિત કુટુંબો દ્વારા પણ પોતાના ખર્ચે ગુણવાત્તાયુક્ત શૌચાલય બનાવવામાં આવ્યા. ગુજરાતમાં આ પહેલ ગ્રામ્ય સ્વછતા માટે પાયારૂપ બની.




**૩. સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત થયેલ કામો :**

અગાઉ "સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન" (TSC) અંતર્ગત બી.પી.એલ. કુટુંબોને શૌચાલય આપવાની જોગવાઈ હતી. શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા, આંગણવાડીમાં બાળકો માટે "બેબી" ટોયલેટ અને ગામમાં બહારથી આવતા લોકો માટે જાહેર શૌચાલય તથા જે ઘર કુટુંબો પાસે શૌચાલય બનાવવા માટે પૂરતી જગ્યા ન હોય તેવા કુટુંબો માટે સામુદાયિક શૌચાલયની જોગવાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત પાંચ શયન કરેલ એ.પી.એલ. કેટેગરીમાં આવતા (એસ.સી., એસ.ટી, નાનાં અને સીમાંત ખેડૂતો, જમીન વિહોણા મજૂર, દિવ્યાંગ અને જે ઘરના મહિલા વડા હોય) કુટુંબોને ઘર દીઠ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા સમાવેશ કરાવવામાં આવ્યો. વર્ષ ૨૦૧૪ માં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય ભારત સરકાર દ્વારા સૂચિત માપદંડો મુજબ બે શોષ ખાડાવાળા શૌચાલયોનું બાંધકામ સાથે સાથે અગાઉ બનેલ એક ખાડાવાળા શૌચાલયોને પણ બે ખાડાવાળું શૌચાલય બનાવવા માટે પહેલ કરવામાં આવી.જેના સાતત્યપૂર્ણ શૌચાલય અને સ્વચ્છતાનો પાયો નાખવામાં આવ્યો. બે શોષખાડા દ્વારા શૌચાલયની જાળવણી ઘણી સરળ બની જાય છે. એક શોષખાડો ભરાયા બાદ બીજા શોષખાડાનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી પ્રથમ ખાડાના મળનું ખાતરમાં રૂપાંતર થઇ જાય છે.

**૪. અન્ય યોજનાઓ સાથે સંકલન :**

સર્વ સામાન્ય રીતે મુખ્ય હિતધારકોમાં એવી માનસિકતા પ્રવર્તે કે સ્વચ્છતા એ સરકાર અને મધ્યસ્થી વિભાગોની જવાબદારી છે. અન્ય વિભાગોની કોઈ સીધી જવાબદારી નથી. પરંતુ "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત અન્ય વિકાસલક્ષી યોજનાઓ તેમજ અન્ય વિભાગોને તેમના કાર્યક્રમોના સંકલન, ભાગીદારી અને જવાબદારી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આથી "સ્વચ્છ ભારત અભિયાન" દ્વારા ગુજરાત

માટે ઘણુ જ સાનુકૂળ વાતાવરણ ઉભું થયું. પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ અંતર્ગત લાભાર્થીને ઘરની સાથે સાથે શૌચાલય આપવાની શરૂઆત થઈ. મહાત્મા ગાંધી – નરેગા અંતર્ગત જે કુટુંબો (ઘરો) પાસે શૌચાલય બનાવવા માટે પૂરતી જગ્યા ન હોય તેવા કુટુંબોને "ક્લસ્ટર શૌચાલય" આપવામાં આવ્યા એ જ પ્રમાણે આંગણવાડી અને શાળાઓમાં જે તે વિભાગો દ્વારા શૌચાલય બનાવામાં આવ્યા "કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબીલીટી" (સી.એસ.આર.) અંતર્ગત જોઈતી વધારાની નાણાંકીય સહાય મેળવીને શૌચાલય બનાવામાં આવ્યા. ગુજરાત સરકાર દ્વારા સહકારી મંડળીઓને પણ શૌચાલય બાંધકામમાં જોડવામાં આવી. આથી સંયુક્ત જવાબદારીની ભાવના વિકસી અને સંલગ્ન વિભાગો વચ્ચે ગ્રામીણ સ્વચ્છતા માટે એકસૂત્રતા કેળવવાનું શક્ય બન્યું. વિવિધ યોજના તથા સંકલનથી બનેલ શૌચાલયની ટૂંકી વિગત નીચેના કોઠામાં દર્શાવેલ છે.



| ક્રમ નં. | યોજનાઓ / કાર્યક્રમો | બનાવેલ શૌચાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહાત્મા ગાંધી નરેગા | ૪,૦૮,૫૪૫ |
| ૨ | સ્વચ્છત ભારત અભિયાન | |
| | ૧. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ૨૩,૦૯,૦૩૩ |
| | ૨. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને મહાત્મા ગાંધી નરેગા કન્વર્ઝન્સ સાથે | ૧૭,૪૧૭ |
| | ૩. નિર્મળ ભારત અભિયાન (એન.બી.એ) | ૨,૪૩,૧૬૯ |
| ૩ | સ્વ નિર્ભર અને અન્ય યોજના | ૭,૦૧,૩૨૬ |
| ૪ | પ્રધાનમંત્રી આવાસ | ૨૪,૭૬૦ |
| ૫ | નિર્મળ ગુજરાત / મુખ્ય મંત્રી સ્વચ્છતા નિધિ કન્વર્ઝન્સ સાથે | ૨૭,૮૭૯ |
| | **કુલ** | **૩૭,૩૨,૧૨૯** |

**૫. શૌચાલય બાંધકામ – એક પડકાર :**

ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચક્રિયા એ વર્ષો જૂની ટેવ રહી છે. ગ્રામીણ વિસ્તારોમાં ખુલ્લી જગ્યાની વિપુલતા હોવાથી લોકો ખુલ્લામાં શૌચ કરવા પ્રેરાય છે. ખુલ્લામાં શૌચક્રિયાએ ગામના પુરૂષો અને સ્ત્રીઓ માટે સામાજિક વાર્તાલાપની તક અને માધ્યમ તરીકે પણ જોવામાં આવે છે. આવી માનસિકતા ધરાવતા લોકોમાં શૌચાલય બનાવવા અને તેનો ઉપયોગ કરતા કરવા એનાથી વધુ મોટો પડકાર એ હતો કે બે શોષખાડાવાળા શૌચાલયમાં ૫ – ૬ ફૂટની ઊંડાઈ પૂરતી નથી અને આથી લોકો ઘર આંગણે શૌચાલય બનાવવા માટે તૈયાર ન હતા. અમુક પર્વતીય અને ખડકાળ વિસ્તારોમાં/ જિલ્લાઓમાં આ ટેક્નોલોજી પડકારરૂપ હતી અને ટૂંક સમયમાં અભિયાન પૂર્ણ કરવામાં અવરોધરૂપ હતું પરંતુ જ્યાં મન હોય ત્યાં રસ્તો મળી જ રહે છે. પોરબંદર જીલ્લામાં ખડકાળ જમીનના ખોદકામ માટે વપરાતા મશીન અને જેસીબી (ટી.સી.બી) દ્વારા ખાડા ખોદવામાં આવ્યા અને લીચપીટને રેતી, તેમજ પવન અને પાણીથી ઘસાયેલા મોટા પથ્થરથી ભરવામાં આવ્યાં બાદ શૌચાલય આપવામાં આવ્યાં.

**૬. સ્વચ્છતાની લોક ચળવળ :**

ગુજરાતમાં સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય વિકાસ વિભાગએ રાજ્યમાં ૩૩ લાખથી વધારે કુટુંબોને વ્યક્તિગત શૌચાલય આપવાનો તાંત્રીક, વહીવટી અને સામાજિક પડકાર સ્વીકાર્યો અગાઉ મિલેનિયમ વિકાસ લક્ષ્યાંક પ્રમાણે વર્ષે ૧ % પ્રગતિ હતી. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની ગુજરાત સરકાર વાસ્તવિક પડકારરૂપ ૧% ના વાર્ષિક પ્રગતિ દરને ૧૭ % સુધી પહોચાડી ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૦% સ્વચ્છતા પૂરી પાડવા કટિબદ્ધ હતી. આ મોટા પ્રમાણમાં લોકભાગીદારી વગર શક્ય ન હતું. આ માટે ગુજરાત સરકારએ આ કાર્યક્રમને લોક અભિયાનરૂપે ઉપાડી, એવા તમામ લોકોને ભાગીદાર બનાવ્યા જેઓનું સમાજમાં માન છે - જેઓની વાત લોકો સાંભળે અને માને છે. જન પ્રતિનિધિઓએ પોતાના શ્રમદાન સાથે પોતાના વિસ્તારમાં નેતૃત્વ કર્યુ. આ અભિયાન ટૂંક સમયમાં જ ઝડપથી

આ પ્રેરક વાત જુનાગઢના ખાબરા ગામની છે. ત્રણ બહેનોના કુટુંબમાં ત્રણેય બહેનો દિવ્યાંગ હતી. શારરિક રીતે હરવું ફરવું તેમની માટે મુશ્કેલ હતું. તેઓને ખુલ્લામાં શૌચ જવું પડકારરૂપ હતું. ગામમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સૌ પ્રથમ શૌચાલયની સુવિધા મેળવવાની તક તેઓએ ઝડપી અને ગામમાં અન્ય ઘરો-કુટુંબોને શૌચાલય બાંધવા માટે જાગૃત અને પ્રોત્સાહિત કર્યા અને ખુલ્લામાં શૌચ કરતા બંધ કરવા માટેના પ્રયાસો કર્યા.

આગળ વધવા માંડ્યું. લોકોમાં જેમ જેમ વિશ્વાસ ઉભો થતો ગયો તેમ તેમ સમાજના તમામ સ્તરના લોકો અભિયાનમાં જોડાવા લાગ્યાં. સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાતના ઓળખ, ચિહ્નથી અને પ્રચાર પ્રસારની રણનીતિ દ્વારા અભિયાનને આગવી ઓળખ મળી હતી.

જ્યારે રાષ્ટ્રીય સ્તરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વચ્છ અભિયાન માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નામી હસ્તીઓને સાથે લેતા હતા ત્યારે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના વડાઓ, નામી હસ્તીઓ, રાજ્યના અધિકારીઓ અને તેઓના પતિ-પત્નીને સામાજિક અભિયાનમાં જોડયા હતા. અભિયાનમાં સહકારી સંસ્થાઓ, એ.પી.એમ.સી. (APMC), મહિલા સ્વ-સહાય જૂથ, ધાર્મિક નેતાઓ, ખેડૂત જૂથો, નિગરાની સમિતિના સભ્યો, સ્વચ્છાગ્રાહી ગાંધી સ્વયંસેવકો અને અન્ય વિવિધ સ્તરે ક્ષમતા ધરાવતા લોકોએ ગામના લોકો સાથે વાતચીત કરવાની શરૂઆત કરી અને ખુલ્લામાં શૌચ ન કરવા અને શૌચાલય બાંધી તેનો ઉપયોગ કરવા સમજાવ્યા. દિવ્યાંગ વ્યકિતઓને જોડીને આ અભિયાન સર્વગ્રાહી બનાવવામાં આવ્યું અને તેઓને ‘‘ચેમ્પિયન્સ’’ તરીકેની ઓળખ આપવામાં આવી અને નિયમિત રીતે શૌચાલયનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

ગુજરાત સરકારે વિકાસમા સહાયક ભાગીદારો (Development Support Partners) જેવા કે યુનિસેફ, વર્લ્ડ બેંક, ટાટા ટ્રસ્ટનો સાથ લઈ હિતધારકોના ક્ષમતા વર્ધન માટે રણનીતિ બનાવી અને GUJCAT's (Gujarat Community Action for Total Sanitation) દ્વારા ગામમાં કળ/ચાવીરૂપ પ્રક્રિયાઓનું (Triggering) આયોજન કર્યું. આ પ્રક્રિયામાં રાજયના અને જિલ્લાના અનેક સામાજિક કાર્યકરોને નોલેજ લિંકની મદદથી એક વ્યવસાયિક કુશળતા ધરાવતી સંસ્થાઓની મદદથી ચાવીરૂપ પ્રક્રિયાથી અવગત કરી તૈયાર કર્યા હતા. વર્ષ ૨૦૧૬માં GUJCATS અમલમાં મૂકાયું અને ત્રણ રાઉન્ડમાં શૌચાયલ માટે જાગૃત કરી સ્વચ્છતા માટે માંગ ઉભી કરી હતી.

મહિલા સ્વસહાય જૂથના સભ્યોને ઓળખીને મોટી સંખ્યામાં (૩૩ જિલ્લાઓ, ૧૨૬૦૦ મહિલાઓ) આરસેટી (પ્રાદેશિક સ્વરોજગાર કેન્દ્ર તાલીમ) દ્વારા કડિયાની તાલીમ અપાવી તેઓને ‘‘સ્વચ્છતા શિલ્પી’’ નામ આપવામાં આવ્યું. આર.સે.ટી.એ. (RSETI) ગામમાં શૌચાલયની માંગને પ્રતિસાદ આપવા માટે ગ્રામ પંચાયત સાથે ખૂબ જ નજદીક રહી તાલીમની સંકલનથી કામગીરી કરી આથી ગુજરાત સ્વચ્છતા અને શૌચાલયના અભિયાનની ગતિમાં અને અમલવારીમાં ઝડપ આવી હતી. મહિલાઓને આજીવિકા ઉપાર્જની તક મળી અને તેઓને પોતાના ગામને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવા માટે સશક્ત કરી. આ ઉપરાંત સહકારી સંસ્થાઓ અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટિઓને મોટા પાયે જોડવામાં આવેલ જેથી શૌચાલયનું બાંધકામ વેગવંતુ બન્યું.



મુખ્ય અભિયાન યુવાઓ, એન.એસ.એસ. સ્વયંસેવકો, ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ તમામ ૩૩ જિલ્લાના છેવાડાના ગામો જ્યાં કોઈ ન પહોંચી શકે તેમ હોય તેવા ગામોમાં પહોંચી વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માં શૌચાલય માટે પાયો નાખ્યો આ એક નવીન પહેલ હતી જે ઊંડા જંગલ, દરિયાકાંઠા, પર્વતીય અને ખડકાળ વિસ્તારોમાં સામાજિક ચાવીરૂપ ક્રિયા (Triggered Social training) ગતિશીલ બનાવવા માટે અને કુટુંબો સાથે જોડાવા માટેની તક ઉભી કરી હતી. આથી જ્ઞાતિગત અને સામાજિક રીતે ગામમાં અને સમાજમાં શૌચાલયનો ઉપયોગ સ્વીકાર્ય બન્યો અને અભિયાન વધુ વેગવંતુ બન્યું.

મોટાપાયે વર્તનમાં પરિવર્તન માટે ગુજરાત સરકારએ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ગીત અને નાટ્ય વિભાગ સાથે ભાગીદારી કરી લોક નૃત્ય કલાકારોને તાલીમબદ્ધ કર્યાં અને અભિયાનમાં જોડ્યા. ગીત અને નાટ્ય વૃંદોને સ્વચ્છતા સ્વચ્છ ભારત અભિયાન સમુદાયમાં શૌચાલય અપનાવા પરત્વે પ્રવર્તતી માન્યતાઓ મુશ્કેલીઓથી અવગત કરી ગીત અને નાટ્ય રૂપાંતર બનાવવામાં આવ્યા જેમાં



મનોરંજન સાથે ચાવીરૂપ સંદેશ સામેલ કરવામાં આવ્યાં. આ ઉપરાંત સ્થાનિક ચિત્રકારો ભિંતચિત્રો તૈયાર કરાવવામાં આવ્યાં અને વિવિધ સ્પર્ધાઓ ગોઠવવામાં આવી. આ અભિયાન તમામ ૩૩ જિલ્લાઓમાં યુનિસેફની તક્નિકી સહાયથી સોશિયલ મીડીયા, કમ્યુનિટી રેડિયો વગેરે સાથે સફળતાપૂર્વક યોજવામાં આવ્યું. જેનાથી ગ્રામીણ સમાજમાં પ્રસંશનીય રીતે શૌચાલયને સ્વીકારી ગામને ખુલ્લામાં શૌચ મુક્ત કરવા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું થયું હતું.

**૭. ગુજરાત માટે ખુલ્લામાં શૌચમુકત સ્થિતિની ખાતરી :**

ગ્રામ વિકાસ કમિશનર, ગુજરાત સરકાર દ્વારા વ્યૂહાત્મક રીતે નિર્ણય લઈને ખુલ્લામાં શૌચમુકત સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સ્વતંત્ર અહેવાલ આપવા માટે અનુભવી થર્ડ પાર્ટીની નિમણૂંક કરવામાં આવેલ હતી. વધુમાં, ભારત સરકારના માર્ગદર્શન હેઠળ ખુલ્લામાં શૌચમુકત સ્થિતિની ચકાસણી પ્રક્રિયા માટે યુનિસેફના ટેક્નિકલ સહયોગથી તૈયાર કરવામાં આવેલ રાષ્ટ્રીય પ્રોટોકોલ સાથે સુસંગત પ્રોટોકોલ તૈયાર કરવામાં આવેલ. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરની ગુણવત્તા પરિષદને ડિસેમ્બર ૨૦૧૬ માં ઓડીએફ ચકાસણીની કામગીરી માટે સન્માનિત કરવામાં આવેલ.

સ્વતંત્ર એજન્સી ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (QCI) દ્વારા ગ્રામ પંચાયત તાલુકા અને જિલ્લા દ્વારા ઓડીએફ જાહેર કરેલ ૨૨૯ તાલુકાઓમાં શૌચાલય સુધી પહોચ તેના ઉપયોગ અને શૌચાલયમાં પાણીની ઉપલબ્ધતાની ચકાસણી માટે વ્યાપક મૂલ્યાંકનનું આયોજન કર્યું હતું. આ ચકાસણીમાં ગુજરાતના ૩૦ જિલ્લાના ૨૨૯ તાલુકાની ૧૪૦૦ ગ્રામ પંચાયતમાં ૭૦૦૦૦ થી વધુ ઘરો આવરી લેવામાં આવ્યાં હતા. ઓડીએફ ચકાસણી બે તબક્કામાં કરવામાં આવી હતી, પ્રથમ તબક્કો ડિસેમ્બર ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૬ દરમિયાન હતો જેમાં ૧૦૨ તાલુકા આવરી લેવામાં આવ્યાં હતા. બીજો તબક્કો જુલાઈ ૨૦૧૭ થી સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન હતો જેમાં ૧૨૭ તાલુકા આવરી લેવામાં આવ્યાં હતા. આ અહેવાલથી જે ત્રુટિઓ ધ્યાનમાં આવેલ તે માટે જીલ્લાઓને સુધારણાત્મક પગલાં લેવા માટે સુચના આપવામાં આવેલ.

ક્યુસીઆઈના માન્યતા અહેવાલ અને રાજ્યના સમર્થનના આધારે, ગુજરાત રાજ્યના પોરબંદર ખાતે ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ૨ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ સત્તાવાર રીતે ખુલ્લામાં શૌચ મુકત (ઓડીએફ) રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાતના ગવર્નર અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં તમામ વરિષ્ઠ અધિકારીઓની સાક્ષીએ મહાત્મા ગાંધીને તેમના જન્મ સ્થળે સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

**૮. ગુજરાતમાં ઓડીએફ ટકાઉપણું :**

ગુજરાત રાજ્યને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે તેમ છતાં, જો તમામ સ્તરે પર્યાપ્ત રીતે ચકાસણી કરવામાં નહી આવે તેમજ તેની મરામત, જાળવણી અને

'Access to Toilets in Gujarat **has been found to be** 93% compared to the National Average of 62.45% **and Gujarat's earlier average of 85% according to the Swachh Survekshan Grameen June 2017.'**

**'The** average usage percentage **of the toilets across 30 districts surveyed has been found to be** 91%, **much better than 82.3% inferred usage according th the 2013 TSC PEO Study.'**

**'The results of the** 'water availability in toilets' **data is very encouraging at** 93% **which is a key driver for usage.'**



તા.૦૨-૧૦-૨૦૧મના રોજ કીર્તિ મંદીર, પોરબંદર ખાતે ગ્રામીણ ગુજરાતને ''ખુલ્લામાં શૌચક્રિયા મુકત(ODF)''ની જાહેરાતના પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ગુજરાતના રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી.

નવી જરૂરિયાત માટે શૌચાલયો બનાવી વપરાશ ન થાય તો ખુલ્લામાં શૌચમુક્તિનું જોખમ ચાલુ રહે છે. તેથી, ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા પોસ્ટ ઓડીએફ વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે, જેમાં એસબીસીસી (સોશિયલ અને બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન) નો સમાવેશ થાય છે, જેમાં તમામ જીલ્લાઓ દ્વારા એસબીસીસી પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે. કાયમ માટે ખુલ્લામાં શૌચ મુકત રહે તે માટે દરમિયાનગીરી, ગ્રામ્ય સ્તરે નિગરાણી સમિતિઓની રચના અને તાલીમ, સમુદાયની દેખરેખ માટે સ્વચ્છાગ્રહીઓ અને ગાંધી સ્વયંસેવકોને જવાબદારી સોપવી તેમજ જાહેર સ્થળોએ સમુદાયીક શૌચાલયો પૂરા પાડવાની આ રણનીતિમાં સમાવેશ કરવામાં આવ્યો. જિલ્લાઓમાં દેખરેખ અને મૂલ્યાંકન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે જેમાં જીલ્લા અધિકારીઓએ સમીક્ષા બેઠકોમાં નિયમિત રીતે ઓડીએફ સ્થિતિની સમીક્ષા કરવામાં આવે છે. તથા રાજ્ય ઓડીએફ પ્રોટોકોલ મુજબ ઓડીએફની આંતરિક અને બાહ્ય ચકાસણી પણ હાથ ધરવામાં આવે છે.

રાજ્યએ ઓડીએફની ત્રણ સ્તરની ચકાસણી પદ્ધતિ સ્વીકારેલ છે, જેમાં દર છ મહિને માળખાગત સુવિધાઓની દેખરેખ રાખવામાં આવે છે જે ગ્રામ્ય સમુદાયને ઓડીએફના ટકાઉપણા તરફ પ્રેરે છે. દ્વિતીય સ્તરે આંતર તાલુકા ટીમો દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે. વધુમાં, ઓડીએફ + એજન્ડા હેઠળ, ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની પહેલ કરવામાં આવી છે. કમ્પોસ્ટિંગ દ્વારા ભીના ઘન કચરાને ઉપયોગી સ્ત્રોતમાં પરિવર્તિત કરવામાં આવે છે જેનો ખેતી માટે ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

પ્રવાહી કચરાની ટ્રીટમેન્ટ દ્વારા સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ કરાવવા માટે શરૂઆત કરાવવામાં આવેલ છે. ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે. ગ્રામીણ પરિવારો અને પંચાયતીરાજના ચૂંટાયેલા પ્રતિનિધીઓની ક્ષમતાવર્ધન પણ કરવામાં આવી રહી છે અને મુખ્ય સહભાગીઓની જાગૃતતા દ્વારા ઘન કચરાના ભીના અને સુકા વિભાજન માટે પ્રેરવામાં આવે છે.

વિશ્વબેંકના સહયોગથી રાષ્ટ્રીય વાર્ષિક ગ્રામીણ સ્વચ્છતા સર્વેક્ષણ (એનએઆર એસએસએસ) ની એજન્સી દ્વારા થર્ડ પાર્ટી દ્વારા પણ ચકાસણી કરવામાં આવેલ. આ ચકાસણીમાં ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮ ના પરિણામોમાં જાણવા મળ્યું છે કે જે ગામોને ખુલ્લામાં શૌચક્રિયા મુકત જાહેર કરેલ છે તેવા ગામોમાં ૯૮.૮ % પરિવારો શૌચાલયનો ઉપયોગ કરે છે.

**૯. સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામિણ (એસએસજી) - ૨૦૧૮ :**

પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સમગ્ર દેશના ગામોના મૂલ્યાંકન માટે સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ (એસએસજી) – ૨૦૧૮ ઓગસ્ટ ૨૦૧૮ માં કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યે આ તક ઝડપીને વ્યૂહાત્મક રીતે આ સર્વેક્ષણ માટે લોકોમાં સારી જાગૃતિનો સંચાર કરેલ છે. ખાસ કરીને વિવિધ સરકારી વિભાગો સાથે કંન્વર્જન્સ સુનિશ્ચિત કરી ટૂંકા સમયગાળામાં ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતા સુધારણા માટે સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામિણ (એસએસજી) – ૨૦૧૮ના સૂચકઆંકો સામે પ્રગતિનું સ્વ-મૂલ્યાંકન કરવા સાધન વિકસાવવામાં આવેલ છે.

ગુજરાતમાં સુદ્રઢ અને સફળ સ્વચ્છતા લક્ષી કામોના કારણે સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮ માં રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ.

તમામ હિતધારકોની મદદ અને પ્રયાસોથી ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે તમામ માપદંડો જેમાં લોકભાગીદારી પણ સામેલ હતી. એ પ્રમાણે બીજું સ્થાન મેળવવામાં




તા.૦૨-૧૦-૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે આયોજીત સમારોહમાં કેન્દ્રિયમંત્રી ઉમા ભારતીના વરદ હસ્તે કમિશ્નર-વ સચિવ, ગ્રામ વિકાસ તેમજ સ્પેશ્યલ કમિશ્નર, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), ગુજરાત રાજયને સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮ની સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ વેસ્ટર્ન રીઝિયનમાં પ્રથમ ક્રમાંક અને સમગ્ર દેશમાં બીજો ક્રમાંક પ્રાપ્ત થયેલ છે.




સફળતા મળી હતી. જે પ્રથમ રાજ્ય કરતાં ફક્ત ૦.૨ ગુણ ઓછા હોવાના કારણે બીજા સ્થાને આવેલ. આ ઉપરાંત લોક પ્રતિભાવમાં પણ રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય સ્થાન મેળવેલ તેમજ ગુજરાતના ૧૪ જિલ્લાઓ પ્રથમ ૫૦ જિલ્લાઓની યાદીમાં સ્થાન પામેલ છે. ગુજરાત રાજ્યે પશ્ચિમ જોનમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. ગુજરાતને નવી દિલ્હી ખાતે ૨ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ રાષ્ટ્રીય સમારોહમાં કેબીનેટ મંત્રી પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સમારોહમાં ઉમા ભારતી દ્વારા પારિતોષિક આપવામાં આવેલ છે.

**૧૦. મુખ્ય પડકારો :**


ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાલક્ષી પરિવર્તન મુશ્કેલ અને પડકારરૂપ રહ્યું હોવા છતાં ગુજરાત રાજ્ય આ પડકાર ઝીલવામાં અગ્રેસર રહ્યું છે.

નીચેની આકૃતિમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યભરમાં વધુ સારી સ્વચ્છતા સુવિધા આપવા માટે મુખ્ય ચાર સંવેદનશીલ બાબતો ઉપર ધ્યાન આપી પરિવર્તન માટે પ્રયાસો કરવામાં આવ્યા છે.

**નાણા મેળવવા**

આ પ્રવૃત્તિ માટે નાણાકીય વ્યવસ્થા રાષ્ટીય અને રાજ્ય સ્તરના વિવિધ કાર્યક્રમો યોજનાઓ સાથે આ સંકલન કરી વ્યવસ્થા કરવામાં આવેલ.

નીચેની આકૃતિમાં શૌચાલય બનાવવા માટે અન્ય કાર્યક્રમોની સહભાગિતા દર્શાવવામાં આવેલ છે.




**ક્ષમતાવર્ધન**

ગ્રામીણ ગુજરાતને ખુલ્લામાં શોચમુક્ત કરવા માટે તમામ હિતધારકો જે આ કાર્યક્રમમાં સામેલ હતા તેઓ માટે જરૂરી હતું કે તેઓ પર્યાવરણ જાળવણી લક્ષી રણનીતિ આપનાવે તેમજ સંવેદનશીલ મુદ્દાઓ અને મુશ્કેલીઓ માટે અગાઉથી માહિતી અને જાણકારી ધરાવતા હોય.

ખુલ્લામાં શૌચની સમસ્યા શૌચાલય અને સ્વચ્છતા માટે તમામ સ્તરે સરકાર અને સ્થાનિક લોકો આ બાબતો માટે સંવેદનશીલ બને. ત્રણ સ્તર જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના અધિકારીઓ / કર્મચારીઓના ક્ષમતા વર્ધન માટે ત્રણ નોલેજ રિસોર્સ સેન્ટર્સ (કે.આર.સી.) ને રોકવામાં આવેલ છે.

લેખક (આઈ.એ.એસ.) ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના કમિશનર અને સચિવ છે.
Email: secrd@gujarat.gov.in

‘યોજના’ માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતી સભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.
યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

## લવાજમના દર

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |

લવાજમ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, C/o પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, બીજો માળ, અખંડાનંદ હોલ, ભદ્ર, મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક, વિક્ટોરીયા ગાર્ડનની સામે, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સરનામે મોકલવું. ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ :
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx** વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે
**yojanagujarati@gmail.com** પર ઈમેલ કરવો.

# સ્વચ્છતાઃ સૌ કોઈની જવાબદારી અને ફરજ

અક્ષય રાઉત




રાજકીય ઈચ્છાશક્તિ, જાહેર નીતિ, રોકાણ, ભાગીદારી – આ બધી બાબતોએ એક એવું સમર્થ વાતાવરણ તૈયાર કરવા માટે આગળ આવવું જોઈએ, જેથી દાયકાઓથી સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણના અભાવ પર જનતાની ભાગીદારીથી અંતિમ પ્રહાર કરવામાં આવી શકે.

સેનિટેશન, આપણે સૌ જેમ જાણીએ છીએ, તેનો અર્થ સ્વચ્છતા થાય છેઃ શરીરની સ્વચ્છતા, આપણી આસપાસની સ્વચ્છતા અને કેટલાક લોકો તો તેને મસ્તિષ્ક અને આત્માની સ્વચ્છતા સાથે જોડે છે. સ્વચ્છતા સૌ કોઈના જીવનને એક અથવા બીજી રીતે, જાહેરમાં કે ખાનગીમાં સ્પર્શ કરે છે. કેટલાક અભ્યાસોએ એક તરફ સ્વચ્છતા અને બીજી તરફ જનતાના આરોગ્ય અને તેમની સંપદા વચ્ચેના સહ-સંબંધને સ્થાપિત કર્યો છે. તેથી, આ એકદમ યોગ્ય બાબત છે કે, સ્વચ્છતાના માપદંડોને અમલમાં મૂકવામાં આવે અને તેને જાળવવાની બાબત સુનિશ્ચિત થાય તે પ્રત્યેક વ્યક્તિ અને જનતાની સામૂહિક જવાબદારી બને છે. સ્વચ્છતાનાં પ્રકૃતિ, સ્તર, અસર નિશ્ચિત રીતે ભિન્ન રહેશે જે વ્યક્તિ પર અથવા જૂથ પર આધારિત રહેશે. પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે – સ્વચ્છતા મુદ્દે પ્રત્યેક વ્યક્તિએ સામેલ થવાની જરૂર છે. નિશ્ચિત રીતે જ સ્વચ્છતા એ આપણા સૌની જવાબદારી અને કાર્ય છે.

**સ્વચ્છતા માટે સર્વસ્વ :**

રાજકીય ઈચ્છાશક્તિ, જાહેર નીતિ, રોકાણ, ભાગીદારી – આ બધી બાબતોએ એક એવું સમર્થ વાતાવરણ તૈયાર કરવા માટે આગળ આવવું જોઈએ, જેથી દાયકાઓથી સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણના અભાવ પર જનતાની ભાગીદારીથી અંતિમ પ્રહાર કરવામાં આવી શકે. લિસોથો, કોરિયા અને મલેશિયા જેવા દેશો અહી સ્વચ્છતાથી શું પ્રાપ્ત કરી શકાય છે તે માટેના સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે.




૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ વડાપ્રધાને બિલકુલ તેમજ કર્યુ હતું. મહાત્મા ગાંધીજીમાંથી પ્રેરણા લેતા તેમણે સૌથી પાછળ રહેલા સ્વચ્છતાના મુદ્દાને સૌથી આગળ કર્યો હતો. લાલ કિલ્લાના કાંગરેથી પોતાના ભાષણમાં તેમણે ભારતના નાગરિકોને અપીલ કરી હતી કે, તેઓ પોતાના ગામડાઓ, શહેરો, વસાહતો, સ્કૂલો, મંદિરો, હોસ્પિટલો વગેરેને સ્વચ્છ બનાવે.

ત્યારબાદ ૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત મિશનનો પ્રારંભ જોવા મળ્યો હતો. તે વખતે નિર્ણય કરવામાં આવ્યો હતો કે સમગ્ર દેશ મહાત્મા ગાંધીને તેમના સ્વપ્નના સ્વચ્છ ભારતની તેમની ૧૫૦મી વર્ષગાંઠ ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ ભેટ આપવા માટે એક સાથે મળીને કામ કરશે. તે ઉપરાંત ગ્રામીણ ભારતને ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્ત (ODF) બનાવવાની જવાબદારી અને ઘન અને પ્રવાહી કચરાના નિયમન (SLWM) ની પ્રવૃતિ હાથ ધરવાની સાથે જ કેન્દ્રીય પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય (MDWS)ની બિન-સ્વચ્છતા મંત્રાલયો, વિભાગો અને અન્ય સંબંધિત ક્ષેત્રો સાથે સ્વચ્છતા સંબંધિત કાર્યોમાં સમન્વય માટે નોડલ મંત્રાલય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ મંત્રાલયે આ સુનિશ્ચિત કરવાનું છે કે સમગ્ર દેશની ઊર્જા અને સંસાધનોને સ્વચ્છ ભારતની પ્રાપ્તિ માટે લગાવી દેવામાં આવે. આ એકદમ અશક્ય બાબત છે કે કોઇ માત્ર એક એજન્સી અથવા વિભાગ કે મંત્રાલયને જવાબદારી સોંપીને સ્વચ્છતા પ્રાપ્ત કરી શકાય.

**પ્રત્યેક વિભાગનો પ્રભાર :**

સ્વચ્છતાએ સૌ કોઇની જવાબદારી છે, એ સ્વચ્છ ભારત અભિયાનમાં માત્ર એક સુંદર સૂત્ર કે સ્લોગન નથી. તે નીતિથી પ્રોજેક્ટ સુધીના ગંભીર પ્રયાસો અને પદ્ધતિસરના અભિયાનનો સંચાલનગત પાયો છે. સ્વચ્છતાની જવાબદારી સાથે નહી જોડાયેલા મંત્રાલયો અને વિભાગો દ્વારા કરવામા આવી રહેલા સ્વચ્છતા કાર્યોમાં તેમના દ્વારા તેમના મુખ્ય કામો સાથે પૂરતો સમય અને સંસાધનો આપવામાં આવી રહ્યાં છે, અને તે બાબત ખાતરી આપે છે, કે સ્વચ્છતાનો માર્ગ અપરિહાર્ય હોય છે. પોતાની યોજના અને સ્કીમોમાં સ્વચ્છતાના નિર્માણ માટે કેન્દ્રીય મંત્રાલયોની મદદ કરવા માટે, વિશેષ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યાં છે.

તેના પરિણામે સ્વચ્છ ભારત મિશન તમામ હિતગ્રાહકો માટે તમાના પ્રયાસોને આવરી લેતું બની ગયું છે.

**સ્વચ્છતા એક્શન પ્લાન (SAP):**

SAP નો પ્રારંભ ૧ એપ્રિલ, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યો હતો. તેના હસ્તક, મંત્રાલયો અને સરકારી વિભાગોએ ભંડોળ ફાળવી અને જવાબદેય એક્શન પ્લાન તૈયાર કરીને, સ્વચ્છતાને પોતાની ફરજો અને મેન્ડેટમાં સ્થાન આપ્યું હતું. SAP સરકારી

**SAP ના નમૂનાઃ**

- પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશનો ખાતે, સ્વચ્છતા પર નજર રાખવા અને સાફ-સફાઇમાં સુધારો કરવા માટે સ્વચ્છતા પેટ્રોલપંપ એપ તૈયાર કરી હતી.
- શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગે તમામ સ્કૂલોમાં કન્યાઓ અને છોકરાઓ માટે અલગ-અલગ શૌચાલયોના નિર્માણમાં ૧૦૦% સફળતા પ્રાપ્ત કરી હતી.
- કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન, ઊર્જા અને ગ્રામ્ય વિકાસ મંત્રાલયે સફળતાપૂર્ણ રીતે જળ સંવર્ધન, જૈવ-ઈંધણ, કચરાનું પુનઃપ્રસંસ્કરણ અને ઊર્જા સંબંધિત પગલાઓ ભર્યા હતા.
- કેન્દ્રીય રેલ્વે મંત્રાલય ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં તમામ ટ્રેનોમાં બાયો-ડાઈજેસ્ટર શૌચાલય લગાવવા માટે પ્રતિબદ્ધ છે.
- કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ૫ 'એસ' (S) (સોર્ટ, સેટ ઇન ઓર્ડર, શાઇન, સ્ટાન્ડર્ડાઇઝ અને સસ્ટેઇન) ને પોતાની આરોગ્ય સવલતોમાં અમલમાં મૂક્યા છે અને તે સ્વચ્છ સ્વાસ્થ્ય સર્વત્ર યોજનાના અમલીકરણ માટે MDWS સાથે સમન્વય કરીને કામ કરી રહ્યું છે.

કામકાજમાં માઈલસ્ટોન સમાન છે જ્યાં તમામ શાખાઓ, તેમને સુપ્રત કરવામાં આવેલી જવાબદારીઓને નિભાવવાની સાથે જ સ્વચ્છ ભારતના લક્ષ્યાંકની પ્રાપ્તિ માટે એક-બીજા સાથે હાથ મિલાવીને સાથે કામ કરે છે. આ ખૂબજ પ્રોત્સાહક બાબત છે કે તમામ મંત્રાલયો/સરકારી વિભાગોએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ દરમિયાન સ્વચ્છતા કાર્યો માટે બજેટની ફાળવણી કરી છે. તેમના દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ૧૮૧૭૯ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૧૭૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

પ્રત્યેક વર્ષ માટે તેનો સાર તૈયાર કરાય છે, જેમાં પ્રત્યેક મંત્રાલય/વિભાગ દ્વારા નાણાકીય વર્ષમાં સ્વચ્છતા માટે ફાળવાયેલા ભંડોળની સામે તેમના દ્વારા પ્રસ્તાવિત સ્વચ્છતા ગતિવિધિને સૂચિબદ્ધ કરવામાં આવે છે. સચિવોની એક સમિતિ દ્વારા SAP ના પ્રદર્શનની દર ત્રણ મહિને સમીક્ષા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮ માટે, તેવા મંત્રાલયો જેમણે સ્વચ્છતા એક્શન પ્લાન માટે એવોર્ડ જીત્યા છે, તે મંત્રાલયોમાં કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય અને અક્ષય ઊર્જા મંત્રાલય સામેલ છે.

**સ્વચ્છતા પખવાડા (SP) :**

સ્વચ્છતાનો પ્રારંભ ઘરથી જ થાય છે. જો સરકાર ઇચ્છતી હોય કે દેશના તમામ લોકો સ્વચ્છતા અભિયાનમાં જોડાય તો, તે માટે તેણે જ ઉદાહરણ સ્થાપીને નેતૃત્વ કરવું જોઇએ. એપ્રિલ ૨૦૧૬માં વડાપ્રધાનની દોરવણી હેઠળ સ્વચ્છતા પખવાડાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તે પગલા હેઠળ ૪-૫ મંત્રાલયોને પૂર્વ નિર્ધારિત કેલેન્ડર અનુસાર વર્ષમાં ૧૫ દિવસનો સમય દેશભરમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવા માટે આપવામાં આવે છે.





અત્યાર સુધીમાં દેશમાં ૯૨ સ્વચ્છતા પખવાડા યોજાઇ ગયા છે. આ ૧૫ દિવસની પ્રક્રિયા દરમિયાન મંત્રાલયો દ્વારા રોજના ધોરણે ઓનલાઈન પોર્ટલ (https//swachhbharatmission.gov.in/SwachhSamiksha/index.aspx) પર પોતાની સ્વચ્છતા ગતિવિધિઓનો રિપોર્ટ રજૂ કરવો પડતો હોય છે. પ્રધાનો અને સચિવો તૈયારી માટેની બેઠકો કરે છે અને સાથે જ સ્વચ્છતા પખવાડાના અમલીકરણ પર નજર રાખવા માટે તેની સમીક્ષા કરે છે અને સ્વચ્છતા પખવાડાના સમાપન બાદ તેમાંથી પ્રાપ્ત થયેલા પરિણામો મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરે છે. હકીકતમાં, આ ૧૫ દિવસો દરમિયાન સંબંધિત મંત્રાલયને સ્વચ્છ ભારત મંત્રાલય માની લેવામાં આવે છે. પખવાડિક પ્રદર્શનનો રિપોર્ટ તૈયાર કરવામા આવે છે અને તેનાં પર ઊચ્ચ સ્તરેથી નજર રાખવામાં આવે છે.

પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયે દરેક

Swachh Iconic Places



મંત્રાલયો તેમની સંસ્થા/સંગઠનો/વિભાગોને આંતરિક સ્પર્ધા અને રેન્કિંગને આધારે સારા દેખાવ બદલ આપવા માટે એવોર્ડ્સની રચના કરી છે. સ્વચ્છતા પખવાડાનો પ્રારંભ થયો ત્યારથી અત્યાર સુધીમાં, આ કાર્યક્રમ એક રૂટિન કાર્યક્રમથી અલગ લાંબાગાળામાં અને સર્જનાત્મક સ્વચ્છતા અભિયાનના રૂપમાં સામે આવ્યો છે જે તમામ સરકારી કર્મચારીઓની તેમાં ભાગીદારી સુનિશ્ચિત કરે છે.

પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયે કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો દ્વારા સ્વચ્છતા પખવાડા દરમિયાન છેલ્લાં બે વર્ષ દરમિયાન તેમણે કરેલા પ્રયાસોનું વાર્ષિક પુસ્તિકાના સ્વરૂપમાં દસ્તાવેજીકરણ કર્યુ છે.

વર્ષ ૨૦૧૭થી, શ્રેષ્ઠ સ્વચ્છતા પખવાડાનો એવોર્ડ કેન્દ્રીય રેલ્વે મંત્રાલય, જળ સંસાધન મંત્રાલય, નદી વિકાસ અને ગંગા પુર્નજીવન મંત્રાલય અને કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસ મંત્રાલયને મળ્યાં છે.

૭૬ મંત્રાલયો અને વિભાગો વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સ્વચ્છતા પખવાડા ઉજવી રહ્યાં છે.

**સ્વચ્છ આઇકૉનિક પ્લેસિસ (SIP) :**

વડાપ્રધાનના વિઝનના ભાગરૂપે ફરીવાર, નિર્ણય લેવામાં આવ્યો હતો કે દેશના ઐતિહાસિક, સાંસ્કૃતિક મહત્વ ધરાવતા વારસા સમાન સ્થળો અને તમામ તેવા ધાર્મિક સ્થળો જ્યાં દર્શનાર્થીઓનો ધસારો રહેતો હોય, તેવા સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવે અને તેમને સ્વચ્છ બનાવવામાં આવે. વડાપ્રધાને વારંવાર કહ્યું છે કે માત્ર આદર્શ સમાન અને મહત્વપૂર્ણ શહેરોને જ સ્વચ્છ બનાવવામાં ન આવે, પણ તેની આસપાસના વિસ્તારોને પણ સ્વચ્છ રાખવામાં આવે. સ્વચ્છ ભારત મિશનના ભાગ રૂપે, સ્વચ્છ આઇકૉનિક પ્લેસ (SIP) પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય તે લક્ષ્યની પ્રાપ્તિનો છે.

તેના અમલીકરણ માટે પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય હાઉસિંગ અને શહેરી બાબતો, પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલયો તેમજ રાજ્યોના સ્થાનિક એકમો, ટ્રસ્ટ્સ, તેમજ તે આદર્શ અને આઇકોન સમાન સ્થળોનો વહીવટ કરતી મેનેજિંગ કમિટીઓ સાથે મળીને કામ કરે છે. કેટલાક જાહેર ક્ષેત્રના સાહસો અને ખાનગી કોર્પોરેટ્સ પણ આવા SIPની સ્વચ્છતા માટે નાણાકીય, ટેક્નોલોજીકલ અને મેનેજમેન્ટ કૌશલ્યની મદદથી સહાયતા કરવા માટે આગળ આવ્યા છે.

હાલ દેશના ૩૦ શહેરોને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને ત્યાં પ્રોજેક્ટ અમલીકરણના વિભિન્ન તબક્કે રહેલા છે. સરકારના આવા ૧૦૦ સ્થાનોને તબક્કાવાર રીતે હાથમાં લઇ ત્યાં સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો કરવાની છે. જેથી કરીને તેની મુલાકાતે આવનારા લોકોને સુખદ અનુભવ પ્રાપ્ત થઇ શકે.

**ગંગા ગ્રામ :**

ગંગા ગ્રામ એ SBM અને નેશનલ મિશન ફોર ક્લિન ગંગા વચ્ચેનો એક અન્ય આંતરમંત્રાલય સ્તરીય પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટના કેન્દ્રમાં, અન્ય સરકારી વિભાગો સાથે મળીને, ગંગા નદીના કિનારાના વિસ્તારોમાં વસેલા ગામોમાં સ્વચ્છતા અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની બાબત છે.

ગંગા ગ્રામ પ્રોજેક્ટનો પ્રારંભ ૧૨ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદમાં સરપંચોના ભવ્ય સંમેલનમાં કરાયો હતો જ્યાં ગંગા નદીના કિનારા વિસ્તારોમાં આવેલા તમામ ૪,૪૭૫ ગામોને ખુલ્લામાં કુદરતી હાજતે જવાથી મુક્ત જાહેર કરવામાં આવ્યા હતા. તે બાદ સંબંધિત રાજ્ય સરકારોએ પોત-પોતાના રાજ્યમાં ગંગા કિનારાના ૨૪ ગામડાઓને ગંગા ગ્રામમાં પરિવર્તિત કરવા માટે પાઇલટ પ્રોજેક્ટ હેઠળ પસંદ કર્યા હતા.

ગંગા ગ્રામ ગામોને કુદરતી હાજતથી







મુક્ત હોવાનો દરજ્જો અપાશે, આ ગામોના તળાવો અને જળ સંસાધનોનું રિનોવેશન કરાશે તેમજ પ્રોજેક્ટ હેઠળ ગામોમાં ખેતરોમાં સિંચાઇ માટે સ્પ્રિન્કલર સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરાવાશે તેમજ અહીં પર્યટનને પ્રોત્સાહન આપવામા આવશે. અહીં સ્મશાન માટે આધુનિક માળખાકીય સુવિધા પૂરી પડાશે. કેન્દ્ર અને રાજ્યોની યોજનાઓને સામેલ કરીને ગામોમાં વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. આ ગામોમાં વેસ્ટ વોટરના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરાશે અને સાથે જ ઘન કચરાના નિકાલ માટે પણ વ્યવસ્થા કરાશે. ગામોમાં જળ સંવર્ધન અને ઓર્ગેનિક ખેતી, હોર્ટિકલ્ચર અને ઔષધિય છોડની ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ ગામોમાં ખુલ્લામાં કુદરતી હાજતે જવાની બાબતની આરોગ્ય પર પડતી પ્રતિકૂળ અસરો અને કચરાના અયોગ્ય રીતે નિકાલને કારણે નદી અને ગામ પર પડતી અસરો અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતોને ગંગા ગ્રામ ગતિવિધિઓની માલિકી અને તેની જાળવણીમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે સશક્ત બનાવવામાં આવી છે. ગંગા ગ્રામ પ્રોજેક્ટમાં જનતાની ભાગીદારી સૌથી મહત્વપૂર્ણ છે.

**વિદ્યાર્થી અને યુવા વર્ગ મોખરે :**

સ્વચ્છ ભારત મિશનમાં વિદ્યાર્થી અને યુવા વર્ગની કેમ્પસ અને નજીકના વિસ્તારોની સ્વચ્છતામાં સુધારો કરવા માટેની ભાગીદારી સૌથી ઉત્પાદક અને મહત્વપૂર્ણ રહી છે અને સાથે જ તેમનામાં પરિવર્તન એજન્ટ તરીકે ક્ષમતા પણ વિકસિત કરવામાં આવી શકે છે. સ્કૂલ અને તેની નજીકના વિસ્તારોમાં તેમની રોજિંદી ગતિવિધિઓ દરમિયાન, ખાસ કરીને સ્વચ્છતા ઓલિમ્પિક્સ, સ્વચ્છ પોલ્સ અને રેલીઓ દરમિયાન આ વર્ગ સ્વચ્છ ભારત મિશનનો સૌથી મોટો સંદેશવાહક રહ્યો છે. તેઓ સ્વચ્છતા અભિયાન મુદ્દે ચિત્રો દોર્યા છે, નિબંધ અને પત્રો લખ્યા છે, એ ફિલ્મો તૈયાર કરી છે અને પોતાના પરિવાર અને સમુદાયને સ્વચ્છતાના મહત્વને સમજાવવામાં ભૂમિકા ભજવી છે અને પોતાના ઘરમાં શૌચાલયની માગ કરી છે.

સ્કૂલના વિદ્યાર્થીઓની જેમ જ યુવાન વર્ગે પણ ઘેર-ઘેર જઇને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કર્યુ છે, તેમણે દિવાલો પર સ્વચ્છતાના સંદેશ ચિતર્યા છે, જાહેર સ્થળોની સફાઇ કરી છે અને સ્વચ્છતાનો સંદેશ ફેલાવ્યો છે. તેઓ સ્વચ્છતા સ્વયંસેવકોની એક દુર્ભેદ્ય સેના છે.

આ વર્ષે ઉનાળામાં કોલેજના વિદ્યાર્થીઓ માટે વિશેષ સ્વચ્છ ભારત સમર ઇન્ટર્નશિપ કાર્યક્રમ આયોજિત કરાયો હતો, જેમાં તેમને ઓછામાં ઓછા ૧૦૦ કલાક સ્વચ્છતા માટે ફાળવવા પ્રેરિત કરાયા હતા. પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય, કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુવા બાબતો અને ખેલ મંત્રાલયે સાથે મળીને આ કાર્યક્રમનું મે અને જૂન મહિનામાં આયોજન કર્યુ હતું. જે મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે વેકેશનનો સમય હતો.

તેનો પ્રારંભ વડાપ્રધાન દ્વારા યુવા વર્ગને કરાયેલા આહવાનથી થયો હતો. દેશની મોટી સંખ્યાના ગામડાઓએ સ્વચ્છ ભારત ઇન્ટર્નશિપના ઉત્સાહી યુવાનોને જોયા હતા, જેઓ સ્થાનિક સમુદાયો સાથે જોડાઇને સ્વચ્છતા કાર્યોને પૂર્ણ કરી રહ્યાં હતા. અહી યુવાનો માટે કારકિર્દીલક્ષી વળતર પણ હતું, તેમને ઇન્ટર્નશિપ સર્ટિફિકેટ, એકેડમિક ક્રેડિટ અને સ્પર્ધા દ્વારા એવોર્ડસ પણ પ્રદાન કરાયા હતા. લગભગ ૪ લાખ જેટલા યુવાનોએ સ્વચ્છતા સંબંધિત શ્રમદાન વ્યવહાર પરિવર્તન પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો.

**કોર્પોરેટ ભાગીદારો :**

સ્વચ્છ ભારત મિશનને કોર્પોરેટ જગત તરફથી પણ નોંધપાત્ર સમર્થન પ્રાપ્ત થયું છે. કોર્પોરેટ જગત અને વ્યક્તિઓ પાસેથી મિશન માટે નાણાકીય સમર્થન મેળવવા માટે સ્વચ્છ ભારત કોષની રચના કરવામાં આવી હતી જેને માર્ચ ૨૦૧૮ સુધીમાં ૮૩૯.૩ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. આ સંસાધનોનો ઉપયોગ ચિન્હિત કરાયેલા વિસ્તારોમાં સ્વચ્છતા માપદંડો અને ધારાધોરણોમાં સુધારો કરવા માટે કરાઇ રહ્યો છે. MDWS અને ટાટા ટ્રસ્ટ વચ્ચેની ભાગીદારી કોર્પોરેટ

જગતની શક્તિને એક જાહેર ક્ષેત્રના કાર્યને સારી સંપન્ન કરવામાં ઉચ્ચાલક બળ તરીકે ઉપયોગમાં લેવાની બાબતનું સૌથી સારું ઉદાહરણ છે.

આ ભાગીદારીએ જિલ્લા સ્તરે સ્વચ્છ ભારત પ્રેરક તરીકે કુશળ અને યુવાન વ્યવસાયિકોની એક કેડરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. ટાટા ટ્રસ્ટે આવા ૪૭૫ સમર્પિત અને પ્રેરિત યુવાન વ્યવસાયિકોને તાલીમ આપીને તેમને SBM-G હેઠળ સ્વચ્છતા માટે ડિઝાઇન તૈયાર કરવા યોજનાના અમલીકરણ અને સ્વચ્છતા ગતિવિધિઓ પર નજર રાખવા માટે નિયુક્ત કર્યા હતા. આ લોકો હવે સ્વચ્છ ભારત અમલીકરણનો એક ધબકતો હિસ્સો બની ગયા છે. ઇન્ડિયન સેનિટેશન કૉએલિશન જેવા અન્ય સંગઠનો સંખ્યાબંધ કોર્પોરેટ સેક્ટરને એક સાથે લાવ્યા છે, જેઓ દેશના વિભિન્ન વિસ્તારોમાં સ્વચ્છતાના સ્તરને ઉન્નત બનાવી રહ્યા છે. અને સ્વચ્છ ભારત મિશનને લાગુ કરી રહ્યા છે. કેટલાક કોર્પોરેટ્સ દ્વારા આ SBM(G)ના પ્રચાર-પ્રસાર અભિયાનો માટે નોંધપાત્ર પ્રમાણમાં દાન આપવામાં આવ્યું છે.

**મીડિયા તરફથી સમર્થન :**

મીડિયાએ પણ જનતાની નબળી સ્વચ્છતાની આડ અસરો વિશે જનતાને સંવેદનશીલ બનાવવાની જવાબદારી સ્વીકારી હતી અને તે લોકોના વર્તન-વ્યવહારમા પરિવર્તન માટે અસરકારક ભૂમિકા ભજવી રહ્યું છે. તેણે SBMના અવાજને મોટા સમૂહ સુધી પહોંચાડવામાં મદદ કરવાની સાથે જ મીડિયાએ વિભિન્ન રિપોર્ટ્સ, વિશેષ લેખો, તંત્રીલેખો અને પરિચર્ચાઓ મારફત આ સુનિશ્ચિત કર્યુ હતું કે સમાજના મોટા વર્ગ સુધી SBM પહોંચે. આ એકદમ સત્ય છે કે સ્વચ્છ ભારત મિશનના લક્ષ્યને આગળ વધારવામાં ભારતીય મીડિયાએ ભજવેલી ભૂમિકાની નિયમિત ધોરણે તમામ સ્તરે વખાણવામાં આવી રહી છે.

**સ્વચ્છતા એમ્બેસડર્સ :**

સ્વચ્છ ભારત મિશનને કરોડો ભારતીયો તરફથી સમર્થન મળી રહ્યું હોવા સામે જરાય શંકા નથી. ગરીબથી માંડીને અમીર, યુવાનથી માંડીને વૃદ્ધો, સેલિબ્રિટીઓથી માંડી સામાન્ય માનવી તમામે આ મિશનમાં પોતાનું યોગદાન આપ્યું છે.

બોલીવુડ, સ્પોર્ટ્સ જગત અને જીવનના અન્ય ક્ષેત્રોના મહાનુભાવોએ સ્વચ્છતાનો સંદેશ આપવા માટે પોતાનો સમય અને ઊર્જા ફાળવ્યા છે. આવા મહાનુભાવો દ્વારા સ્વચ્છતા અને શૌચાલયનો ઉપયોગ કરવા માટેનો સંદેશ આપતા સંખ્યાબંધ ઓડિયો-વિઝ્યુઅલ અભિયાનોએ જનતાનું ધ્યાન ખેંચ્યું છે. તાજેતરમાં જ ટોયલેટ એક પ્રેમકથા, પેડમેન, હલકા ને ગુટર-ગૂ જેવી ફિલ્મો પ્રસિદ્ધ થઇ હતી જેમણે સ્વચ્છતાના સંદેશને પ્રોત્સાહન આપ્યું છે.

**જન જનની જવાબદારી :**

અંતે તો તે સમાન્ય માનવી છે જેઓ સ્વચ્છ ભારતના સંગ્રામનું નેતૃત્વ કરી રહ્યો છે. સ્વચ્છતાની તરફેણમાં અનઅપેક્ષિત એવી સામૂહિક ચળવળ સ્વચ્છ અને આરોગ્યપ્રદ દેશની દિશામાં કૂચ માટે પ્રેરણા આપી રહ્યો છે. આ એક એવું પાસુ છે જે તાજેતરમાં જ સમાપ્ત થયેલ મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ સેનિટેશન કન્વેન્શન ખાતે પરીચર્ચામાં કેન્દ્રમાં હતું. સુંદર વાક્ય જન આંદોલન હવે સ્વચ્છ ભારતના સંદર્ભમાં પડઘો પાડી રહ્યું છે.

સ્વચ્છતા હી સેવા (૨૦૧૭ અને ૨૦૧૮), ચલો ચંપારણ, ઓડીએફ સપ્તાહ અને ઓડીએફ પખવાડિયા અને અન્ય ઘણા વિશેષ અભિયાનો સાથે લાખો લોકો ટકાઉ સ્વચ્છતાનો સ્વીકાર કરવા માટે જોડાયા છે. સેલિબ્રિટી, અધિકારીઓ અને સામાન્ય માનવીઓ સ્વચ્છતા સાથે ખોટી રીતે જોડી દેવાયેલી વાયકને દૂર કરવા માટે ખાડા ખોદવા, ખાડા ખાલી કરવા જેવા શ્રમદાનમાં ભાગ લીધો છે. તમામ ધર્મોના નેતાઓએ પણ સ્વચ્છ ભારત મિશનને ખૂલ્લુ સમર્થન આપીને પોતાના અનુયાયીઓને પ્રેરિત કર્યા છે.

મહિલાઓ સ્વચ્છ ભારત મિશનમાં સૌથી આગળ છે. ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮ બંને સ્વચ્છ શક્તિની ઉજવણી કરાઇ હતી. જેમાં ગ્રામીણ સ્વચ્છતાના ક્ષેત્રે શ્રેષ્ઠત્તમ કાર્ય કરનારી મહિલાઓને સન્માનિત કરાયા હતા. સ્વચ્છ જીવિકા સ્વચ્છ બિહારએ આ વર્ષે જુલાઇ મહિનામાં શરૂ કરાયેલું વિશેષ સ્વચ્છતા અભિયાન હતું. જેનો આશય મહિલાઓના સ્વયંસહાયતે સમૂહની સભ્ય એવી તમામ દીદીઓના પરિવારોને સુરક્ષિત સ્વચ્છતા સુવિધા પૂરી પાડવાનો હતો. ૧૦ લાખ ટ્વિન પીટ્સ (બે ખાડા વાળા) શૌચાલયો જીવિકા સિસ્ટર્સના નેતૃત્વ હેઠળ તૈયાર કરાયા છે.

**સંયુક્ત કાર્યવાહી :**

ઉપરની તમામ વાતો સમજાવે છે કે વિશ્વમાં સૌથી મોટો વર્તન અને વ્યવહારમાં પરિવર્તન આણવા માટેનો કાર્યક્રમ એવો સ્વચ્છ ભારત મિશનએ કોઇ તકની વાત નથી પણ સારી રીતે સમજી-વિચારીને તમામ હિતધારકોને એકસાથે સાંકળવાની વાત અહી મુખ્ય છે. દરેક વ્યક્તિએ પોતાના પ્રભાવના વિસ્તારોમાં લાંબાગાળાની સ્વચ્છતાની એક ઇંટ ગોઠવવાની તાતી જરૂરિયાત છે.

હા, કારણ કે સ્વચ્છતાએ બધાની જવાબદારી અને ફરજ છે.

લેખક ભારત સરકારના પેય જળ અને સ્વચ્છતા મંત્રાલયમાં સ્વચ્છ ભારત મિશનના ડિરેક્ટર જનરલ છે.
Email: akashy.rout@gmail.com

# સ્વચ્છતા : શુદ્ધિકરણની પ્રક્રિયા

**સુદર્શન ઐયંગર**




> ગાંધીજી ભારતને સ્વચ્છ જોવા માંગતા હતા. એનો અર્થ એ કે શરીર અને મનથી સ્વચ્છ. ગાંધીજીએ એવા સ્વચ્છ રાષ્ટ્રની કલ્પના કરી હતી કે જ્યાં દરેક નાગરિક શારીરિક અને સામાજિક રીતે, હૃદયથી સ્વચ્છ હોય. આપણા અંતરમનમાં પ્રકાશ ફેંકવાનો અને સુધારા દ્વારા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાનો તથા પોતાની જાત અને સમાજ તરફ જવાબદાર બનાવવાનો સમય પાકી ગયો છે.

ચાર વર્ષ અગાઉ રાષ્ટ્રપિતા ગાંધીજીને લાલ કિલ્લાના કાંગરેથી શ્રદ્ધાંજલિ ભારતના ૧૫મા વડાપ્રધાને તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય દિન પ્રસંગે પોતાના પ્રથમ પ્રવચનમાં નીચે મુજબ જણાવ્યું હતું : “ભાઈઓ અને બહેનો, વર્ષ ૨૦૧૯માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જંયતી આવશે. મહાત્મા ગાંધીના દિલમાં સ્વચ્છતા અને સફાઈને નિકટનું સ્થાન હતું. આથી મારે આ વર્ષે ૨ ઓક્ટોબરથી ચાર વર્ષ સુધી ક્લિન ઈન્ડિયા ઝુંબેશ હાથ ધરવાની છે. હું આજે જ તેની શરૂઆત કરવા માંગુ છું અને તે ચાર વર્ષ ચાલશે. દરેક શાળામાં ટોયલેટ હશે અને છોકરીઓ માટે અલગ ટોયલેટ હશે કે જેથી આપણી દિકરીઓને અધવચ્ચે શાળા છોડવાની જરૂર ઉભી થાય નહી.” [1]

આપણા બંધારણના આમુખમાં તા.૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનના રોજ તમામ નાગરિકોને ન્યાય, આઝાદી, સલામતી અને ભાઈચારો પ્રાપ્ત થાય તે મુજબ આપણે ભારતના લોકોએ આપણે આપણી જાતને બંધારણમાં જે વચન આપ્યું છે તેના પાલન માટે આગળ વધીને આપણી ફરજ નિભાવવા માટે હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

જ્યાં સુધી દરેક નાગરિકને શુધ્ધ અને પીવાલાયક પાણી તથા પૂરતી સફાઈ ધરાવતી સગવડો મળી નહી રહે ત્યાં સુધી આપણે અન્યાયી, આઝાદી વિહીન અને અસમાન સમાજ તરીકે ઓળખાવાનું ચાલુ રાખીશું. પાણી અને સફાઈ દેશના દરેક નાગરિક માટે ખૂબ મહત્વનાં છે. સાચે જ સ્વચ્છ હિન્દુસ્તાન તરફ આગળ ધપવાની આપણી સામૂહિક જવાબદારી બની રહે છે.

**ગાંધીજીનો સ્વચ્છ હિન્દુસ્તાનનો વિચાર :**

ગાંધીજીનો સ્વચ્છ હિન્દુસ્તાન અંગેના વિચારમાં ટોયલેટ બાંધવાં અને જાહેરમાં શૌચથી મુક્તિ કરતાં કશુંક વિશેષ હતું. જો કે આ પગલું પ્રથમ અને અતિ મહત્વનું છે. ગાંધીજી હિન્દુસ્તાનને સ્વચ્છ રાખવા ઉપરાંત શરીર અને આત્માને પણ સ્વચ્છ રાખવામાં માનતા હતા. આપણે જે રીતે જીવીએ છીએ અને વિવિધ પ્રકારના વહેમ ધરાવીએ છીએ તે બાબતે ગાંધીજી ખૂબ જ વ્યથિત રહેતા હતા.

જે લોકો ગંદકી અને માનવ મળમૂત્ર ખસેડવાનું કામ કરતા હોય તેવા લોકો સમુદાયોને આપણે જે રીતે હડધૂત કરીએ છીએ તેનાથી ગાંધીજીને ઉંડો આઘાત લાગતો હતો.

ગાંધીજીને ભારતના લોકોમાં સફાઈ અને સ્વચ્છતા અંગે સમય જતાં ખૂબ જ અવૈજ્ઞાનિક અભિગમ પેદા થયો હોવાનું માનતા હતા. આ પ્રકારના અભિગમને કારણે એક એવો વર્ગ પેદા થયો હતો કે જે જેણે ગંદકી અને મળમૂત્ર ખસેડવાનું કામ કરવું પડતું હતું. આવા લોકોને મુખ્ય વસ્તીની બહારના વિસ્તારોમાં ગરીબી અને નિરાધારપણા સાથે અત્યંત અમાનવીય એવી શારીરિક અને

માનસિક હાલતમાં રહેવુ પડતુ હતું.


ગાંધીજીએ ઝાડું ઉપાડયું અને તમામ લોકોને પોતાનાં ઘર, આશ્રમ, પડોશ, શેરી અને ટોયલેટ સાફ કરવામાં સામેલ કર્યા. તેમણે જયારે સ્વચ્છતા અને સફાઈની સ્થિતિ સુધારવાની હાકલ કરી ત્યારે તેમના મનમાં તમામ લોકોને કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ કે પક્ષપાત વગર સમાન ગણીને તરછોડાયેલા લોકોને સંગઠીત કરવાનો દ્રઢ એજન્ડા હતો. ઝાડૂ માત્ર ભૌતિક સ્વચ્છતાનુ પ્રતીક ન હતુ.

તેમણે ઝાડૂને અંત્યોદય નું પ્રતિક બનાવ્યું. તેમણે સ્પષ્ટપણે આગેવાની લઈને અંત્યોદયથી શરૂ કરીને સર્વોદય સુધી જવાની કલ્યાણકારી મજલ માટે માર્ગદર્શન આપ્યું હતું.

સફાઈ અને શુદ્ધિ માત્ર શરીર અને પર્યાવરણ પૂરતી મર્યાદિત નહોતી. ગાંધીજીનું અંતિમ ધ્યેય આત્માના શુદ્ધિકરણનું હતું. ગાંધીજી માટે કોઈ પણ માણસની આત્માની શુદ્ધિ એ અંતિમ ધ્યેય હતું. તેમના માટે અવિરતપણે સત્યની શોધમાં રહીને વ્યક્તિના ચારિત્ર્યનું નિર્માણ કરવું તે જીવન ધ્યેય હતું.

અહિંસાને એક બળ તરીકે વિકસીત કરવું તે આત્માની શુદ્ધિનો માર્ગ અને પ્રક્રિયા હતી. ગાંધીજીને એ બાબતનું જ્ઞાન થયું હતું કે આપણા લોકોમાં એનો અભાવ છે, આત્મવિશ્વાસનો અભાવ છે. આપણે આપણી મૂળભૂત બાબતો ભૂલી ગયા છીએ અને બ્રિટિશના પ્રભાવ હેઠળ ખુશામત કરતા થઈ ગયા છીએ.

ગાંધીજીએ તેમનું સમગ્ર જીવન પોતાની અને આત્માની શુધ્ધિ કરવા માટે જીવ્યા હતા અને આ બાબતનું તેમણે જાહેર અને સામાજિક સેવામાં પણ અનુસરણ કર્યું હતું. આ રીતે ગાંધીજીએ હિન્દુસ્તાનને સ્વચ્છ રાષ્ટ્ર બનાવવાનું સપનું સેવ્યું હતું, જેમાં દરેક નાગરિક ભૌતિક અને સામાજિક રીતે તથા હૃદયથી શુધ્ધ હોય.




**દક્ષિણ આફ્રિકામાં સ્વચ્છતા અને સામાજિક શુધ્ધિ અંગે ગાંધીજીની કામગીરી:**

ગાંધીજી દાદા અબદુલ્લાની પેઢીમાં વેપાર ધંધામાં નોકરી મેળવવા દક્ષિણ આફ્રિકા ગયા હતા. થોડાક દિવસોમાં ગાંધીજીને બ્રિટિશ તથા યુરોપિયન લોકોના ભારતીયોને અપમાનીત કરતા અને ઘમંડી વલણનો ખ્યાલ આવ્યો હતો.

પ્રથમ વર્ગના રેલ્વેના ડબ્બામાંથી તેમને બળપૂર્વક બહાર કઢાયા તે પ્રસિધ્ધ ઘટનામાં તેમને ભારતમાં અછૂત સમુદાયને જે રીતે ધિક્કારવામાં આવે છે તે પ્રકારના વલણનો પરચો મળ્યો હતો.

ગાંધીજીની એવી સમજ હતી કે ગોરો સમુદાય માને છે કે ભારતના લોકો અસ્વચ્છ જીવનશૈલીથી જીવે છે અને સ્વચ્છતા જાળવવા પ્રયાસ કરતા નથી. ગોરાઓ જાહેરમાં પણ આવું દર્શાવવા પ્રયાસ કરે છે. ગાંધીજીએ એ બાબતની પણ નોંધ લીધી હતી કે ભારતીય સમુદાય પણ સફાઈ અને સ્વચ્છતાની સારી પ્રણાલી અનુસરવાનો પ્રયાસ કરતો નથી. તેમણે આ બાબત નાગરિક વ્યવસ્થા તંત્ર સાથે હાથ ધરી અને ભૌતિક સુવિધાઓ તથા તેની જાળવણીનો આગ્રહ રાખ્યો.

ત્યાર બાદ તેમણે રાજ્ય સરકારો અને આફ્રિકા અને ભારતમાં વિવિધ કોલોનીઓની નાગરિક સત્તા તંત્રો સમક્ષ આ બાબત મૂકીને તેમના મારફતે આ મુદ્દે દાખવવામાં આવતી અવગણના તરફ ધ્યાન દોર્યું હતું. ગાંધીજી જાહેર જીવનમાં એક અનોખા વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા હતા અને તેમણે ખાનગી તેમજ જાહેર સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**ગાંધીજીએ ભારતમાં પણ અસ્વચ્છતા જોઈ:**

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા પછી ભારતના ખૂણે ખૂણે ફરી વળ્યા હતા. તેમને આ સ્થળોએ ગંદકી અને સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો અને દેશભરમાં બિન આરોગ્યપ્રદ વાતાવરણ, ગંદકી અને કચરો જોવા મળ્યો હતો.

તે તથા તેમનું જૂથ પ્રથમ વખત શાંતિ નિકેતનમાં રોકાયા હતા. ત્યાં તેમને જોવા મળ્યું કે બ્રાહ્મણ રસોઈયાઓ શુદ્ધિનો તથા પર્યાવરણના સિદ્ધાંતોનો આગ્રહ રાખતા હતા પરંતુ બિન આરોગ્યપ્રદ ટેવો ધરાવતા હતા.

સ્વચ્છતા અંગેની વ્યવસ્થા ખૂબ જ નબળી હતી. તેમણે અને તેમની ટીમે રસોઈમાં ભાગ લેવાનું શરૂ કર્યું.

ગાંધીજીએ રેલ્વેના ત્રીજા વર્ગમાં સામાન્ય લોકો સાથે પ્રવાસ કરવાનો નિર્ણય કર્યો અને જહાજમાં તે ડેક પેસેન્જર તરીકે પ્રવાસ કરતા હતા. જહાજમાં ડેક ઉપર પ્રવાસ બાબતે તેઓ નોંધે છે કે "દયાજનક બાબત એ હતી કે બાથરૂમ સહન થઈ શકે નહી તેટલી



હદે ગંદા હતા અને ટોયલેટમાંથી પણ ભારે દુર્ગંધ આવતી હતી. જાજરૂનો ઉપયોગ કરવા માટે ગંદકીમાં ચાલવું પડતું હતું અને તેની પર કૂદીને જવું પડતું હતું....

"દુર્ગંધ અને ગંદકીનું ચિત્ર પૂરૂ કરવામાં જે કાંઈ ખૂટતું હતુ તો તેમાં પ્રવાસીઓ અવિચારી ટેવો દ્વારા ઉમેરો કરતા હતા. તે જ્યાં બેઠા હોય ત્યાં જ થૂંકતા હતા અને આસપાસનું વાતાવરણ બગાડી મૂકતા હતા."

રેલ્વેમાં પ્રવાસ અંગે તેમણે નોંધ્યું કે "આપણે સ્વચ્છતાના પ્રાથમિક સિદ્ધાંતો જાણતા નથી અને કેરેજના ફ્લોર પર કોઈપણ જગ્યાએ થૂંકીએ છીએ ત્યારે એવો પણ વિચાર કરતાં નથી કે આ જગ્યાનો ઉપયોગ આપણે સૂવા માટેની જગ્યા તરીકે કરીએ છીએ. આપણે તેનો કેવો ઉપયોગ કરીએ છીએ તે અંગે વિચારવાનો તેઓ પ્રયાસ કરતા નહી હોવાના કારણે વર્ણવી નહી શકાય તેટલી ગંદકી ડબ્બામાં જોવા મળે છે."

"કહેવાતા ફર્સ્ટ ક્લાસના પેસેન્જરો ઓછા કમનસીબ હતા. તેમની વચ્ચે મેં વિદ્યાર્થીઓની દુનિયા જોઈ હતી. ઘણીવાર તે સારી વર્તણૂંક દાખવતા ન હતા. આ લોકો અંગ્રેજી બોલી શકતા હતા અને નોર્ફોક જેકેટસ પહેરતા હતા અને દાવો કરતા હતા કે આ જગ્યા પર બેસવાનો તેમનો અધિકાર છે.

"મેં તમામ બાબતો ઉપર પ્રકાશ મૂક્યો છે અને તમે મને જ્યારે બોલવાનો અધિકાર આપ્યો છે ત્યારે હું ખુલ્લા દિલે કહીશ કે આપણે આ બધી બાબતોમાં સુધારો કરવાનો છે અને એ દ્વારા સ્વ-શાસન તરફ પ્રગતિ કરવાની છે."

સમાન પ્રકારે તેમણે જયાં જયાં મંદિરોમાં મુલાકાત લીધી ત્યાં ત્યાં તેમને હરિદ્વાર, ઋષિકેશ વગેરે સ્થળોએ નોંધ્યું છે કે લોકો રસ્તાઓ અને ગંગાના સારા કિનારા ગંદા કરી મૂકતા હતા. તેમને ગંગાના પવિત્ર જળને દૂષિત કરવામાં પણ સંકોચ થતો ન હતો. આ લોકો તેમની કુદરતી હાજતો નદી કાંઠે કરવામાં કોઈપણ પ્રકારનો સંકોચ દાખવતા ન હતા.

વૃંદાવન અને મથુરામાં પણ આના કરતાં અલગ સ્થિતિ ન હતી. બનારસનું વિશ્વનાથ મંદિર અને ગુજરાતના ડાકોર અંગે વાત કરતાં જે જણાવે છે કે શહેરો, નગરો અને ગામોમાં જ્યાં જ્યાં તેમણે મુલાકાત લીધી ત્યાં સ્વચ્છતા અને સફાઈ અંગેની સ્થિતિ સારી ન હતી.

આવાસોની સ્થિતિમાં પણ કઈ ફરક ન હતો. તેમણે જ્યારે ૧૯૧૬માં બનારસની મુલાકાત લીધી ત્યારે તેમને જણાયું કે જૂનું શહેર ગંદકીથી ખદબદતું હતુ. અને પરાઓમાં વસતા લોકો નાગરિક પરંપરાઓ અને સ્વચ્છતાના કાયદાને ધિક્કારતા હતા. એક મહોલ્લામાંથી પસાર થતાં ગાંધીજીને જણાયું કે ઉપરની જગ્યાએથી નીચે થૂંકવું તે એક સામાન્ય અનુભવ થઈ ગયો છે.

ત્યાર પછી મદ્રાસ શહેરમાં તેમણે બિન આરોગ્યપ્રદ પ્રણાલિઓ અને ઉચ્ચ વર્ગના લોકોના સ્વચ્છતા જાળવનાર તરફ ઘમંડી વ્યવહાર આચરવામાં આવી રહ્યો છે તેવો તેમણે પ્રતિભાવ આપ્યો હતો. બિહારમાં ગયાની પવિત્ર ભૂમિમાં તેમને સ્વચ્છતા અને સફાઈ અંગે ખરાબ અનુભવ થયો.

શૈક્ષણિક સંસ્થાઓ અને સેમિનાર જેવા જાહેર સમારંભોમાં, ગાધીજીએ સૌ પ્રથમ વાર સ્વચ્છતા અને સફાઈનો મુદ્દો ઉઠાવ્યો. ભારતમાં ગાંધીજીના આગમન પછી જ્યાં જ્યાં પણ તેમણે મુલાકાત લીધી ત્યાં સ્વચ્છતા સમિતિઓની અગાઉથી રચના કરવી પડતી હતી અને સ્વંય સેવકોએ રોજબરોજ કામચલાઉ ઉભા કરાયેલા જાજરૂની સફાઈ પણ કરવી પડતી હતી.

ત્યારબાદ આ પ્રણાલિ કોંગ્રેસની બેઠકોમાં ગાંધીજી હાજર હોય કે ના હોય તો પણ, આઝાદી મળી ત્યાં સુધી અનુસરવામાં આવી. ગાંધીજી જે આશ્રમો અને શૈક્ષણિક સંસ્થાઓમાં રહીને કામ કરતા હતા ત્યાં તેમણે તમામ નિવાસીઓ માટે સ્વચ્છતાને રોજબરોજની પ્રવૃત્તિનો હિસ્સો બનાવી હતી.

**સફાઈ અંગે ગાંધીજીની સક્રિયતાઃ**

ગાંધીજીને અનુસરવા માટે યોગ્ય વિજ્ઞાન અને સાનુકૂળ ટેકનોલોજીની જરૂર છે. આ બાબત ગાંધીજી તથા તેમના આશ્રમવાસીઓ પણ માનતા હતા. અમદાવાદ આશ્રમ માટે તેમણે જે નિયમો ઘડ્યા હતા તેમાં તેમણે લખ્યું હતું કે સફાઈની સેવા આવશ્યક અને પવિત્ર સેવા છે, પરંતુ

હજુ પણ સમાજ તેને હલકી ગણે છે. આને પરિણામે સામાન્ય રીતે તેની અવગણના કરવામાં આવે છે અને તેમાં નોંધપાત્ર સુધારાનો અવકાશ છે.

આથી આશ્રમમાં ખાસ કરીને કોઈને બહારથી મજૂરી માટે નહી બોલાવવાનો નિયમ કરવામાં આવ્યો હતો. એક પછી એક સભ્યો જાતે સફાઈની કામગીરી સંભાળતા હતા. નવા આવનારા લોકોને સામાન્ય રીતે સૌથી પહેલાં આ કામગીરીમાં જોડવામાં આવતા હતા.

આપણે એ બાબત યાદ રાખવી જોઈએ કે ગાંધીજીનો સમાવેશ અત્યંત વ્યસ્ત વ્યક્તિઓમાં થતો હતો અને તે પોતાના જીવનની એક એક પળની ગણતરી રાખતા હતા. આમ છતાં પણ તે હંમેશા પોતાના નિવાસોની સફાઈમાં સામેલ થવા માટે સમય કાઢતા હતા. આ બાબત આપણને સૌને એક શીખ આપી જાય છે.

આપણે કદાચ ટોયલેટ અને આસપાસના વાતાવરણની સફાઈની પ્રતિકાત્મક કામગીરી કરીને સંતોષ માનીએ છીએ અને ત્યાર બાદ વ્યવસ્થા તંત્ર આ કામગીરી સંભાળી લેશે તેવું માનીએ છીએ.

૧૯૩૦ના દાયકાના છેલ્લા વર્ષોમાં સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજીએ સફાઈ તરફ ધ્યાન આપ્યું હતું પણ તેનું પાલન થયું નહી. તેમણે તેમના સાથીઓ માટે આ બાબતે વિગતવાર વર્ણન કર્યું છે.

"દરેક વ્યક્તિએ પોતાની થાળી ખૂબ જ સફાઈથી સાફ કરીને તેની જગાએ મૂકવી જોઈએ. મહેમાનો અને મુલાકાતીઓને પણ પોતાની થાળી, પીવાના પાણીનો લોટો, વાટકાઓ અને ચમચીની સાથે સાથે ફાનસ, પથારી, મચ્છરદાની અને નેપકીન્સ લાવવા જોઈએ તે માટે વિનંતી કરી હતી અને દરેક વસ્તુ યોગ્ય સ્થળે મૂકવી જોઈએ.

"દરેક પ્રકારનો કચરો કચરા પેટીમાં નાંખવો જોઈએ. પાણીનો બગાડ થવો જોઈએ નહીં. પીવા માટે ઉકાળેલું પાણી વાપરવું જોઈએ. થાળીઓ અને વાટકાઓ છેલ્લા ગરમ પાણીથી ધોવા જોઈએ. આશ્રમનું ઉકાળ્યા વગરનું પાણી પીવા માટે સલામત નથી. આપણે રોડ ઉપર થૂંકવું કે નાક સાફ કરવું જોઈએ નહી.

"કુદરતી જરૂરિયાતો નિશ્ચિત જગ્યાઓએ જ કરવામાં આવે તે જરૂરી છે. બંને પ્રકારની કુદરતી હાજતો કર્યા પછી પોતાની જાતને શુધ્ધ કરવી જોઈએ. જાજરૂમાં ઘન કચરા અને પ્રવાહી કચરા માટેના નિકાલની અલગ વ્યવસ્થા હોવી જોઈએ. આપણે આપણાં હાથ માટી અને સ્વચ્છ પાણીથી ધોઈને સ્વચ્છ નેપકીનથી સાફ કરવા જોઈએ."

"મળને સંપૂર્ણપણે માટીથી ઢાંકી દેવો જોઈએ, જેથી તેની પર માખીઓ બેસે નહી અને માત્ર કોરી માટી જ નજરે પડે. વ્યક્તિએ જાજરૂની બેઠક ઉપર કાળજીપૂર્વક બેસવું જોઈએ કે જેથી બેઠક ગંદી થાય નહીં. અંધારામાં જવું પડે તો ફાનસ લઈને જવું જોઈએ. જ્યાં પણ માખીઓ બેસતી હોય તેવી જગ્યાઓને યોગ્ય રીતે ઢાંકવી જોઈએ."[2]

ભારતમાં સ્વચ્છતાનો આગ્રહ રાખનાર આ વ્યક્તિ માટે એ બાબત યાદ રાખવી જોઈએ કે તેમણે તેમના અંતિમ દિવસોમાં પણ આ વિષય છોડ્યો ન હતો. ૧૯૪૭ના આખરી દિવસોમાં અને જાન્યુઆરી ૧૯૪૮માં તેમણે વિવિધ પ્રસંગોએ લોકોને સ્વચ્છતા માટે અનુરોધ કર્યો હતો અને આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખી વ્યક્તિગત સફાઈને અનુસરવા જણાવ્યું હતું.

**દેશમાં સફાઈની સ્થિતિઃ**

દેશમાં જાજરૂના બાંધકામની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. પ્રધાન મંત્રીએ તાજેતરમાં એક સભામાં જાહેરાત કરી હતી કે ભારતમાં વર્ષ ૨૦૧૪માં ૪૦% વિસ્તાર ટોયલેટથી આવરી લેવાયેલો હતો તે સંખ્યા ૯૦% કરતાં પણ વધી છે.

આશરે ૪.૫ લાખ ગામડાઓને ટોયલેટથી આવરી લેવામાં આવ્યા છે. આ એક અસરકારક બાબત છે, પરંતુ સફાઈ અને સ્વચ્છતા બાબતનું પ્રથમ કદમ છે. ટોયલેટ સેનિટેશન ઝુંબેશમાં પણ વ્યક્તિગત પરિવારના ટોયલેટસ, ગ્રામ્ય શાળાઓને આવરી લેવાની અને ઘન કચરાના નિકાલની વ્યવસ્થા જરૂરી છે. આપણે છેલ્લા બે પાસાં પર ધ્યાન આપવાની જરૂર છે.

રાજ્યએ આ બાબતે વધુ ઘનિષ્ટ પ્રતિભાવ આપવાની જરૂર છે. ભારતમાં મેલું ઉપાડવાની પ્રથા નાબૂદ થઈ હોવા છતાં દેશમાં વર્ષ ૨૦૧૭માં મળની સફાઈ કરનાર ૩૦૦ લોકોનાં મોત થયા હોવાનો અહેવાલ પ્રાપ્ત થાય છે.[3]

પ્રધાન મંડળના વિવિધ ખાતાઓ દ્વારા રચવામાં આવેલા ટાસ્ક ફોર્સમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૫૩,૨૩૬ લોકો મળ-મૂત્ર ખસેડવાની કામગીરી કરે છે. ૨૦૧૭ સુધીના આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે આ સંખ્યામાં ૪ ગણો વધારો થઈને આશરે ૧૩,૦૦૦ જેવી સંખ્યા થઈ છે. આ આંકડાઓમાં ગટરો અને રેલ્વેની સેપ્ટીક ટેન્કની સફાઈ કરતા લોકોનો સમાવેશ થતો નથી. આ વિભાગોમાં મોટી સંખ્યામાં લોકો આવી કામગીરી કરે છે.[4]

દેશમાં આ મુદ્દે ત્વરિત પ્રતિભાવ દાખવીને માનવ દ્વારા મળ-મૂત્રની હેરફેર કરાય તે સ્થિતિ નાબૂદ કરવી જોઈએ. રાજ્યનું ધ્યેય સમાજ અને નાગરિકોની સમગ્રલક્ષી સફાઈનું હોવું જોઈએ.

**અસ્પૃશ્યતા નાબુદીઃ**

ગાંધીજીએ સફાઈની સ્થિતમાં સુધારો કરવા તથા અશ્પૃશ્યતા નિવારણનું જે કામ કર્યું તે વ્યક્તિ અને સમાજના સત્યાગ્રહનું આવશ્યક ઘટક છે. સત્યાગ્રહમાં સ્વયં શુદ્ધિકરણનો સમાવેશ થાય છે. સફાઈ અને સ્વચ્છતા આધ્યાત્મિક કામગીરી માટે પણ મહત્વની બની રહે છે.

સત્ય અંગેની શોધમાં ગાંધીજીમાં એવી સમજ ઉભી થઈ હતી કે સત્ય નામના પ્રભુ સમક્ષ દરેક માણસ અને દરેક જીવંત તત્વ એક સમાન છે.

પોતાની જાતને અને આસપાસના વાતાવરણને શુધ્ધ રાખવા માટે ગાંધીજી સ્વ-શુદ્ધિનો પ્રથમ કદમને અનુસરવા જણાવતા હતા. સ્વ-શુદ્ધિનું બીજુ અને અત્યંત મહત્વનું કદમ દલિતો સામેનો વર્ષો જૂનો પૂર્વગ્રહ ત્યજવાનું હતું. આ લોકો મૂંગા રહીને સમાજમાં સફાઈની કામગીરી બજાવતા હતા.

ગાંધીજી એવું ઈચ્છતા હતા કે હિંદુઓની દરેક કોમે સૌ પ્રથમ વખત સમજવું જોઈએ કે સદીઓથી દલિતોને ભારે અન્યાય કરવામાં આવ્યો છે. બીજા તબક્કામાં આ બાબત સ્વીકારીને પશ્ચાતાપનું છે. આખરે ગાંધીજી એવું ઈચ્છતા હતા કે હિંદુઓની દરેક કોમે પસ્તાવો કરવો જોઈએ, એટલે કે અસ્પૃશ્યતા ત્યજીને તેમના કલ્યાણના કામોમાં સહાય કરવી જોઈએ.

ગાંધીજીએ વ્યક્તિગત સફાઈ અને ગામ તથા નગરની સફાઈ, અસ્પૃશ્યતાની નાબૂદીને એક રચનાત્મક કદમ ગણાવ્યું હતું અને તેનો સમાવેશ દરેક સત્યાગ્રહીએ પાળવાના ૧૧ પ્રતિજ્ઞા કરાયો હતો. દેશમાં સ્વચ્છતા અને સફાઈની પરિસ્થિતિ હાલમાં પણ નોંધપાત્ર સુધારો માંગી લે તેવી છે. આપણે ગાંધીજીના વચનોને સંપૂર્ણપણે પ્રતિભાવ આપ્યો નથી.

ગાંધીજી સમાજશાસ્ત્ર સમજતા હતા અને તેથી તેમણે સફાઈના કામને ગૌરવ અપાવવા પ્રયાસ કર્યો અને તે દ્વારા જેમની તરફ ધિક્કાર દાખવવામાં આવતો હતો તેવા સફાઈ કામદારોને ગૌરવ અપાવ્યું. આઝાદી પછી આપણે વ્યક્તિ અને વ્યક્તિના શિક્ષણ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની દ્રષ્ટિ ગુમાવી અને તેના બદલે રાજ્યો ઉપર તમામ જવાબદારી નાંખીને આ ઝૂંબેશને યોજનાઓમાં રૂપાંતરિત કરી દીધી.

યોજનાઓ લક્ષ્યાંકો, માળખાઓ અને સંખ્યાઓ પૂરતી જ સીમિત રહી. ગાંધીજીએ સ્વચ્છતાના શિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો. ભારતમાં આપણે સૌને જેની જરૂર છે તે ટોયલેટ ટ્રેનિંગ અને સફાઈ તથા સ્વચ્છતા શિક્ષણ અંગેની છે.

> લોકો તરીકે આપણે જવાબદારીપૂર્વક વર્તીએ છીએ. લોકોએ ગંદી અને નકામી ટેવો બાબતે અજાણ, ઘમંડી અને બેજવાબદાર બનવાનું ચાલુ રાખ્યું છે. આપણે આપણાં જાજરૂ ગંદા રાખીએ છીએ. આસપાસનું વાતાવરણ પણ ગંદુ હોય છે. આપણે બસ, રેલ્વે કે વહાણમાં થૂંકીને જગ્યા ગંદી કરીએ છીએ. સ્વચ્છ હિંદુસ્તાન હજુ પણ એક સ્વપ્ન છે અને આપણે તેના માટે સખત પરિશ્રમ કરવાની જરૂર છે.

એક સમાજ તરીકે આપણે ભેદભાવ કરવાનું ચાલુ રાખ્યું છે અને સૂક્ષ્મપણે અસ્પૃશ્યતાનો અમલ કરી રહ્યાં છીએ. જાતિગત ભેદભાવ હજુ ખતમ થયો નથી. આપણું અંતર મન સાફ, નિર્મળ થયું નથી. સ્વ નિયંત્રણ અને શાસન બાબતે જાહેર જીવનમાં અને રાજકીય જીવનમાં સ્વચ્છતા અંગે સંપૂર્ણ સમજ નથી. સમય આવી ગયો છે કે આપણે પોતાના અંતરમાં પ્રકાશ ફેંકીને સુધરવું જોઈએ અને ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપીને પોતાની જાત અને સમાજ પ્રત્યે જવાબદાર બનવું જોઈએ.

**સંદર્ભોઃ**


1) http://www.pmindia.gov.in/en/tag/speech/ 18 December, 2015.
2) M.K. Gandhi, 1955. Ashram observances in Action, translated from Gujarati by Valji Govindji Desai, Navajivan Publishing House, Ahmedabad. pp 149–51. Can be accessed at Gandhi Heritage Portal. www.gandhiheritageportal.org
3) For full report see https://www.sundayguardianlive.com/news/12448-over-300-manual-scavengers-died-2017.
4) For full report see https://indianexpress.com/article/india/53000-manual-scavengers-in-12-states-four-fold-rise-from-last-official-count-5218032/



લેખક ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના ભૂતપૂર્વ ઉપકુલપતિ અને ગાંધી હેરિટેજ મિશનના સભ્ય છે.
Email: sudarshan54@gmail.com

# સ્વરાજની સીડી

ડી જહોન ચેલ્લાદુરાઈ



હજુ હમણાં સુધી સફાઈનો વિષય વણખેડાયેલો રહ્યો છે. સફાઈ કરવાનો વ્યવસાય કે જે શુધ્ધિકરણ અને જીવન સુરક્ષા કરતો વ્યવસાય છે તેને અતિશય ગંદો ગણવામાં આવે છે. આપણે તેને સાચો દરજ્જો આપીને ઉંચો લઈ જવો જોઈએ. ગાંધીજીએ સલાહ આપી છે કે ''ગામડાંમાં જવું અને સફાઈ કામ કરવું તે ભારતની ઉત્તમ સેવા છે.''

મધ્ય મહારાષ્ટ્રનો એક યુવાન પુરૂષ કે જેણે ICS ની પ્રાથમિક પરીક્ષા પાસ કરી હતી તે ગાંધીજીને સેવા ગ્રામમાં મળ્યો હતો.

ગાંધીજીએ તેને સવાલ કર્યો 'તમે શા માટે ICS થવા માંગો છો ?'

યુવાન પુરૂષે જવાબ આપ્યો કે 'ભારતની સેવા કરવા માટે.'

ગાંધીજીએ સલાહ આપી કે 'ગામડામાં જઈને સફાઈનુ કામ કરવું તે ભારતની ઉત્તમ સેવા છે.'

અને ICS બનવાની ઈચ્છા ધરાવતો આ યુવક અપ્પા પટવર્ધન, 'સફાઈ' કલામાં નિપુણતા ધરાવતો એક ઉત્તમ સ્વાતંત્ર્ય સેનાની બની ગયો.

આઝાદીની લડતની તાલીમ શાળામાં 'સફાઈ' અને 'સ્વચ્છતા' ને સ્નાતક થવા માટેની કસોટી ગણવામાં આવતી હતી. વિનોબા ભાવે, ઠક્કર બાપા, જે. સી કુમારપ્પા અને ઝળહળતી તેજસ્વીતા ધરાવતા આવા અગણિત યુવાનો સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા અને 'સફાઈ' અને 'સ્વચ્છતા' ને આઝાદી માટેની મૂળભૂત બાબત માની.

એક સત્ય શોધક તરીકે ગાંધીજીએ ખૂબ ચોકસાઈભરી જીવન શૈલી અપનાવી હતી અને સ્વચ્છતાને સૌથી ઊંચુ સ્થાન આપ્યું હતું. રાષ્ટ્રપિતા તરીકે તેમણે રાષ્ટ્ર નિર્માણમાં સફાઈને અવિભાજ્ય સ્થાન આપ્યું હતું. તે કહેતા હતા કે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા પછી તુરંતનું સ્થાન ધરાવે છે.'

### વિકાસની પૂર્વ શરત

વિકાસ એ માનવ સંસ્કૃતિનો વફાદાર સાથીદાર રહ્યો છે. પ્રાગૈતિહાસિક શિકારી જીવનથી શરૂ કરીને શહેરોમાં સંગઠીત થઈને વસતા માનવ તરીકે આપણે જીવનમાં ઘણો સુધારો કર્યો છે. ઈનોવેશન વિકાસ લાવે છે, જે આપણા જીવનના દરેક પાસાંને બહેતર બનાવે છે. આપણે જીવનમાં ઘણો સુધારો કર્યો છે. માનવ વિકાસની ભાવના વ્યક્તિના કલ્યાણ માટેનાં દરેક પાસાને આવરી લે છે.[i] આહાર સુરક્ષા, તાજી અને સ્વચ્છ હવા, પીવાનું સલામત પાણી, આરોગ્ય અને સ્વચ્છતા, જરૂરી સાધન સામગ્રીની પ્રાપ્તિ અને આ બધાની ખાતરી માટે ગુણવત્તા ધરાવતુ શિક્ષણ અને પસંદગીની આઝાદી જરૂરી બને છે. અબ્રાહમ મેસલો જણાવે છે તે મુજબ લોકો વિકાસના ઘટકોને ભૌતિક જરૂરિયાતો પ્રાપ્ત કરવાના સંતોષ તરીકે વર્ગીકૃત કરે છે.

એક વિકસતા સમુદાય તરીકે આપણે એક તરફ ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા માટેની વ્યવસ્થા ગોઠવવા માટે ઘણી યાતનાઓ વેઠી છે, તો બીજી તરફ સપ્લાય સાઈડ એટલે કે નિકાલ વ્યવસ્થા તરફ આપણે ભારે બેકાળજી દાખવી છે. વિકાસના

એજન્ડામાં નિકાલ વ્યવસ્થાનો ભાગ્યેજ સમાવેશ થાય છે.

કહેવત છે કે 'સારી શરૂઆત થાય એટલે અડધી સફળતા મળી ગયા સમાન માની શકાય.' બીજા અડધા ભાગ માટેની કહેવત એવી છે કે 'તમે કેવી શરૂઆત કરો છો તે મહત્વનુ નથી, પણ તમે કેવી રીતે સમાપન કરો છો તે મહત્વનું છે.'

માનવજાત રસોઈની કળામાં નિષ્ણાંત છે. વિકાસનાં સાધનો તૈયાર કરનારે જે કોઈ પેટા પેદાશો હોય તેના નિકાલની કળામાં પણ નિપુણતા હાંસલ કરવી જોઈએ.

દુ:ખદ બાબત એ છે કે માનવ મળમૂત્રનું વિસર્જન, ઔદ્યોગિક કચરો, ગ્રાહકો દ્વારા ફેલાવાતો ગંદવાડ અથવા તો વિકાસને કારણે પેદા થતા કચરા (junk) તરફ માનજાત ધ્યાન આપવા બાબતે બેદરકારી ધરાવે છે.

**અસંસ્કારીપણુ:**

આ પ્રકારની વૃત્તિનાં પરિણામો રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો, બજારો અને મંદિરોનાં સંકુલો પણ કચરાના ઢગલાનાં જંક યાર્ડ બની ગયાં છે. તેની ઉપર માખીઓ, મચ્છરો અને ઉંદરો જોવા મળતા હોય છે. ગાંધીજી તેને ગંદકીના અડ્ડા તરીકે ઓળખાવે છે[ii]. આપણે પવિત્ર ગંગા નદીને પણ એક વિશાળ ગટર સ્વરૂપમાં ફેરવી નાંખી છે.

જાહેર સ્વચ્છતા અંગે શહેરના લોકોનાં ઉદાસીન અભિગમ વિશે ગાંધીજીએ કહ્યું હતું કે 'ભારતના મુંબઈ શહેરમાં વસનારા લોકો જયારે ગલીઓમાં ચાલતા હોય ત્યારે સતત ભય રહેતો હોય છે કે બહુમાળી મકાનમાંથી હમણાં કોઈ તેમની ઉપર થૂંકશે.'[iii] તેમણે ખુલ્લામાં હાજતે જવાની પ્રથાને અસંસ્કાર સમાન ગણાવેલ હતી, કારણ કે ''એ ક્ષણે કોઈ પસાર થતુ હોય તો આપણે આપણી નજર ફેરવી લેવી પડે છે.''

**સત્યની સમજ:**

ગાંધીજી માટે સ્વચ્છતા એ માત્ર જીવશાસ્ત્રીય જરૂરિયાત નહોતી, એ એક જીવન જીવવાનો માર્ગ હતો. સત્યની સમજનો આંતરિક હિસ્સો હતો. તેમની સ્વચ્છતા અંગેની સમજ સત્યના સાર્વત્રિક એકત્વમાંથી પ્રગટે છે. ગાંધી કે જે સત્યને ભગવાન સમજતા હતા અને આ સત્ય એટલું શુદ્ધ હતું કે તમામને આવરી લેતું હતું અને એથી જ 'સ્વચ્છતા' ને તેમણે 'પ્રભુતા' સાથે સરખાવી હતી. તેમણે સ્વચ્છતાને આઝાદી માટેનું આવશ્યક કદમ ગણાવીને તેમના ૧૮ રચનાત્મક કાર્યોની યાદીમાં તેનો સમાવેશ કર્યો હતો.[iv]

સત્યની શોધ કરનારને જીવનમાં સત્યની લાક્ષણિકતા હૃદયની નિકટથી સમજાય છે. આથી તેમણે જીવનને સત્ય અથવા તો પ્રભુ સમાન માન્યું હતું. જીવનના હિસ્સારૂપ જે કોઈ પ્રક્રિયાઓ છે તેનું સંચાલન એ પણ સત્યનો જ એક ભાગ છે. આ અર્થમાં ગાંધીજી માનતા હતા કે વ્યક્તિની આંતરિક સફાઈ અને સ્વચ્છતા પ્રભુને પામવા સમાન છે. ''આપણે અસ્વચ્છ શરીર અને અસ્વચ્છ મન વડે પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત કરી શકીએ નહી. શુદ્ધ શરીર અસ્વચ્છ શહેરમાં વસી શકે નહી.''[v]

**સ્વરાજ:**

ગાંધીજીની આઝાદ ભારતની સમગ્રલક્ષી દ્દષ્ટિમાં સ્વરાજ પ્રાપ્ત કરવામાં સ્વચ્છતાને એક અનોખું સ્થાન આપવામાં આવ્યું હતું.

ભારતમાં હોમ રૂલના અધિકારની માંગણી કરતાં, બાળ ગંગાધર તિલકે ગર્જના કરી હતી કે ''સ્વરાજ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.'' ગાંધીજી માટે સ્વરાજ અને તેના અમલની અસરો વધુ સૂક્ષ્મ દ્રષ્ટિ ધરાવતી હતી. તેમણે યંગ ઈન્ડિયામાં લખ્યું હતું કે ''સ્વરાજ એ એક પવિત્ર શબ્દ છે, એક વૈદિક શબ્દ છે, જેનો અર્થ સ્વ-શાસન, સ્વ-નિયંત્રણ અને સ્વતંત્રતાનો અર્થ ઘણીવાર કરવામાં આવે છે તેવી તમામ બાબતો માટેના નિયંત્રણનો છે.''[vi] તમામ પ્રકારના ભોગવિલાસથી આત્મ નિયંત્રણ તથા જાહેરમાં હાજતે જવાથી આત્મ નિયંત્રણ એવો થાય છે. સ્વરાજ અંગે વધુ વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે 'મારાં સપનાંનું સ્વરાજ એ ગરીબ માણસનું સ્વરાજ છે અને તેમાં સ્વનિયંત્રણ છેલ્લામાં છેલ્લી વ્યક્તિ સુધી રહેવું જોઈએ.'

બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્દઘાટન પ્રસંગે એક જંગી સભાને સંબોધન કરતાં તેમણે આ પવિત્ર શહેરમાં ગંદકીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ''ગમે તેટલાં ભાષણો આપવામાં આવે તો પણ તેનાથી આ શહેર સ્વ-શાસન (આઝાદી) માટે યોગ્ય બનતું નથી. માત્ર આપણી વર્તણૂક જ આપણને તેના માટે યોગ્ય ઠેરવી શકે છે.''[vii] સ્વચ્છતા તેમના માટે 'સ્વરાજ યજ્ઞ' હતો.

આ આત્મ નિયંત્રણને તેમણે વ્યક્તિની પોતાની વર્તણુંક અને જીવનના અભિગમલક્ષી પાસાંઓને જાહેર જીવનમાં ભૌતિક અને અભિગમલક્ષી પાસાંઓને આવરી લીધા હતા. નિકાલ વ્યવસ્થા અંગે વાત કરતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે ''જ્યાં સુધી જીવનની તમામ સામાન્ય સગવડો દરેક માણસને ખાતરીથી મળતી થાય નહી, ત્યાં સુધી સ્વરાજ પૂર્ણ સ્વરાજ બનતું નથી.''[viii]

**સ્વચ્છતા રાષ્ટ્ર નિર્માણના કૃત્ય તરીકે:**

આઝાદીની ચળવળને આગળ વધારતાં તેમણે 'સ્વચ્છ વર્તણુંક' ના મહત્વ અંગે ભારપૂર્વક છણાવટ કરી હતી. આ

સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે ''આપણે પોતાની સરકાર અંગે વિચાર કરીએ તે પહેલાં જરૂરી પરિશ્રમ આવશ્યક બની રહે છે.''[ix]

આરોગ્યના મુદ્દે વાત કરતાં ગાંધીજીએ ગામડાંઓની સ્થિતિને શોચનીય ગણાવતાં જણાવ્યું હતું કે ''આપણી ગરીબાઈનાં મુખ્ય કારણોમાંનું એક સફાઈ અંગેની આવશ્યક બાબતોનું જ્ઞાન ઉપલબ્ધ નહી હોવું તે છે.''[x] આ અર્થમાં તેમણે જણાવ્યું હતું કે સ્વરાજ એટલે ભારતને માત્ર અંગ્રેજ શાસનથી મુક્ત કરવું તેવો નથી, પરંતુ કોઈપણ પ્રકારના અંકુશથી મુક્ત કરવો તેવો થાય છે.[xi]

બીજા એક પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સ્વરાજ એ સતત પરિશ્રમનું ફળ અને વાતાવરણને બુધ્ધિપૂર્વક જાણવાનું ફળ છે.[xii]

ગાંધીજીએ અહિંસક જીવનને પ્રભુની પૂજા, સત્ય માટેનું ઉત્તમ સાધન ગણાવ્યું હતું. સત્યનું દરેક કૃત્ય એ જીવનમાં પ્રભુના માર્ગ સમાન છે. તેમણે સફાઈને શુદ્ધિકરણનું કૃત્ય ગણાવી તેમાંથી અપાર આનંદ મેળવવા જણાવ્યું હતું.

ગાંધીજીના સચિવ પ્યારેલાલ આ એક રસપ્રદ કિસ્સો ટાંકતા જણાવે છે કે નો આખલીમાં એ સમયે ગાંધીજી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સંવાદિતા સાધવા માટે કૂચ કરીને અપાર પ્રયાસો કરી રહ્યાં હતા. તે લખે છે કે નો આખલીમાં પણ અત્યંત ઝાંખો અજવાશ હતો અને તેની સાંકડી ફૂટપાથો ઉપર ગાંધીજી આગળ વધી રહ્યાં હતા, જે ખૂબ જ ચીકણી જગ્યા હતી. તા.૧૯ જાન્યુઆરી, ૧૯૪૭ની સવારે તેમણે અટકારા જવા માટે બદાલકોટ છોડ્યું. આકરી કૂચથી ટેવાયેલા કર્નલ જીવન સિંઘનો પગ લપસ્યો હતો અને ગડથોલું ખાઈ ગયાં હતા. હસતાં હસતાં ગાંધીજીએ તેમને ચાલવા માટે લાકડી આપી અને ચીકણાં ઢોળાવ પરથી તેમને બહાર લાવ્યાં હતા.

ફૂટપાથ સાંકડી હોવાથી કૂચ કરનાર માત્ર એક જ વ્યક્તિ ત્યાંથી પસાર થઈ શકતી હતી. એક જગ્યાએ ઓચિંતા રસ્તો પૂરો થઈ ગયો. ગાંધીજી એ સમયે ફૂટપાથ પરથી કેટલાક લીલા પાંદડાનો ઉપયોગ કરીને સફાઈ કરી રહ્યા હતા. કેટલાક કોમવાદી તોફાની તત્વોએ ફૂટપાથને ફરીથી ગંદી કરી હતી.

''તમે મને આ કામ શા માટે કરવા દેતા નથી. તમે અમને શરમમાં શા માટે મૂકો છો'' તેવું મનુબેને ગાંધીજીને પૂછ્યું હતું અને ગાંધીજીએ હસતા હસતા કહ્યું કે ''તમે મને બહુ ઓળખતા નથી, મને આવા કામ કરવામાં આનંદ મળે છે.''[xiii]

**ગ્રામ-રાજ્યઃ**

ગામડું એ ટકી રહેવા માટે જરૂરી તેમજ પ્રાથમિક પેદાશોનું કેન્દ્ર છે. ''તે ભારતનું હૃદય છે.'' ગામડાંઓના જીવનમાં ભારતનું જીવન રહેલું છે તેવું ગાંધીજી માનતા હતા. આથી તેમણે 'ગ્રામ-રાજ્ય' સાથેનું 'હિંદ-સ્વરાજ-ઈન્ડિયન હોમ રૂલ' માટે જરૂરી ગણાવ્યું હતું.

આઝાદ ભારતના ગામડાંઓની સ્થિતિ જોઈને ગાંધીજી જણાવે છે કે, "એવા ગામને સુધરેલું ગામ ગણવું જોઈએ કે જેમાં દરેક પ્રકારના ગ્રામ ઉદ્યોગો હોય અને તેમની જરૂરિયાત પૂર્ણ કરતા હોય અને ત્યાં કોઈ વ્યક્તિ અશિક્ષિત ના હોય, દરેક માર્ગ સ્વચ્છ હોય, મળમૂત્રના નિકાલ માટેની ચોક્કસ જગ્યા હોય અને કૂવાઓ સ્વચ્છ હોય.....''[xiv]

ગાંધીજી સૂચવતા હતા કે ''ભારતનું આદર્શ ગામ એવું બનવું જોઈએ કે જ્યાં સ્વચ્છતાની પૂર્ણ જોગવાઈઓ હોય. ત્યાં પૂરતો પ્રકાશ અને હવાની અવરજવર માટે ૫ કી.મી.ના વ્યાસમાંથી પ્રાપ્ત કરેલી ચીજોમાંથી ઝૂંપડીઓ બાંધવામાં આવેલી હોય.''[xv]

ગામડાંઓની વર્તમાન તિરસ્કારપાત્ર સ્થિતિ અંગે તેમણે લખ્યું છે કે ''જો ગામડાંઓમાં સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો થાય તો આસાનીથી લાખો રૂપિયાની બચત થશે અને એટલે અંશે લોકોની હાલતમાં પણ સુધારો થશે. બિમાર ખેડૂત તંદુરસ્ત વ્યક્તિની જેમ ક્યારેય કામ કરી શકતો નથી.''[xvi]

**સ્વચ્છતાના મુદ્દાને પ્રતિભાવઃ**

સ્વચ્છતાની સમસ્યાઓ અંગે પ્રતિભાવ આપતાં તેમણે એવું સૂચવ્યું હતું કે દરેક ગામમાં એક સ્થળે ઓછા ખર્ચાળ પાયખાના તૈયાર કરવા જોઈએ.[xvii]

સમગ્ર વિષય (સફાઈ) વણખેડાયેલો છે અને ગંદકીથી ઘણો દૂર છે. શુદ્ધિકરણ તથા જીવનસુરક્ષા માટે જરૂરી છે. આપણે તેને ઉતરતી કક્ષાનો માનીએ છીએ. આપણે તેને સાચો દરજ્જો બક્ષવો જોઈએ.

ગાંધીજીએ સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમોને એક જ પક્ષીની બે પાંખ સમાન ગણાવ્યા હતા. એક પાંખની ગેરહાજરીમાં બીજી પાંખનો કોઈ અર્થ રહેતો નથી.

ગાંધીજીએ સ્વચ્છતા અને આઝાદીની ચળવળ જેવા રચનાત્મક કાર્યક્રમોને એક બીજા સાથે દૂર કરી શકાય નહી, તેવા જોડાણ સમાન ગણાવ્યા હતા અને આ બાબત દેશભરમાં સ્પષ્ટ કરી હતી. ટોયલેટની સફાઈ કરવી અને ''સ્વચ્છતા માટેની કામગીરી સત્યાગ્રહીની લાયકાત ગણાય છે.'' દરેક જાહેર સભામાં, ભલે તે બ્રિટિશ સામેનો સત્યાગ્રહ હોય અથવા તો સામાજિક સુધારાની પહેલ હોય, દરેક બેઠકની શરૂઆત અનિવાર્યપણે ગ્રામ સફાઈથી જ થતી હતી.

ભારતમાં સમાજનો એક વર્ગ ઝાડુવાળા કે ભંગી તરીકે ઓળખાય છે અને

તે પેઢીઓથી જૂની ઢબના બાસ્કેટ ટાઈપ (સૂકા) જાજરૂમાંથી મળ ખસેડવાના કામમાં જોડાયેલા છે. આથી અન્ય હરિજનો પણ તેમને હલકા ગણે છે. ગાંધીજી આ લોકોની દયનીય સ્થિતિ બાબતે ખૂબ ચિંતા કરતા હતા, કારણ કે તેમને લાગતું હતું કે આ લોકો સમાજના તળિયે હોવા છતાં તે સમુદાયમાં સફાઈ અને આરોગ્ય માટે આયોજન કરતા હતા.

''તેમની સાથે કોઢિયા માણસની જેમ દુર્વ્યવહાર થતો હતો, પરંતુ એ એક એવા સમૂહનો હિસ્સો છે કે જે સમાજની સફાઈ અને કલ્યાણ માટે આવશ્યક છે. આથી જ તેમનું ભૌતિક અસ્તિત્વ છે.''[xviii]

ભંગીભાઈઓ મળને આધારે જીવતા જીવ જંતુ અને બેકટેરિયા સામે કોઈ પણ જાતના સુરક્ષા સાધન વગર પોતાના હાથથી મળના ટોપલા ખસેડવા પડતા હતા અને સફાઈ કરવી પડતી હતી. એમને ગૌરવ અપાવવા માટે 'આપણે સૌએ જાતે ભંગી બનવુ પડશે' અને જ્યારે પણ તે દિલ્હી ગયા ત્યારે સહેજ પણ ચૂક્યા વગર તે ભંગી કોલોનીમાં તેમની સાથે રહ્યાં અથવા તો તેમની મુલાકાત લીધી હતી.

ગાંધીજીના વિઝનને અનુસરીને, અનેક સંસ્થાઓએ ગાંધીજીની હાકલ વધાવી લીધી અને 'સફાઈ' ઝૂંબેશ શરૂ કરી હતી. સફાઈ વિદ્યાલય, દિલ્હી રોડ, નિર્મલ ગ્રામ નિર્માણ કેન્દ્ર, નાસિક વગેરે જેવી કેટલીક સંસ્થાઓએ નિષ્ઠાપૂર્વક આ કામગીરી ઉપાડી લીધી હતી.

હરિજન સેવક સંઘે ૧૯૬૩માં સાબરમતી ગાંધી આશ્રમ, અમદાવાદ, ગુજરાત ખાતે સફાઈ વિદ્યાલય "sanitation institute" ની સ્થાપના મળમૂત્રની સફાઈ કરતા લોકોને આ કામગીરીમાંથી મુક્તિ અપાવવા માટે કરી.[xix]

સફાઈ વિદ્યાલયનો પ્રાથમિક ઉદ્દેશ સફાઈની કામગીરી અને મળમૂત્ર ખસેડવાનુ કામ કરતા લોકોના ઉત્કર્ષ, ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આરોગ્ય અને સફાઈ કામગીરીના ઉત્કર્ષનો હતો.

ગાંધીજીએ સત્યને ભગવાન માન્યું હતુ અને અહિંસાને 'જીવન જીવવા માટેનો માર્ગ' ગણાવ્યો હતો. તેમના માર્ગ અને ધ્યેય વચ્ચેનો તફાવત દર્શાવતાં ગાંધીજી કહેતા હતા કે ''પહેલી બાબત મારા અંકુશ હેઠળ હોવાથી આથી હું ઉપયોગિતાના અર્થમાં માર્ગને વધુ પરિણામ કરતાં વધુ મહત્વનો ગણીશ. જો તમે સાધન શુદ્ધિનો આગ્રહ રાખશો તો પરિણામ હંમેશા સારૂ જ આવશે ''

**સમાપન :**

એક અર્થમાં કહીએ તો એક રાષ્ટ્ર તરીકે ભારત વિશ્વ પલટ ઉપર માન-સન્માન પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આથી ભારતે પોતાના સાધનો શુધ્ધ અને સ્વચ્છ હોય તેવો માર્ગ અપનાવવો જોઈએ પરિણામે માન-સન્માન તેને અનુસરશે. ''વસંતની ભવ્યતાનો પ્રભાવ દરેક વૃક્ષમાં વર્તાતો હોય છે. સમગ્ર વિશ્વ તેના કારણે તાજગી અને યોવનનો અનુભવ કરે છે. જ્યારે સ્વરાજની ભાવના સમાજમાં પ્રસરશે ત્યારે જીવનના દરેક પંથમાં ઉર્જા જોવા મળશે,'' તેવુ ગાંધીજી માનતા હતા.[xx]

**સંદર્ભોઃ**


i) 'Beyond Economic Growth: Meeting the Challenges of Global Development', Book On Line, Oct, 06, 2004. http://www.worldbank.org/depweb/english/beyond/beyondco/beg_01.pdf, P. 04.

ii) CWMG., Vol.13, P.213.

iii) Speech at Banares Hindu University, CWMG, Vol.13, P.213.

iv) Constructive Programme: Its meaning and place, Navjivan, Ahmedabad, 1941.

v) Young India, 19/11/1925.

vi) YI, 19 -03 -1931, p. 38.

vii) Ibid, P.212.

viii) YI, 26 – 03 – 1931, P.46.

ix) Speech at Banares Hindu University, CWMG, Vol.13, P.213.

x) Shikshan Ane Sahitya, 18 - 08 – 1929; 41:295.

xi) YI, 12.06. 1924, p.195.

xii) YI, 05.01.1922, P.4 and YI, 27.08.1925, P.297, MoMG. P. 319.

xiii) Pyarelal – The Last Phase.

xiv) Letter to Munnalal Shah, 4-4-1941; 73:421.

xv) Harijan 18-08-1940.

xvi) Shikshan Ane Sahitya, 18.08.1929; 41:295.

xvii) Harijan, 05.12.1936: 64:105.

xviii) Young India: 5.11.1925.

xix) http://www.esi.rog.in/about_histroy.htm

xx) H, 18.01.1942, p 4.



લેખક ગાંધીવાદી સ્કોલર અને ગાંધી સંશોધન ફાઉન્ડેશન, જલગાંવ, મહારાષ્ટ્રના ડીન છે.

# કેન્દ્રીય વિદ્યાલય સંગઠનની સ્વચ્છતા યાત્રા

સંતોષ કુમાર મલ



નાગરિકોનું આરોગ્ય દેશનું આરોગ્ય નક્કી કરે છે. સ્વચ્છતા એ વ્યક્તિના આરોગ્યમાં ભાગ ભજવતા સૌથી મહત્વનાં પરિબળોમાંનું એક છે. ૧૧૯૦ શાળાઓ સહિત કેન્દ્રીય વિદ્યાલય સંગઠન એ તંત્ર વ્યવસ્થામાં તેના તમામ સ્ટેકહોલ્ડર્સ માટે તેને એક ચળવળ બનાવીને સ્વચ્છતા આંદોલનનાં જુસ્સાને આગળ વધારી રહ્યું છે.

ભગવદ ગીતા અધ્યાય ૧૩માં "શૌચમ" – સ્વચ્છતાને જો કોઈ વ્યક્તિ ઉચ્ચ સ્તર પર જવા માંગતા હોય તેમણે કેળવવા માટેના સદગુણોમાંનો એક ગણાવ્યો છે. 'શૌચ' મનની સ્વચ્છતા, સંતોષ, ઈન્દ્રિયો ઉપર વિજય અને આત્મ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટેની ક્ષમતાને ઉજાગર કરે છે.

આપણા નૈતિક મૂલ્યોની પરંપરાએ આંતરિક અને બાહ્ય સ્વચ્છતા કે જે શરીર, મન અને આત્માની તંદુરસ્તી માટે ખૂબ જ જરૂરી છે તેની ઉપર ભાર મૂક્યો છે. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એ ભારતીય સંસ્કૃતિની વર્ષો જૂની ધરોહર રહી છે. તે એક સ્થાપિત હકીકત છે કે નાગરિકોનું આરોગ્ય એ દેશનું આરોગ્ય નિર્ધારિત કરે છે. એ પણ સત્ય હકીકત છે કે સ્વચ્છતા એ વ્યક્તિગત આરોગ્યમાં યોગદાન આપવા માટેના પરિબળોમાનું એક છે.

સરકાર દ્વારા પરિકલ્પના કરવામાં આવેલ સ્વચ્છતાનું આંદોલન તેના અપેક્ષિત પરિણામો ત્યાં સુધી નહીં મેળવી શકે જ્યાં સુધી લોકો તેમાં ભાગીદાર નહીં બને અને તેને એક જનઆંદોલન નહીં બનાવે. મિશન 'સ્વચ્છ ભારત'ને તમામ માટેનું જન આંદોલન બનાવવા માટે આદરણીય પ્રધાનમંત્રી દ્વારા ૨જી ઓક્ટોબર ૨૦૧૪નાં રોજ કરવામાં આવેલું આહ્વાન એ હવે ધીમે ધીમે એક વાસ્તવિકતામાં પરિણમી રહ્યું છે જેમાં તમામ ઉંમરના, પશ્ચાદભૂમિકા અને સમાજના વર્ગોમાંથી આવતા લોકોની બહોળી ભાગીદારી છે.

વ્યવસાયિક પ્લેસમેન્ટ ઉપરાંત ભારતીય શિક્ષણ વ્યવસ્થા એ બાળકોને તમામ સાથે સામંજસ્યપૂર્ણ સહઅસ્તિત્વ માટે જીવનના સંતુલિત દૃષ્ટિકોણ સાથે તેમની શ્રેષ્ઠતમ ક્ષમતાઓમાં વિકસિત બનવા માટે મદદ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

શિક્ષણ એ માત્ર બાળકને સમકાલીન વિશ્વમાં અનુકૂલન સાધવાની પ્રક્રિયામાં જ મદદ નથી કરતું પરંતુ તે તેને ભવિષ્યમાં આવનારા પડકારો સામે લડવા માટે તૈયાર પણ કરે છે. રચનાત્મક વર્ષોમાં આપણી સમૃદ્ધ સંસ્કૃતિ અને મૂલ્યો સાથે બાળકની ઓળખાણ એ તેને પોતાના મૂળ સાથે સરળતાથી જોડે છે. તે આ મૂલ્યોને કોઈપણ વધુ પડતા પ્રયત્ન વગર આત્મસાંદ્ કરી શકે છે કારણ કે 'મૂલ્યો ઝીલવામાં આવે છે તેમને શીખવાડવામાં નથી આવતા.'

યુવાન મગજનું તંદુરસ્ત અને

સંતુલિત સામાજિકરણ એ માત્ર તેના વૈવિધ્યપૂર્ણ સંપર્ક અને પર્યાવરણ સાથે સંવાદના માધ્યમથી જ શક્ય છે કે જ્યાં આ મૂલ્યોનું અમલીકરણ કરવામાં આવે છે અને તેમને અંદર ઉતારવા માટે ઉપલબ્ધ છે.

સમગ્ર દેશ અને વિદેશમાં ૧૧૯૦થી વધુ શાળાઓ સાથે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન એ ધોરણ ૧થી ૧૨ના તમામ વર્ગોમાંથી આવતા બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડી રહ્યું છે. તેણે હંમેશા બાળકને તંદુરસ્ત અને સંતુલિત વિકાસ માટે આપણા સમૃદ્ધ મૂલ્ય તંત્ર સાથે જોડવા ઉપર ભાર મૂક્યો છે.

કેવીએસએ લોકોમાં જાગૃતિ ફેલાવવા અને સ્વચ્છતા અને વ્યક્તિગત આરોગ્ય તરફ લોકોને સંવેદનશીલ બનાવવા માટે રેલીઓ, સ્પર્ધાઓ, ભારત સ્કાઉટ અને ગાઈડની પ્રવૃત્તિઓ વગેરેના માધ્યમથી વિવિધ સામુદાયિક કાર્યક્રમો હાથ ધર્યા છે.

વિવિધ મંચોએ કાર્યક્રમોના માધ્યમથી 'સ્વચ્છ ભારત' ચળવળમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓની ભાગીદારી સાથે કેવીએસએ સમાજમાં બાળકોને સ્વચ્છતાના અગ્રદૂતો તરીકે વિકસિત કર્યા છે.

**કેવીએસએ આ સ્વચ્છતાની ઝુંબેશને શાળાની પ્રવૃત્તિઓનો એક મુખ્ય ભાગ બનાવીને જ વિદ્યાર્થીઓ માટે એક શિક્ષણ પ્રક્રિયામાં પરિવર્તિત કરી છે**

- સ્વચ્છતા એ શાળાના માનસમાં વણાયેલી છે.
- શાળાઓ તેમના મૂળભૂત અભ્યાસક્રમ તરીકે તેમના દૈનિક જીવનમાં તેનો પ્રયોગ કરે છે અને નિયમિત ચાલતી પ્રવૃત્તિ તરીકે કાર્યક્રમો, ફિલ્મ શો, ચિત્રો/ નિબંધ લેખન સ્પર્ધા, અભિનય, કેમ્પેઈન વગેરેનું આયોજન કરે છે.
- વિદ્યાર્થીઓ પોતાના આ વિચારોને પોતાના પરિવાર અને પાડોશીઓ સુધી પહોંચાડે છે. આ પ્રકારના શાળાના કાર્યક્રમોમાં સમુદાયની ભાગીદારી એ દૃશ્યમાન છે.
- વિદ્યાર્થીઓ સ્વચ્છતાના રાજદૂત તરીકેની ભૂમિકા નિભાવે છે.
- પ્રધાનમંત્રી દ્વારા ૨૦૧૬ની અંદર સૌથી સ્વચ્છ સરકારી શાળાની શ્રેણીમાં કેવી એફઆરઆઈ દહેરાદૂનને 'રાષ્ટ્રીય સ્વચ્છતા એવોર્ડ' આપવામાં આવ્યો છે.



કેવી એફઆરઆઈ દહેરાદૂનઃ કાર્યરત વિદ્યાર્થીઓ



ભારતીય વડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિ સાથે કમિશનર, કેવીએસ.

કેવી એફઆરઆઈ દહેરાદૂનના આચાર્ય, તે સમયના શહેરી વિકાસ મંત્રી, ભારત સરકાર, શ્રી વૈંકેયા નાયડુની સાથે મળી આદરણીય પ્રધાનમંત્રી પાસેથી પુરસ્કાર સ્વીકારી રહ્યા છે.

'સ્વચ્છ ભારત' અભિયાન એ કેવીએસમાં સંપૂર્ણ કટિબદ્ધતા સાથે ચાલી રહ્યું છે ને અમારી શાળાઓ માત્ર વધુ સ્વચ્છ જ નથી બની પરંતુ ૨૦૧૪ પહેલાની પરિસ્થિતિની સરખામણીએ વધુ હરિયાળી પણ બની છે.

પર્યાવરણીય સાક્ષરતામાં વૃદ્ધિ કરવા માટે કેવીએસના પ્રયત્નો આસપાસના વાતાવરણને વધુ હરિયાળું બનાવવાના પણ છે.

- સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (સીએસઈ)નો ગ્રીન સ્કૂલ પ્રોગ્રામ (જીએસપી) એ શાળાઓ માટે થીયરી અને પાઠ્યપુસ્તકોમાંથી ઉપર ઊઠીને "કરવા" ઉપર ધ્યાન કેન્દ્રિત કરાવતો શૈક્ષણિક કાર્યક્રમ છે.
- કાર્યક્રમ શાળાઓને કુદરતી સંસાધનોના ઉપયોગ તપાસણી કરવામાં મદદ કરે છે, તેમને પર્યાવરણીય વ્યવસ્થાપકો તરીકે મૂલ્યાંકન કરવા માટે મેથોડોલોજી પૂરી પાડે છે અને તપાસ દરમિયાન જે અંતર મળી આવે છે તેમને ભરવાનું કામ કરે છે.
- જે શાળાઓ અહેવાલ જમા કરાવે છે તેમને તેમના દેખાવના આધારે રેટ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. શાળાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીને આધારે ફીડબેક આપવામાં આવે છે.

૨૦૧૫માં ઓનલાઈન ઓડીટનો પ્રારંભ થયો ત્યારથી જ ઓડીટ માટે નોંધણી કરાવતા કેવીએસની સંખ્યામાં સતત અને સંતુલિત વધારો જ થયો છેઃ

- ૨૦૧૫માં ૩૨૯ શાળાઓ નોંધાઈ હતી, ૨૦૧૬માં ૭૩૬ અને ૨૦૧૭માં ૮૫૮ શાળાઓ નોંધાઈ હતી.
- સમગ્ર ભારતમાં કુલ ૫૪ શાળાઓમાંથી આશરે ૧૮ ટકા કેવીએસ હતી.
- કેવીએસ દર વર્ષે ઓછામાં ઓછો એક જીએસપી એવોર્ડ પ્રાપ્ત કરી રહી છે.
- કેવી ઓટ્ટાપાલમ અને કેવી પંગોડે શાળાઓએ 'ચેન્જ મેકર્સ'ની શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે (ભારતમાં માત્ર ૪ શાળાઓએ આ નવી શ્રેણીમાં સ્થાન મેળવ્યું છે.

ગ્રીન એવોર્ડ ૨૦૧૭-૧૮ જીતનારી આ બંને કેવીએસ શાળાઓના નોંધપાત્ર યોગદાનના અમુક અંશો નીચે મુજબ છેઃ

**કેન્દ્રીય વિદ્યાલય, આર્મી કેંટ, પંગોડે, કેરાલાઃ**

- **ગ્રીન કવરઃ** શાળાનો ૫૦% કરતા વધુ ભાગ ગ્રીન કવર હેઠળ આચ્છાદિત છે.
- **હવાઃ** શાળાની કુલ વસ્તીના ૭૧% લોકો વાહનવ્યવહારના સંતુલિત માધ્યમોનો ઉપયોગ કરે છે; ૮% લોકો બિનપ્રદૂષિત માધ્યમો જેવા કે ચાલીને અને સાયકલનો ઉપયોગ કરે છે.
- **કચરોઃ** શાળામાંથી નીકળતો કચરો તેના બાયોગેસ પ્લાન્ટ માટે બળતણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે કે જે ગેસના પૂરતા પુરવઠાની ખાતરી આપે છે. આ શાળાએ પ્લાસ્ટિક ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે.
- **પાણીઃ** શાળાના ભૂગર્ભ જળને પુનર્જીવિત કરવા માટે સાંકડી ધારાઓમાંથી વરસાદના પાણીને વહેવડાવવામાં આવે છે. તેમાંથી કેટલીક ધારાઓને સાથેના જંગલોમાં પડવાની વ્યવસ્થા કરવામાં આવે છે જેથી કરીને તે કર્મના નદી સાથે જોડાઈ શકે.

**કેન્દ્રીય વિદ્યાલય, ઓટ્ટાપાલમ, કેરાલાઃ**

- **ઊર્જાઃ** શાળાઓએ વીજળીના બિલમાં બચત નોંધી છે. સૂર્ય ઊર્જા એ વહીવટી બ્લોકમાં ઊર્જા પૂરી પાડે છે. ૫૦ કિલો કચરા સંગ્રહની ક્ષમતા ધરાવતો એક બાયોગેસ પ્લાન્ટ આશરે ૧૦ કિલો ગેસનું ઉત્પાદન કરે છે.
- **હવાઃ** શાળાની માત્ર ૧% વસ્તી ખાનગી વાહનો ઉપર આધારિત છે.
- **કચરોઃ** શાળા 'રીડ્યુસ યોર ટ્રેશ'ના સિદ્ધાંત ઉપર અમલીકરણ કરી રહી છે. પ્રાથમિક વર્ગોમાં બે કચરાપેટીની પદ્ધતિ છે. દિવસના અંતે છેલ્લા તાસમાં કચરો ભેગો કરવા માટે ૫

મિનીટનો સમયગાળો આરક્ષિત રાખવામાં આવ્યો છે.

- **જળઃ** વરસાદનું પાણી એકઠું કરવાનું એક જૂનું માળખું હતું તેને પુનર્જીવિત કરવામાં આવ્યું છે. શેડમાંથી પડતા પાણીને એક ભૂગર્ભમાં રહેલ વરસાદના પાણીનો સંગ્રહ કરતી ટાંકીમાં પહોંચાડવામાં આવે છે. સંગ્રહિત પાણીનો ઉપયોગ શાળાના શૌચાલયોમાં અને બગીચામાં પાણી આપવા તથા પોતા કરવા માટે કરવામાં આવે છે.

**'આઈજીબીસી' તમારી શાળાને હરિયાળી બનાવો સ્પર્ધાઃ**

- કેવીએસ ઈન્ડિયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સિલ દ્વારા આયોજિત સ્પર્ધામાં પણ ભાગ લે છે કે જે વિજેતાઓને ૩.૫ લાખ, ૨.૫ લાખ અને ૨.૦ લાખની રોકડ રકમ સાથે ટ્રોફી પુરસ્કાર એનાયત કરે છે.
- ૨૦૧૫માં કેવી એએફએસ બેગમપતે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.
- ૨૦૧૬ ભાગ લેનાર ૩૦૭ શાળાઓમાં કેવી સેક્ટર ૨ આરકે પુરમે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.
- ૨૦૧૭ કેવી આઈઆઈટી કાનપુર પ્રથમ આવી હતી.

**સ્વચ્છતા, સફાઈ, આરોગ્ય અને ઈકો હેલ્થનો વ્યાપક દષ્ટિકોણ જોવા માટે કેવીએસએ દૈનિક શાળાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે. કેટલીક મહત્વની પહેલો નીચે મુજબ છેઃ**

- દરેક શાળાને કચરાના નિકાલ માટે સંવેદનશીલ બનાવવામાં આવી છે. એ બાબતની ખાસ કાળજી લેવામાં આવી રહી છે કે કચરાનું પાણી શાળાના બગીચાઓ માટે પરિવર્તિત કરવામાં આવતા ખાતર બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ બાયોડીગ્રેડેશન ખાડાઓમાં નાખી દઈને શાળાના જ કેમ્પસમાં આવી છે.
- ઉપલા વર્ગના બાળકોને તેમના નીચલા ધોરણના વિદ્યાર્થીઓને પોતાના જૂના પુસ્તકો ભેટમાં આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેઓ પોતાના પુસ્તકોને એકદમ સ્વચ્છ રાખવાની આદત કેળવે છે અને તેનાથી ઘણા બધા વૃક્ષો બચી જાય છે.

| વર્ષ | ઉપલા વર્ગના બાળકોએ નીચલા વર્ગને, પુસ્તકાલયને ભેટમાં આપેલ પુસ્તકો | બચત |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨,૫૮,૩૮૫ પુસ્તકો | • અંદાજે ૫૧.૬૭૭ ટનના કાગળ<br>• અંદાજે ૮૭૪ વૃક્ષો |
| ૨૦૧૭-૧૮ | ૫,૦૪,૬૭૯ પુસ્તકો | • અંદાજે ૧૦૦.૯૩૫ ટનનાં કાગળો<br>• આશરે ૧૭૧૬ વૃક્ષો |
| • બાળકોને તેમના જન્મ દિવસ ઉપર વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.<br>• મુલાકાતીઓને પણ કૃત્રિમ ફૂલો અથવા ગુલાબદ્સ્તાઓને બદલે લીલા છોડ આપવામાં આવે છે. | | |

ઉપયોગમાં લેવામાં આવે.

- વિદ્યાર્થીઓને ભોજનનો બગાડ ન કરવા માટે સંવેદનશીલ બનાવવામાં આવે છે અને બચેલુ ભોજન ચોક્કસ નિર્ધારિત જગ્યા ઉપર જ નાખવામાં આવે છે.
- વ્યક્તિગત સ્વચ્છતા ખાસ કરીને છોકરી વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. આરોગ્ય અને સ્વચ્છતા ઉપર સત્રો પણ યોજવામાં આવે છે.
- પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવામાં આવ્યો છે અને કેટલીક શાળાઓને તો પ્લાસ્ટિક મુક્ત જાહેર કરવામાં

**વિદ્યાર્થીઓમાં સારા નાગરિકના ગુણોને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે શાળાઓમાં ઉર્જાના વપરાશની બચત કરવાની પહેલે પણ સારી એવી ગતિ પકડી છે.**

- બાળકોએ હવે લાઈટ્સ અને પંખા બંધ કરવાની આદત પાડી છે.
- પરંપરાગત ઉર્જાના સંસાધનો ઉપરની નિર્ભરતા ઘટાડીને ઉર્જાની બચત કરીને અને પર્યાવરણનું સંરક્ષણ કરીને કેવીએસ પ્રથમ તબક્કામાં દિલ્હી, બિહાર, આસામ, ત્રિપુરા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને આંધ્ર પ્રદેશમાં ૨૭૩

કેવીએસમાં સોલર પીવી સિસ્ટમ લગાવી રહી છે.

- દિલ્હીમાં ૧૨ કેવીએસમાં સોલર પેનલનું ઇન્સ્ટોલેશન પૂર્ણ કરવામાં આવ્યું છે.
- આજની તારીખમાં પરંપરાગત બલ્બો/ટ્યૂબ્સને એલઈડીની જગ્યાએ બદલવામાં આવી છે અને જુદા જુદા કેવીએસમાં ૯૪૮ સોલર લાઈટ્સ લગાવવામાં આવી છે અને આ યાત્રા હજુ યથાવત ચાલુ જ છે.

  વર્તમાન શાળાની ઈમારતોમાં વરસાદનાં પાણીનું સંવર્ધન પણ અમલમાં મુકવામાં આવ્યું છે.
- કુલ ૭૫૫ કાયમી શાળાઓમાંથી ૨૩૧ શાળાઓએ વરસાદના પાણીનાં સંવર્ધનની વ્યવસ્થા વિકસિત કરી છે અને ઈમારતના બાકીના ભાગમાં આ કામગીરી ચાલુ છે.
- નિર્માણાધીન તમામ નવી શાળાઓમાં વરસાદના પાણીના સંગ્રહની જોગવાઈ અગાઉથી જ કરવામાં આવેલી છે.

**છેલ્લા ચાર વર્ષ દરમિયાન 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત કેવીએસમાં આયોજિત કરવામાં આવેલ કેટલીક મુખ્ય પ્રવૃત્તિઓ નીચે મુજબ છેઃ**

- તમામ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને અધિકારીઓને 'સ્વચ્છતાની પ્રતિજ્ઞા' લેવડાવી
- કેમ્પસ અને આસપાસની જગ્યાની સફાઈ
- સ્વચ્છતા ઉપર પ્રેરણાદાયી ચર્ચાઓ
- સવારની સભા દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા ઉપર ચેકિંગ/ઈન્સેન્ટીવ
- શાળાના શૌચાલયો સ્વચ્છ રાખવા અને બાળકો તથા કર્મચારીઓ માટે સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની ખાતરી કરનાર એક વિશેષ ડ્રાઈવ
- શાળાઓમાં, આરઓ અને હેડક્વાર્ટરમાં 'સ્વચ્છતા પખવાડા'નું આયોજન
- પ્રાદેશિક સ્તર પર શૈક્ષણિક સત્ર ૨૦૧૬-૧૭થી શરૂ કરીને રનિંગ ટ્રોફી અને રોકડ ઇનામો સાથે 'સ્વચ્છ વિદ્યાલય એવોર્ડ' અને 'હરિત વિદ્યાલય એવોર્ડ' પણ શરૂ કરવામાં આવ્યો છે.
- સ્વચ્છતા ઉપર ક્વીઝ સ્પર્ધા
- અર્થ ડેની ઉજવણી, જળવાયું પરિવર્તનનાં કાર્યક્રમોમાં ભાગીદારી વગેરે
- પેઈન્ટીગ અને ડ્રોઈંગ સ્પર્ધા
- 'હરિત દિવાળી, સ્વચ્છ દિવાળી' અભિયાન
- ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૮થી શરૂ કરવામાં આવેલ 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં તમામ સ્તર પર બહોળી ભાગીદારી

કેવીએસ એ તંત્રમાં તેના તમામ સ્ટેકહોલ્ડર્સ માટે તેને એક ચળવળ બનાવીને સ્વચ્છતાના આંદોલનના જુસ્સાને આગળ વધારી રહી છે. તે એક સતત ચાલતો કાર્યક્રમ છે અને એક દિવસ અથવા એક અઠવાડિયા માટે શરૂ કરવામાં આવેલ અને ઉજવવામાં આવતો કોઈ ચોક્કસ કાર્યક્રમ નથી.

સમગ્ર કાર્યક્રમને વ્યવસ્થાતંત્રમાં અંદર ઉતારવામાં આવ્યો છે અને હવે તે નિયમિત આદાનપ્રદાન માટે વ્યવસ્થાતંત્રનો એક ભાગ બની ગયો છે. રચનાત્મક વર્ષો દરમિયાન બાળકોને ભાગીદારીનાં માધ્યમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના માધ્યમથી સ્વચ્છતાના જે મૂલ્યો આપવામાં આવે છે તે તેમના મન મસ્તિષ્કમાં સદા કાળ માટે અંકિત રહેશે અને તેઓ આ આંદોલનનાં સાચા રાજદૂતો તરીકે કાર્ય કરશે.





**કેવીએસમાં સ્વચ્છ શૌચાલય અભિયાનઃ દીવાલો ઉપર રચનાત્મકતાઃ કેવી એએફએસ બોરઝર, આસામ**

લેખક માનવ સંશાધન વિકાસ મંત્રાલય હેઠળની શાળાકીય શિક્ષણની સ્વાયત્ત સંસ્થા કેન્દ્રિય વિદ્યાલય સંગઠનના કમિશ્નર છે.
Email:
skmall1973@gmail.com

# ભારતીય રેલ્વેમાં સ્વચ્છતામાં સુધારા

**આલોક કુમાર તિવારી**



સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત – ૨૦૧૮ મૂલ્યાંકને રેલ્વે સ્ટેશનોની સ્વચ્છતાની દૃષ્ટિએ અભૂતપૂર્વ પ્રગતિ નોંધી છે. તે રેલ્વે અધિકારીઓ અને મુસાફરો બંનેના સંયુક્ત પ્રયાસોનું સ્પષ્ટ પરિણામ છે. તે મુસાફરોની વર્તણૂકમાં આવેલું પરિવર્તન છે કે જેણે રેલ્વેને તેના સ્વચ્છ ભારતના સપનાની વધુ નજીક જોડ્યું છે. ટ્રેનમાં મુસાફરી કરનાર કોઈપણ યાત્રી મદદ માટે તાત્કાલિક રેલ્વેના સંપર્કમાં આવી શકે છે.

રેલ્વે વાહનવ્યવહાર એ અન્ય પ્રચલિત સાધનોમાં માલસામાન અને મુસાફરોની મોટા પાયાની હેરાફેરી માટે સૌથી વધુ ચોકસાઈપૂર્ણ અને ઇકો ફ્રેન્ડલી માધ્યમ છે. ભારતીય રેલ્વે હંમેશા એવા પગલાઓ ભરવા માટે કટિબદ્ધ રહી છે કે જે મોટા પાયાની વસ્તી અને પ્રાદેશિક અસરો છતાં પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડે.

૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ, મહાત્મા ગાંધીની ૧૪૫મી જન્મ જયંતીના અવસરે ભારત સરકારે અધિકૃત રીતે ૨જી ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતનું સપનું હાંસલ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાનું આંદોલન 'સ્વચ્છ ભારત અભિયાન' શરુ કર્યું. રાષ્ટ્રીય સ્તરના આ આંદોલનના પરિણામ સ્વરૂપે રેલ્વે મંત્રાલયે સમગ્ર રેલ્વે સ્ટેશનોના પરિસર અને ટ્રેનોની સ્વચ્છતામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે 'સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત'નો પ્રારંભ કર્યો.

ભારતીય રેલ્વેમાં ૮૭૦૦ થી વધુ રેલ્વે સ્ટેશનો છે જ્યાંથી સરેરાશ પ્રતિદિન ૧૩૦૦૦થી વધુ ટ્રેનો દોડે છે. ભારે ધસારો/ભીડ, અસંયમિત ઉપયોગ, મુસાફરોની આદતોના કારણે આ સ્ટેશનો અને ટ્રેનમાં સ્વચ્છતા જાળવવી અને સુધારવી એ ભગીરથ કાર્ય છે ખાસ કરીને ટ્રેનોમાં અને મોટા સ્ટેશનો ઉપર કે જ્યાં મુસાફરો લાંબો સમય વ્યથિત કરતા હોય છે.

**"સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત" અભિયાન અંતર્ગત રેલ્વે મંત્રાલય દ્વારા પહેલોની એક શૃંખલા શરૂ કરવામાં આવી છે કે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે પરંતુ આટલા પૂરતી જ મર્યાદિત નથીઃ**

| | |
|---|---|
| ૧ | તમામ મોટા સ્ટેશનો ઉપર સ્વચ્છતાનું આઉટસોર્સિંગ |
| ૨ | મશીન સંચાલિત સફાઈ લાગુ કરવા માટે પ્લેટફોર્મનું ફ્લોરિંગ સુધારવું |
| ૩ | જુદા જુદા પ્રકારના કચરા માટે જુદી જુદી કચરા પેટીઓ પૂરી પાડવી |
| ૪ | સ્વચ્છતાની પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવા માટે સીસીટીવી લગાવવા |
| ૫ | મુસાફરોના કોચમાં બાયો ટોયલેટ લગાવવા |
| ૬ | સતત નાગરિક અભિપ્રાય પ્રાપ્ત કરવા માટે "ગ્રાહક ફરિયાદ" વેબ પોર્ટલ અને મોબાઇલ એપ્લીકેશન વિકસિત કરવી. |
| ૭ | જુદા જુદા સ્ટેશનો ઉપર પે એન્ડ યુઝ શૌચાલયો લાગુ કરવા |

| | |
|---|---|
| ૮ | નામાંકિત ટ્રેનોમાં ઓન બોર્ડ હાઉસ કીપિંગ સર્વિસ (ઓબીએચએસ), ક્લીન માય કોચ અને કોચ મિત્ર સેવાઓને અમલી બનાવવી |
| ૯ | ટ્વિટરના માધ્યમથી અત્યાર સુધીની સૌપ્રથમ નવીન પ્રકારની રીયલ ટાઈમ ૨૪x૭ પબ્લિક ગ્રીવાન્સ સીસ્ટમ અમલમાં મુકવી અને મુસાફરોને મેડીકલ, સુરક્ષા અને અન્ય આકસ્મિક સહાયતાની જોગવાઈ |

'ક્લીન ટ્રેન સ્ટેશન' (સીટીએસ) એ માર્ગમાં આવતા પસંદ કરાયેલ સ્ટેશનો ઉપર તેમના રોકાણ દરમિયાન પસાર થઈ રહેલ ટ્રેનોમાં મર્યાદિત યંત્ર સંચાલિત સ્વચ્છતા પ્રત્યેનું ધ્યાન દોરવા માટે પૂરાં પાડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં સંપૂર્ણ ભારતીય રેલ્વેની અંદર ૩૯ સીટીએસને કાર્યાન્વિત કરી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત, મુસાફરોની અંદર જાગૃતિ કેળવવા માટે ટ્રેનો અને સ્ટેશનોના સ્વચ્છતાના ધોરણોમાં મહત્વપૂર્ણ અને સંતુલિત સુધારો લાવવાના એકમાત્ર ઉદ્દેશ્યથી ભારતીય રેલ્વે દ્વારા સ્વચ્છતા ડ્રાઈવ્સ પણ શરૂ કરવામાં આવી છે.

મોટા સ્ટેશનો ઉપર સ્વચ્છતાના પ્રયત્નોની અસરોનું મૂલ્યાંકન કરવા માટે સ્વચ્છતાના માંનાંકો ઉપર ત્રીજા પક્ષ દ્વારા કરવામાં આવતો સર્વે મુખ્ય ૪૦૭ સ્ટેશનો ઉપર સમયાન્તરે કરવામાં આવી રહ્યો છે. આ સર્વે અહેવાલમાં સ્વચ્છતાના ધોરણને સુધારવા માટે લઈ શકાતા વિવિધ પગલાઓ માટેની માર્ગદર્શિકાનો સમાવેશ થાય છે.

ખુલ્લી, પારદર્શક, ન્યાયપૂર્ણ અને સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયાના માધ્યમથી સમર્થ સંસ્થાને પસંદ કરવાના માટેના તંત્રને, સર્વિસ કોન્ટ્રેક્ટ માટે પ્રક્રિયાત્મક સુધારાઓના માધ્યમથી વેગ આપવામાં આવ્યો છે. "યાંત્રિક સ્વચ્છતા સાધનો અને ગુણવત્તાયુક્ત સામાનના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે મોટા સ્ટેશનો ઉપર "ઇન્ટિગ્રેટેડ હાઉસકીપિંગ કોન્ટ્રેક્ટ" ઉભા કરવામાં આવ્યા છે.

સર્વિસ કોન્ટ્રેક્ટના અમલીકરણમાં સામે આવતી વિવિધ સંચાલક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ઝોનલ રેલ્વેને માર્ગદર્શન આપવા ભારતીય રેલ્વેની અંદર સર્વિસ કોન્ટ્રેક્ટસ માટે જનરલ કન્ડિશન્સ ઓફ કોન્ટ્રેક્ટસને સામેલ કરવામાં આવેલ છે. અગાઉ સર્વિસ કોન્ટ્રેક્ટસ પણ વર્કસ કોન્ટ્રેક્ટના જિસીસી દ્વારા સંચાલિત કરવામાં આવતા હતા. તેની અંદર સંપત્તિના નિર્માણ અને સંભાળ ઉપર વધુ ધ્યાન આપવાની જુદી જ પરિસ્થિતિ હતી અને પરિણામ સ્વરૂપે તે સર્વિસ કોન્ટ્રેક્ટના પડકારોને પહોંચી વળવા માટે અપૂરતી સાબિત થતી હતી.





**ઝાંસી સ્ટેશન પ્લેટફોર્મનું દ્રશ્ય અને પ્રવેશ માર્ગ**

સ્ટેશનો, કોચિંગ ડેપો અને ટ્રેનોની સારસંભાળ માટે જાહેર કરવામાં આવેલ નવા સ્ટેન્ડર્ડ બીડ દસ્તાવેજમાં કોન્ટ્રાક્ટરના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે 'યુઝ ઓફ ટાઈપ અને વપરાશકર્તા ચીજવસ્તુઓની સંખ્યા તેમજ મશીનરી' ઉપર ૧૦% ભાર મૂકવામાં આવ્યો છે કે જે માસિક ચૂકવણી સાથે જોડાયેલ છે.

બે પેકેટની ટેન્ડર વ્યવસ્થાને અનુસરવામાં આવે છે. લઘુત્તમ લાયકાત માપદંડ ઉપરાંત ટેક્નિકલ મૂલ્યાંકના તબક્કામાં જે બીડર્સ ઓછામાં ઓછું ૭૦% ગુણ મેળવશે તેમને જ નાણાકીય બીડ ખોલવા માટે લાયક માનવામાં આવશે. બાયોમેટ્રિક હાજરીની જોગવાઈ, વપરાશકર્તાના પ્રતિસાદ સાથે સંલગ્ન પગાર ચૂકવણી, અને લઘુત્તમ ભથ્થાની ચુકવણીની ખાતરી કરવા માટે પ્રાઈઝ વેરીયેશન ક્લોઝ એ હાઉસકીપિંગના કોન્ટ્રેક્ટને અસર કરતા માનવબળને લગતી કેટલીક સમસ્યાઓને ઉકલેવા માટેના કેટલાક મુખ્ય પગલાઓ છે.

ઝોનલ રેલ્વે દ્વારા આ સ્ટેન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટના આધારે ટેન્ડર્સની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સેવાને લગતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ફિલ્ડ અધિકારીઓનું સશક્તિકરણ કરવામાં આવ્યું છે. આમ છતાં, સ્વચ્છતા અંગે ફરિયાદો અથવા બિનસંતોષકારક કાર્યની બાબતમાં આ પ્રકારની ફરિયાદોને દૂર કરી શકાય તે માટેના પગલાઓ લેવામાં આવ્યા છે અને કોન્ટ્રેક્ટની શરતો અનુસાર કોન્ટ્રકટર ઉપર યોગ્ય દંડ મૂકવામાં આવ્યો છે.

રેલ્વે સ્ટેશનો ઉપર પે એન્ડ યુઝ શૌચાલયો સહિત વધારાના શૌચાલયો ઉભા કરવામાં આવ્યા છે. ભારતીય રેલ્વેના (રેલ્વે સંપત્તિઓ ઉપર સ્વચ્છતાની પ્રવૃત્તિઓને અસર કરતી કોઈપણ પ્રવૃત્તિઓ માટે દંડની

જોગવાઈ) કાયદાઓ ૨૦૧૨ને વધુ સખત બનાવવામાં આવ્યો છે. મોટા સ્ટેશનો ઉપર સ્વચ્છતા ઉપર દેખરેખ રાખવા માટે સીસીટીવીનો ઉપયોગ પણ વધારવામાં આવ્યો છે.

ઝોનલ રેલ્વે દ્વારા ક્રમાનુસાર અનેકવિધ રેલ્વે સ્ટેશનો ઉપર સાપ્તાહિક તીવ્ર સ્વચ્છતા ઝુંબેશને હાથ ધરવામાં આવી છે. રેલ્વે જ્યાં કાર્યરત છે તેના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા ઉપર લક્ષિંત થીમ આધારિત ઝુંબેશો પણ સમયાન્તરે ચલાવવામાં આવી રહી છે.

સેવાભાવી સંસ્થાઓ સહિત દાન આપતી સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓને સ્વચ્છતા જાગૃતિ ઝુંબેશ ચલાવવા માટે સાથે જોડવામાં આવી છે. સ્વચ્છતા અંગે રેલ્વેના ઉપયોગકર્તાઓમાં જાગૃતિ કેળવવા માટે સોશ્યલ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, જાહેર ખબરો વગેરેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.


૨૦૧૭-૧૮માં રેલ્વે દ્વારા બાયો ટોયલેટ સહીત સ્વચ્છતા અને જાહેર સ્વાસ્થ્ય માટે રૂ. ૨૫૨૨ કરોડ ખર્ચ કરવામાં આવ્યા હતા.

ભારતીય રેલ્વે દ્વારા અસરકારક ગ્રાહક એન્ગેજમેન્ટ માટે રેલ્વે મંત્રાલયના ટ્વીટર હેન્ડલના માધ્યમથી રેલમીન ઈન્ડિયા નામનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ''રેલ્વે મંત્રાલય – ભારત'' નામનું ફેસબુક પેજ અને સાથે સાથે ભારતીય રેલ્વેના તમામ વિભાગીય રેલ્વે મેનેજરો અને જનરલ મેનેજરો માટે ટ્વીટર હેન્ડલ્સ અગાઉથી જ શરૂ કરી દેવામાં આવ્યા છે.

આ મુસાફરો સાથે વાર્તાલાપ માટેનું વધુ અસરકારક તંત્ર સાબિત થયું છે જ્યાં સમસ્યાઓને તાત્કાલિક ઉકેલવામાં આવી શકે છે.

મુસાફરો હવે સોશિયલ મીડિયાની તાકાત સમજવા લાગ્યા છે અને તેમની સમસ્યાઓના તાત્કાલિક ઉકેલ માટે અને તેમના પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે દઢપણે શ્રદ્ધાપૂર્વક ટ્વીટર અને ફેસબુક તરફ વળ્યા છે. ટ્રેનમાં મુસાફરી કરતો કોઈપણ મુસાફર મદદ માટે તાત્કાલિક રેલ્વેના સંપર્કમાં આવી શકે છે.

**મુસાફરો સાથેનું આ સંવાદાત્મક તંત્ર નીચે અનુસાર કામ કરે છે:**




- અધિકારીઓ ટ્વીટ/પોસ્ટને વાંચે છે અને સંલગ્ન સત્તાધીશોને ટેગ કરી આપે છે (અર્થાત ઝોન/ડીવીઝન/રેલ્વે બોર્ડ ડાયરેક્ટરેટ).
- એક ટ્વીટ/પોસ્ટ જે તે વિભાગ સુધી પહોંચે તે પછી સંલગ્ન બ્રાંચ ઓફિસર જરૂરી મદદ/સહાયતા પૂરી પાડવા માટે તાત્કાલિક પગલાઓ લે છે અને આ રીતે મુસાફરની સમસ્યાને ઉકેલે છે.
- એકવાર સમસ્યા ઉકેલાઈ જાય પછી અધિકારી ફરિયાદનું સ્ટેટ્સ યોગ્ય રીતે અપડેટ કરે છે.
- 'કોચ અને સ્ટેશનો ઉપર સ્વચ્છતા અને આરોગ્યને' લગતી ટ્વીટ/પોસ્ટ્સને




તાત્કાલિક સ્તરે ઉપરની પદ્ધતિના માધ્યમથી ઉકેલવામાં આવે છે.

- ટ્વીટરના માધ્યમથી આ પ્રકારની ફરિયાદોને ફોરવર્ડ કરવાની સાથે સાથે મુસાફરોને અગાઉથી જ ચાલુ પદ્ધતિ ''ક્લિન માય કોચ'' (કે જ્યાં કોઈપણ વ્યક્તિ પોતાની બેઠક ઉપર સફાઈ કરાવવા માટે પોતાની ફરિયાદ નોંધાવવા માટે પોતાનો પીએનઆર નંબર ૫૮૮૮૮ ઉપર એસએમએસ

કરી શકે છે) અને હેલ્પલાઈન નંબર ૧૩૮ પણ કાર્યરત છે.

આ ઉપરાંત, એક ઓનલાઈન ફરિયાદ નિવારણ તંત્ર (સીઓએમએસ) પણ કાર્યરત છે કે જ્યાં યુઝર્સ તેમની ફરિયાદો નોંધાવી શકે છે.

ભારત સરકાર દ્વારા ૨૯.૦૯.૧૬ના રોજ ખુલ્લામાં શૌચ (ઓડી) વિરુદ્ધ જાહેર કરેલ ઝુંબેશમાં રેલ્વેએ સક્રિયતાપૂર્વક ભાગ લીધો હતો અને સહાય કરી હતી. ભારતીય રેલ્વે (આઈઆર) અને ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા સંયુકતપણે બાયો ટોયલેટ ટેકનોલોજીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સમગ્ર વિશ્વમાં રેલ્વેતંત્રની અંદર આ પ્રકારની એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી, ઓછી કિંમતની અને રોબસ્ટ ટેક્નોલોજી એ સૌથી નવીન છે.

આ સિસ્ટમમાં ઉપયોગમાં લેવાતા બેક્ટેરિયાની અસરકારકતા ડીઆરડીઓ દ્વારા સિયાચીન ગ્લેસિયર જેવા સૌથી વધુ ઉગ્ર વાતાવરણ અને પરિસ્થિતિમાં તપાસવામાં આવી છે. આ ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે એનેરોબીક બેક્ટેરિયાની કોલોની માનવીય કચરાને મુખ્યત્વે પાણી અને બાયોગેસ (મુખ્યત્વે મીથેન સીએચ૪ અને કાર્બન ડાયોક્સાઈડ સીઓટુ)માં પરિવર્તિત કરે છે. આ ગેસ વાતાવરણમાં ભળી જાય છે અને કચરાનાં પાણીને ટ્રેક ઉપર ડીસઈન્ફેકશન બાદ ફેંકી દેવામાં આવે છે.

રો હ્યુમન વેસ્ટ આ રીતે રેલ્વે રેલ્વે ટ્રેક ઉપર નહી પડ્યો રહે અને આ રીતે સ્ટેશન પરિસરો અને ટ્રેક્સ સ્વચ્છ રહેશે. બાયો ટોયલેટના દુરુપયોગને અટકાવવા માટે, 'બાયો ટોયલેટનો કઈ રીતે ઉપયોગ કરવો – શું કરવું અને શું ના કરવું' તે અંગે લોકોને શિક્ષિત કરવા માટે જાગૃતિ કાર્યક્રમો ઝોનલ રેલ્વે દ્વારા નિયમિતપણે યોજવામાં



આવે છે. જેમાં કોચના ટોયલેટમાં સ્ટીકરો લગાવીને, ઓડિયો/વિડીયો ક્લીપીંગ ચલાવીને અને મોડલ ડિસ્પ્લે વગેરે દ્વારા આ કાર્ય કરવામાં આવે છે.

આઈઆર-ડીઆરડીઓ બાયો ટોયલેટ સાથે જોડાયેલ સૌપ્રથમ ટ્રેન ગ્વાલિયર-વારાણસી બુંદેલખંડ એક્સપ્રેસને જાન્યુઆરી ૨૦૧૧માં સેવામાં કાર્યરત કરવામાં આવી હતી.



પ્રોત્સાહિત કરતા ફીડબેક મળ્યા બાદ આ બાયો ટોયલેટને સર્વિસ ટ્રાયલ માટે બીજા અન્ય કોચમાં પણ લગાવવામાં આવ્યા હતા. ૨૦૧૪થી બાયો ટોયલેટ લગાવવાની ઝડપમાં નોંધપાત્ર વધારો થયો છે અને માર્ચ ૨૦૧૯ સુધીમાં તમામ કોચિંગ ફ્લિટમાં બાયો ટોયલેટ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આઈઆર ઉપર ૨૭ વિભાગોને ગ્રીન ટ્રેન કોરીડોર તરીકે જાહેર કરવામાં આવી ચૂક્યાં છે કે જેમાં ટ્રેનમાંથી નીકળેલ કોઈ માનવીય ઘન કચરાનો નિકાલ નથી કારણ કે આ વિભાગોમાંથી પસાર થતી તમામ ટ્રેનોમાં ૧૦૦% બાયો ટોયલેટ લગાવી દેવામાં આવ્યા છે.

સ્વચ્છ અને અસરકારક ટોયલેટ પૂરાં પાડવાના ઉદ્દેશ્યથી અને ટોયલેટમાં પાણીના ઉપયોગને ઘટાડવા માટે આઈઆર એ બાયો વેક્યૂમ ટોયલેટનો પ્રયોગ કરી રહ્યા છે. તેની અંદર મુસાફર ઈન્ટરફેસની ઉપર એરક્રાફ્ટ જેવું વેક્યુમ ટોયલેટ છે અને બાયો ડાઈજેસ્ટર ટેંકને કોચની અંદર ટોયલેટ વિભાગની નીચે ફીટ કરવામાં આવે છે. બોર્ડ ઉપર જ ઘન કચરાને બાયો ટેંકમાં ડાઈજેસ્ટ કરી નાખવામાં આવે છે.

રેલ્વે સ્ટેશનો ઉપર ઈન્ટિગ્રેટેડ મીકેનાઈઝ્ડ ક્લિનીંગ પૂરી પાડવામાં આવી રહી છે, ૧૦૦૦થી વધુ ટ્રેનોમાં હાઉસકીપિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી છે, એસી કોચ મુસાફરને પૂરા પાડવામાં આવતા લીનનને ધોવાની ગુણવત્તા સુધારવા માટે મીકેનાઈઝડ લોન્ડ્રીની પણ સ્થાપના કરવામાં આવી છે.

દૃશ્યમાન પરિવર્તન લાવવા માટે ઘન કચરાનું વ્યવસ્થાપન એ બીજો એક મહત્વનો વિભાગ છે. ઘન કચરાનો નિકાલ લાવવા માટે તેને જુદા જુદા ત્રણ વિભાગોમાં વિભાજિત કરવો જરૂરી છે અને તે છે બાયો ડીગ્રેડેબલ (ભીનો કચરો), નોન બાયો ડીગ્રેડેબલ (સુકો કચરો) અને હાનિકારક કચરો.

રેલ્વે ટર્મિનલ ઉપર ઉત્પન્ન થતો મ્યુનિસિપલ ઘન કચરાનો એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી રીતે નાશ કરવા માટે રેલ્વેએ એક પાયલોટ પ્રોજકેટ શરૂ કર્યો છે જેમાં કચરાનું ઉર્જામાં રૂપાંતરણ પણ સમાવિષ્ટ છે. પાયલોટ પ્રોજેક્ટને જયપુર અને નવી દિલ્હી સ્ટેશનો ઉપર સ્થાપિત કરવામાં આવ્યા છે કે જે બાયો ડીગ્રેડેબલ કચરાને બાયો મીથેનેશન

પ્રક્રિયાના માધ્યમથી ઉર્જામાં પરિવર્તિત કરવામાં આવશે. આ પ્લાન્ટ્સમાંથી ઉત્પન્ન થયેલ ઉર્જાનો ઉપયોગ તે સ્થળ ઉપર અથવા સ્ટેશન નજીકના સ્થળો ઉપર યોગ્ય સેવાઓ માટે કરવામાં આવશે.

૨૦૧૬માં સૌપ્રથમ વાર રેલ્વે સ્ટેશનોને (એ૧ અને એ શ્રેણીના ૪૦૭ સ્ટેશનોને) સ્વતંત્ર ત્રીજી પાર્ટી એજન્સી દ્વારા સ્વચ્છતા માટે ચકાસવામાં આવ્યા હતા. આ જ સર્વેનું ૨૦૧૭ અને ૨૦૧૮માં ફરી પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. તેના જેવો જ એક સર્વે કે જે ૨૧૦ મહત્વની ટ્રેનોમાં સ્વચ્છતાના રેન્કિંગ ઉપરનો હતો તે પણ પૂર્ણ થવાના આરે છે.

સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત ૨૦૧૮ મૂલ્યાંકનએ રેલ્વે સ્ટેશનોના સ્વચ્છતા પરિદ્રશ્યમાં નોંધપાત્ર પ્રગતિ નોંધી છે. તે રેલ્વેના અધિકારીઓ અને મુસાફરોના સંયુક્ત પ્રયત્નોનું સ્પષ્ટ પરિણામ છે. તે મુસાફરોમાં આવેલ વર્તણુકનું પરિવર્તન છે કે જેણે આપણને સ્વચ્છ ભારતના સપનાની વધુ નજીક ખેંચ્યા છે.

આ વર્ષના મુલ્યાંકનની અંદર ૪૦૭ "એ૧" અને "એ" શ્રેણીના સ્ટેશનોનો સમગ્રતયા સ્વચ્છતા ક્રમ ૨૦૧૭ની સરખામણીએ ૧૭.૦૬% જેટલો સુધરી ગયો છે.

| **સફળતાની ગાથાઓ પાછળ સ્વચ્છતાની સિદ્ધિના મુખ્ય શિખરો નીચે મુજબ છે:** | |
|---|---|
| ૧) | બોટલ ક્રશિંગ મશીનના માધ્યમથી પ્લાસ્ટિક કચરામાં ઘટાડો. |
| ૨) | સેનીટરી નેપકીન વેન્ડિંગ મશીનના માધ્યમથી રેલ્વે સ્ટેશનો ઉપર વ્યક્તિગત સ્વચ્છતા. |
| ૩) | મોટા રેલ્વે સ્ટેશનો ઉપર સ્વચ્છતાનું આઉટસોર્સિંગ. |
| ૪) | શાળાઓ, એનજીઓ અને સમુદાયો દ્વારા ચલાવવામાં આવતા જાગૃતિ કાર્યક્રમો. |



નીચેના સમયપત્રક અનુસાર વંદાઓની હાજરીને દુર કરવા માટે અધિકૃત અને મંજુરી પ્રાપ્ત કરેલ સંસ્થા દ્વારા કોચનું ડીસઇન્ફેસ્ટેશન નિયમિતપણે કરવામાં આવે છે:

| | |
|---|---|
| એસી કોચ અને પેન્ટ્રી કાર માટેઃ | ૧૫ દિવસમાં એકવાર |
| આરક્ષિત નોન એસી કોચઃ | ૩૦ દિવસમાં એકવાર |
| બિનઆરક્ષિત નોન એસી કોચઃ | ૬૦ દિવસમાં એકવાર |

રેલ્વે તેના મુસાફરોને પ્રમાણિકપણે સુરક્ષિત, સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાહનવ્યવહારનું સાધન પૂરું પાડવા તરફ તેની ફરજો અને જવાબદારીઓ પ્રત્યે સચેત છે. આ કાર્યમાં વપરાશકર્તાઓની સક્રિય ભાગીદારીની જરૂર છે. ઉપલબ્ધ સુવિધાઓના દુરુપયોગ અને યોગ્ય ઉપયોગ વગેરે અંગેના અહેવાલો મળતા રહે છે. જ્યારે સારા આરોગ્ય માટેની સુવિધાઓને પુનઃજાગૃત કરવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવતા હોય છે ત્યારે તેમાં તેને કરવા માટે સારા એવા નાણા અને પ્રયત્નોની જરૂર પડતી હોય છે.

આથી રેલ્વે "સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત"ના પ્રયત્નમાં તમામ સ્ટેકહોલ્ડર્સની સક્રિય ભાગીદારી ઝંખે છે અને તેની ઉપર કામ કરી રહી છે.

લેખક રેલવે મંત્રાલય હેઠળ રેલવે બોર્ડના પ્રિન્સીપલ એક્ઝીક્યુટિવ ડિરેક્ટર (પર્યાવરણ અને હાઉસકીપીંગ મેનેજમેન્ટ) છે. તેમના ૩૪ વર્ષના કાર્યકાળ દરમિયાન તેઓ વિવિધ પ્રતિષ્ઠીત કામગીરીઓ સંભાળી ચુક્યા છે.
Email:
alok_tewari60@hotmail.com

**આગામી આકર્ષણ**

**ડિસેમ્બર-૨૦૧૮**

**DIGITAL INDIA**

**ડીજીટલ ઈન્ડિયા**

# ‘સ્વચ્છતા હી સેવા’ (સ્વચ્છતા જ સેવા)

સ્વચ્છતા હી સેવા (સ્વચ્છતા જ સેવા છે) (SHS-2018) અભિયાનના ભાગરૂપે ગત ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ શરૂ થયેલી સ્વચ્છતા અને સફાઇ પ્રવૃત્તિઓમાં સમગ્ર દેશમાં હજારો લોકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ સફાઇ ગતિવિધિઓમાં ભાગ લેનારા વિભિન્ન જૂથોને જોતાં, આ અભિયાનને સ્વચ્છતા માટે જન-આંદોલનનું અપાયેલું નામ યથાર્થ જ છે. આ અભિયાન ૨ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ સ્વચ્છ ભારત મિશન (SBM)ની ચોથી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આયોજિત કરાયું હતું.



મહેમુદાબાદ ખાતે વિદ્યાર્થીઓએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

**SHS-2018ના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે:**

- સ્વચ્છ ભારત જન આંદોલનને નવી ઊર્જા પ્રદાન કરવી
- અંતિમ તબક્કામાં SBMની પ્રગતિને વેગ આપવો
- સ્વચ્છતાએ સૌ કોઇની જવાબદારી, ફરજ અને કાર્ય છે તે લાગણીને મજબૂત બનાવવી.

આ પખવાડિયા દરમિયાન ૨૦ કરોડ જેટલા લોકોને સ્વચ્છતા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતાં. અહેવાલો સંકેત આપે છે કે ખૂબ જ મોટી સંખ્યામાં NGO, સ્કૂલો, કોલેજો, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નેતાઓ, કોર્પોરેટ્સ, સરકારી અધિકારીઓ, જિલ્લા કલેક્ટર, અને સરપંચોએ આ અભિયાન જેમાં – જાહેર સ્થળોની સફાઇ, ઘન કચરાને એકત્ર કરીને તેને અલગ તારવવો અને અન્ય વેસ્ટ મેનેજમેન્ટ પ્રવૃત્તિઓ. ઘેર-ઘેર જઇને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવી, નુક્કડ નાટક અને લોકગીતો મારફત IEC પ્રત્યે જાગૃતિ ફેલાવવી, સ્વચ્છતા રેલીઓ કાઢવી, દિવાલ પર સ્વચ્છતા સંબંધિત સંદેશનું પેઇન્ટિંગ, શૌચાલય નિર્માણ અને, શૌચાયલના ટ્વીન પિટને ખાલી કરવા તેમજ કમ્પોઝિટ પીટ્સ જેવી શ્રમદાનની ગતિવિધિઓ કરી હતી.

તેલંગાણાના મહેમુદાબાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના તમામ હોદ્દેદારો અને કર્મચારીઓ દ્વારા શ્રમદાન કરવામાં આવ્યુ હતું. જિલ્લા તંત્રે સ્વચ્છતા હી સેવા અને ઓટો પર IEC પોસ્ટર્સ ચોંટાડીને જાગૃતિ કાર્યક્રમો કર્યા હતા, ત્યારે જ સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા શપથ લીધા હતા અને તેઓ આરોગ્ય અને સ્વચ્છતા ગતિવિધિઓમાં ભાગ લીધો હતો.



મદુરાઈમાં વિદ્યાર્થીઓ

વધુ દક્ષિણે તમિલનાડુના મદુરાઈના પૂર્વ બ્લોકમાં, સરકારી ઓથાકડાઇ પ્રાથમિક સ્કૂલ દ્વારા સ્વચ્છતા શપથ લેવામાં આવ્યા હતા, જે શપથ તેમને પ્રેરક સેલ્વી દ્વારા અપાવાયા હતા, ત્યારબાદ બાળકો દ્વારા સ્કૂલમાં તેમના વર્ગખંડો અને તેમની સ્કૂલની તમામ જગ્યાઓમાં સાફ-સફાઇ કરવામાં આવી હતી અને આ સુનિશ્ચિત કરાયુ હતું કે તમામ વર્ગખંડમાં એક કચરાપેટી હોય. વિદ્યાર્થીઓના મેળાવડા દરમિયાન તેમને પ્રેરિત કરાયા હતા કે તેઓ સ્વચ્છ ગણવેશ પહેરે અને ભોજન વિરામ સમયે તેઓ પહેલા કતારમાં ઊભા રહીને હાથ ધુવે અને તે બાદ જ ભોજન કરે. પ્રત્યેક શૌચાલયમાં સાબુ અને ટોવેલ રાખવામાં આવ્યાં હતા.દરમિયાન થુઇમાકી કવાલર્સ (સ્વચ્છતા સેનાનીઓ), તબીબી વ્યવસાયિકો અને સામાન્ય જનતા સૌએ સાથે મળીને મદુરાઇ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા શપથ લીધા હતા. થુથુકડીમાં જિલ્લા કલેક્ટર દ્વારા SHS-18 અભિયાનના લોન્ચ પ્રસંગે થુઇમાઇ રથમને ઝંડી બતાવવામાં આવી હતી અદ્દજ સાથે જ હસ્તાક્ષર અભિયાન પણ શરૂ કરાયુ હતું.



લેહ ખાતે એનસીસીના કેડેટ્સ

જમ્મુ-કાશ્મીરમાં ૧૫ સપ્ટેમ્બરના રોજ રાજ્યપાલ સત્યપાલ મલિકે રાજ્યને ખુલ્લામાં કુદરતી હાજત જવાથી મુક્ત (ODF) જાહેર કર્યુ હતું અને સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે યુવાન વર્ગને જોડવા અને તેમને સ્વચ્છતાં સંબંધિત તેમના વિચારો રજૂ કરવા માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત જમ્મુ-કાશ્મીરના ગંદરબાલ જિલ્લાના મંસાબલ સરોવરની પણ સફાઇ કરવામાં આવી હતી. દરમિયાન NABARD સાથે મળીને જમ્મુ-કાશ્મીર

ગ્રામીણ બેન્કના નાણાકીય સમાવેશ અને વીમા વિભાગ દ્વારા રાજયના જમ્મુ, રાજૌરી, પુંછ, કઠુઆ, સાંબા, બાંદીપોરા, બારામુલા અને કુપવાડા જિલ્લામાં વિભિન્ન ગામોમાં ૫૬ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ આયોજિત કરાયા હતા.




મણીપુર ખાતે વિદ્યાર્થીઓ

અરુણાચલ પ્રદેશમાં મુખ્યમંત્રી પેમા ખાંડૂએ તવાંગ સ્થિત બુદ્ધ પાર્ક ખાતે એક કાર્યક્રમમાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો પ્રારંભ કર્યો હતો. બીજી બાજું પશ્ચિમ સિયાંગ જિલ્લાના સરકારી અધિકારીઓએ સ્વચ્છતા હી સેવા અભિયાનના બીજા દિવસે શ્રમદાન કર્યુ હતું. મણીપુરના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લા સ્થિત સેવિયો ઈંગ્લિશ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે PHED અને મેડિલેનના તબીબો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની ટીમે આરોગ્ય અને સ્વચ્છતા મુદ્દે એક મોબાઈલ જાગૃતિ કાર્યક્રમનું નેતૃત્વ કર્યુ હતું. લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જે બાદ તેમને હાથ ધોવાની સાચી રીતનું નિર્દેશ કરાયુ હતું. મણિપુરના બિશનુપુરની જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિએ ૧૭ સપ્ટેમ્બરના રોજ પાટનગર ઈમ્ફાલની નજીક પંચાયત સંસાધન કેન્દ્ર ખાતે સ્વચ્છતા હી સેવા (SHS) કાર્યક્રમનુ આયોજન કર્યુ હતું.

મેઘાલયના દક્ષિણ-પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લાના નાયબ કમિશનરે ૧૭ સપ્ટેમ્બરના રોજ સ્વચ્છતા હી સેવા અને સ્વચ્છતા શ્રમદાન કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. તે બાદ માવકિરવાતના લેઈતલોસાંગ વિસ્તારમાં રસ્તાની આજુબાજુ સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. દરમિયાન સ્વચ્છતા હી સેવા, રન ફોર ક્લિન એન્ડ ગ્રીન વિલેજ દોડનું દક્ષિણ –પશ્ચિમ ગારો હિલ્સ વિસ્તારમાં જિલ્લા સ્પોર્ટ્સ કાર્યાલય અને તુરા રનર્સ ક્લબ દ્વારા અંપાતી ખાતે ૨૨ સપ્ટેબરના રોજ આયોજિત કરાઈ હતી. આ કાર્યક્રમ બે શ્રેણીમાં કરાયો હતો- એક હાફ મેરેથોન અને વિશેષ દોડ. વધુમાં એક પખવાડિયા સુધી ચાલેલા આ કાર્યક્રમમાં તમામ બજારોમાં સ્વચ્છતા, સફાઈ, આરોગ્ય, શૌચાલય નિર્માણ અને વેસ્ટ મેનેજમેન્ટ અને સામુહિક સફાઇ મુદ્દે જાગૃતિ માટે શેરી નાટકો ભજવવામાં આવ્યાં હતા.

આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે કામરુપ જિલ્લાના બોકો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન, ૨૦૧૮નો પ્રારંભ કરતા અને પીવાના પાણી માટેની પાઈપલાઈનનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે, આ અભિયાન એ માત્ર સરકારી કાર્યક્રમ નથી પણ તે દેશની જનતા દ્વારા જેને હૃદયથી સ્વીકાર કરાયો છે તેવી સામૂહિક ચળવળ બની ગયો છે.


ઉત્તર પ્રદેશમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

પંજાબના દોરંગાલા બ્લોકની સરકારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને ખુલ્લામાં કુદરતી હાજતે જવાને કારણે આરોગ્ય પર પડતી આડઅસર તેમજ ઘર અને સ્કૂલમાં સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે ધ્યાન રાખવાની જરૂરિયાત અંગે જાણકારી આપીને તેમને સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કરવામાં આવ્યા હતા. તેઓને સ્વચ્છ પાણી પીવાની અને પ્લાસ્ટિક અને થર્મોકોલની વસ્તુઓનો ઉપયોગ ટાળવાની સલાહ આપવામાં આવી હતી. અન્ય શપથ સમારંભો એસબીએસ નાગર જિલ્લાની ખાલસા કોલેજમાં પણ આયોજિત કરાયો હતો.


જમ્મુ-કાશ્મીરમાં દાલ સરોવરની સફાઇ

**અન્ય હાઈલાઈટ્સ :**

- હરિયાણાના રેવાડી જિલ્લામાં સ્કૂલના વિદ્યાર્થીઓ SBMનો અવાજ બની રહ્યાં છે, તેઓએ સ્વચ્છતા અને આરોગ્ય તકેદારી મુદ્દે એકજૂથ થઇ રહ્યા છે અને લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરી રહ્યાં છે.
- ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લા ખાતે સમુદાયોએ એકજૂથ થઈને સ્વચ્છતા ગતિવિધિઓ અંજામ આપવાની સાથે સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.
- મહારાષ્ટ્રના સોલાપુર ખાતે ટોઈલેટ્સના ખાડા ખાલી કરવાની કામગીરી કરવામાં આવી હતી.
- ઝારખંડના રાંચી ખાતે વિભિન્ન સ્વચ્છતા ગતિવિધિઓને સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો.
- બિહારના મધેપુર જિલ્લામાં લોકો શ્રમદાન માટે આગળ આવ્યાં હતા.
- આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના મોટી સંખ્યામાં રહેલા સ્વયંસેવકોએ દેશભરમાં વિભિન્ન સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું.

**Yojana (Gujarati)**
*A Development Monthly*
**Publications Division**
Ministry of Information & Broadcasting,
Government of India

**Subscription Form**

**Our New Address:**
Editor, Yojana Office, Publications Division, Min. of I&B, Govt of India,
C/O Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Bhadra, Mother Teresa Road,
Near CNI Church, Opp. Victoria Garden. Ahmedabad-380001. Gujarat.

E-mail:**yojanagujarati@gmail.com** | Phone: 079 – 26588669.
(for subscription queries: Monday to Friday: 2 PM to 4 PM)

Kindly send this subscription form with DD / Cheque in favour of
**"SBI A/c No. 515-08-10 Yojana (Guj.)"** to our office address, or may pay by cash in person.

[For New Subscription / Renewal / Change of Address] (Pls tick one)

I want to subscribe Yojana (Guj) for (select any one):
1 Yr : □ 230. / 2 Yrs : □ 430. / 3 Yrs : □ 610.

| | |
|---|---|
| **New subscriber / Existing subscriber number:** | |
| **Subscriber's profile :** Student / Professional / Institution / Library / Other | |
| **DD No. / Cheque No:** | |
| **Dated:** | |
| **Name of Bank:** | |
| **Branch, City:** | |
| **Full Name (in block letters) :** | |
| **Complete Address** (House no/ flat no/ office name, room no, floor no, society, building, lane, road, area, **landmarks**, detailed address is MUST): | |
| **Pin code :** | |
| **Email ID (Compulsory):** | |
| **Mobile / Phone No. :** | |
| **Signature:** | **Place:** |

For renewal / change in address, kindly fill this form and mail to "yojanagujarati@gmail.com"

For online subscription: (1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana , (2) http://yojana.gov.in/ (3)http://publicationsdivision.nic.in/Subscription.aspx

For Yojana in **English / Hindi** / other language, please contact Editor, Journals Unit, **New Delhi Office**: pdjucir@gmail.com [Phone: (011) 24367453 – Mon to Fri 11 AM to 5 PM

# મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદના સમાપન સમારંભને પ્રધાનમંત્રીનું સંબોધન




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદ (MGISC)માં હાજરી આપી હતી. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટેર્રેસ, વિદેશ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી સુષમા સ્વરાજ, પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી, કોમ્યુનિકેશન (I/C) અને રેલ્વે મંત્રાલયોના રાજ્યકક્ષાના મંત્રી મનોજ સિંહા, મકાનો અને શહેરી બાબતો (I/C)ના રાજ્યકક્ષાના મંત્રી હરદીપ સિંહ પુરી અને પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી રમેશ ચંદપ્પા જિગાજિનાગી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદના ચોથા દિવસે બીજી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ સમાપન સમારંભને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીની પ્રેરણાથી કેન્દ્ર સરકારે સ્વચ્છ ભારત મિશન શરૂ કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે મહાત્મા ગાંધીની પ્રેરણાથી ભારતીયોએ સ્વચ્છ ભારત મિશનને વિશ્વમાં લોકોની સૌથી મોટી ચળવળ બનાવી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૧૪માં ગ્રામીણ સ્તરે સ્વચ્છતા માત્ર ૩૮% હતી, જે આજે ૯૪%ના સ્તરે પહોંચી ગઈ છે. ૫ લાખથી વધુ ગામડા હવે ખુલ્લામાં શૌચથી મુક્ત થઈ ગયા છે,' તેમ તેમણે ઉમેર્યું હતું.

એમજીઆઈએસસી ૪ દિવસની આંતરરાષ્ટ્રીય પરિષદ હતી, જેમાં સમગ્ર વિશ્વમાંથી સ્વચ્છતા મંત્રીઓ અને વોશ (વોટર, સેનિટેશન અને હાઈજિન)માં અન્ય અગ્રણીઓ એક છત હેઠળ આવ્યા છે.

વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટેર્રેસ સાથે ડિજિટલ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. મંચ પરથી મહાનુભાવોએ મહાત્મા ગાંધી પર સ્મારક ટપાલનું અનાવરણ કર્યું હતું અને મહાત્મા ગાંધીની પ્રિય ધૂન 'વૈષ્ણવ જન તો...' પર આધારિત એક સીડી પણ રજૂ કરી હતી. આ પ્રસંગે સ્વચ્છ ભારત ઍવોર્ડ્સ પણ એનાયત કરવામાં આવ્યા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટેર્રેસ સાથે બીજી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા પરિષદ (MGISC) દ્વારા મીની ડિજિટલ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.

પ્રકાશન તા. ૨૫ ઑક્ટોબર, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ નવેમ્બર, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), November 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, C/o પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો,
બીજો માળ, અખંડાનંદ હોલ, ભદ્ર,
મધર ટેરેસા રોડ, સીએનઆઈ ચર્ચની નજીક,
વિક્ટોરીયા ગાર્ડનની સામે, અમદાવાદ-૩૮૦૦૦૧. ગુજરાત.

## પુસ્તક "સ્વચ્છ જંગલની કહાણી : દાદીમાની જબાની" - ભાગ ૧ થી ૪ ₹ ૧૨૦ માં ઉપલબ્ધ છે



## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | ૧૩ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૨ | સી. એફ. એન્ડ્ર્યુઝ | ૧૫૦.૦૦ | ૧૪ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૩ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ | ૧૫ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૪ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | ૧૬ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૫ | ઠક્કરબાપા | ૮૦.૦૦ | ૧૭ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૬ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | ૧૮ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૭ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | ૧૯ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૮ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | ૨૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૯ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | ૨૧ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૧૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | ૨૨ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૧૧ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ | ૨૩ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૧૨ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ | ૨૪ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Editor, Yojana Office, Publications Division, Min. of I&B, Govt of India, C/O Press Information Bureau, 2nd Floor, Akhandanand Hall, Bhadra, Mother Teresa Road, Near CNI Church, Opp. Victoria Garden. Ahmedabad-380001. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.